Saturday 21, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની થ્રીડીની મુલાકાત શરૂ : આજે દાનહ જશે

## ઉપરાષ્ટ્રપતિએ જમ્પોરમાં પક્ષીઘરનું ઉદ્દઘાટન કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૦ :** ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસે છે. શુક્રવારે કોસ્ટગાર્ડ એરપોર્ટ પર રાજ્યના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા ઉપપ્રમુખ જગદીપ ધનખડનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે પણ ઉપપ્રમુખનું સ્વાગત કર્યું હતું. એરપોર્ટથી મોટી દમણ જમ્પોર બીચ પાસે પક્ષીઘરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પહેલા મધર ટ્રીના નામથી અભિયાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રશાસક પ્રફુલ્લ પટેલ, સાંસદ ઉમેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જાગૃતિ પટેલ, પાલિકા પ્રમુખ અસ્પી દમણિયા પણ ઉપસ્થિત રહ્યા હતાં. બર્ડહાઉસમાં પક્ષીઓ વધુ ઉડી શકે છે. પ્રવાસીઓ પક્ષીઓને નજીકથી જોઈ શકે છે અને તેમના હાથ પર પકડીને ફોટોગ્રાફ લઈ શકે છે. પક્ષીઘરમાં ઉપપ્રમુખ જગદીશ ધનખડના હાથ પર પક્ષીઓ બેઠા હતાં. આ પછી જુપ્રિમો વેલનેસ સેન્ટરની મુલાકાત લીધી હતી. બપોરે એન્જીનીયરીંગ અને NIFT કોલેજમાં ત્યાંના વિદ્યાર્થીઓ સાથે ઔપચારિક વાત કરી ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ સરકારી શાળામાં પહોંચ્યા હતાં જ્યાં તેઓ વિદ્યાર્થીઓને મળ્યા હતાં. નજીકના સોમનાથ પંચાયત ભવન ખાતે ત્યાં સરપંચો અને જિલ્લા પંચાયતના સભ્યોને મળ્યા હતાં. આ પછી નમો પથની મુલાકાત લીધી હતી.



### દમણના જનપ્રતિનિધિઓને ઉપરાષ્ટ્રપતિનું દીલ્હી આમંત્રણ



દમણના સરપંચ અને જિલ્લા પંચાયતના સભ્યો સાથે મુલાકાત કરી પંચાયત અને મહિલા સશક્તિકરણની વાત હતી. ઉપરાષ્ટ્રપતિ પ્રભાવિત થયા અને તેમને જૂની અને નવી સંસદની ઈમારતોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. દમણના સરપંચ અને સભ્યોએ તેને ગૌરવનો દિવસ ગણાવ્યો હતો.

### સાંસદ ઉમેશ પટેલ ભાવુક થઈ ગયા

પક્ષીઘર પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન માટે મધર ટ્રીના નામે તકતી બનાવવામાં આવી હતી. તેમાં સાંસદ ઉમેશ પટેલના નામની સાથે તેમની માતા લક્ષ્મીબેનનું નામ લખવામાં આવ્યું હતું. આ જોઈને સાંસદ ભાવુક થઈ ગયા હતાં. વૃક્ષારોપણના ફોટોની સાથે તેણે પોતાના સોશિયલ મીડિયા પર લખ્યું, આજે મારા જીવનમાં પહેલીવાર, મેં મારી નેમ પ્લેટ પર મારી માતાનું નામ લખ્યું, આ જોઈને મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયા.

મારા નામની સાથે હંમેશા મારા પિતાનું નામ લખવામાં આવે છે, પરંતુ પહેલીવાર મારી માતાનું નામ લખવામાં આવ્યું હતું.



## આજે VTA કેન્દ્રીય આરોગ્ય મંત્રીને આવેદન પત્ર આપશે

### હાઈવેના ટોલ ટેક્ષના વિરોધમાં ટ્રાન્સપોર્ટરો આકરા પાણીએ : સાંસદ ધવલભાઈ પટેલ અને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈને પણ ટ્રાન્સપોર્ટરોની હાલાકી અંગે રજૂઆત કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૦ :** નેશનલ હાઈવે પરના ટોલ ટેક્ષ નાબૂદ કરવાની માંગ તેમજ ભાવ વધારો પાછો ખેંચવા આજે વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અગ્રણીઓ કેન્દ્રના હેલ્થ મિનિસ્ટર મનસુખભાઈ માંડવીયા અને રાજ્યના નાણાંમંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તથા સાંસદ ધવલભાઈ પટેલને આવેદનપત્ર આપી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માંગ કરશે.

પ્રાપ્ત વિગત મુજબ હાઈવે પરના ટોલ ટેક્ષ નાબૂદ કરવાની તેમજ ટ્રાન્સપોર્ટરોને ટોલટેક્સમાં વધારો ચૂકવવા માટે તા.૨૦-૯-૨૦૨૪ ને બદલે તા.૨૨-૯-૨૦૨૪ના રોજથી અમલમાં આવનાર હોવાથી નેશનલ હાઈવે ઓથોરિટીની આ ભાવ વધારાની નીતિને રોકવા માટે આજે વલસાડ, વાપી આવી રહેલા કેન્દ્રના હેલ્થ મિનિસ્ટર મનસુખભાઈ માંડવીયા તેમજ સ્થાનિક ધારાસભ્ય અને રાજ્યના નાણાં-ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ સ્થાનિક સાંસદ ધવલભાઈ પટેલને વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ પટેલની આગેવાનીમાં એક આવેદનપત્ર આપી ટોલટેક્સ વધારો પાછો ખેંચવાની માંગ કરશે તેમજ હાલમાં નેશનલ હાઈવે રોડ ઉપર પડેલા શાળાઓ તેમજ ખરાબ થયેલા રસ્તાને તાત્કાલિક રીપેર નહીં કરવામાં આવતા ટ્રાન્સપોર્ટ વાહનને તેમજ ખાનગી વાહનને ભારે નુકસાન થઈ રહ્યું છે જેને લઈ તાત્કાલિક રસ્તાઓ રિપેર કરવામાં આવે તેવી રજૂઆત વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશનના હોદ્દેદારો કરશે. તેમજ આજે ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ ઠક્કર દ્વારા જણાવાયું હતું અને જો આ માંગ તેઓની પૂર્ણ કરવામાં ન આવશે તો તેઓ રસ્તા રોકો આંદોલન પણ કરશે તેવી ચીમકી આપવામાં આવી રહી છે.


## આજે ઉપરાષ્ટ્રપતિ દાનહમાં સ્પોર્ટ્સ ફેસિલિટીનું ઉદ્દઘાટન કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૦ :** આજે દાનહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પધારશે. ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ દાનહની મુલાકત લઈ રહ્યા છે. આ મુલાકાત દરમિયાન ઉપરાષ્ટ્રપતિ વિવિધ સ્થળોની મુલાકાત લેશે. ઉપરાષ્ટ્રપતિની દાનહ મુલાકાત દરમિયાન સાયલી ખાતે હેલિકોપ્ટર દ્વારા ઉતરશે. ત્યારબાદ નમો મેડિકલ કોલેજની મુલાકાત લેશે. ત્યાંથી યાત્રીનિવાસ હોટેલ પાસે બનેલ સ્પોર્ટ્સ ફેસિલિટીનું ઉદ્દઘાટન કરશે. ત્યાંથી ડોકમરડી અબ્દુલ કલામ કોલેજના ઓડિટોરિયમમાં પબ્લિક મિટિંગમાં હાજરી આપશે. ત્યાંથી ફરીથી સાયલી હેલીપેડ જઈ રવાના થશે. ઉપરાષ્ટ્રપતિની મુલાકાતને પગલે દાનહમાં સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરવામાં આવ્યો છે.

## પારડી સ્વાધ્યાય મંડળ દ્વારા ૪ વેદોના ૧૦ ગ્રંથોનું દિલ્હીમાં વિમોચન

### લાખો રૂપિયાના ખર્ચ સાથે ૮૦૦૦ પૃષ્ઠોમાં પથરાયેલી ૪ વેદોની ૧૦ ગ્રંથોની શ્રેણી માટે ૨૦૧૯થી કાર્ય થઈ રહ્યું હતું





(વિકાસ ઉપાધ્યાય દ્વારા)

**વાપી, તા.૨૦ :** પારડીમાં બ્રહ્મર્ષિ પદ્મભૂષણ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરજી દ્વારા ઈ.સ. ૧૯૧૮માં સ્થાપિત સ્વાધ્યાય મંડળ વૈદિક અનુસંધાન સંસ્થાના ઉપક્રમે આજદિન સુધીમાં વેદ ઉપનિષદો મહાભારત અને અન્ય વૈદિક પૌરાણિક સાહિત્યનું ગુજરાતી અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષામાં સેંકડો પુસ્તકોનું પ્રકાશન થઈ ચૂક્યું છે. સ્વાધ્યાય મંડળ દ્વારા પ્રકાશિત પુસ્તકો વૈદિક સાહિત્ય સંદર્ભમાં આધારભૂત અને પ્રમાણભૂત ગ્રંથો ગણાતા હોવાથી એની દેશ વિદેશમાં અનોખી પ્રતિષ્ઠા છે તેમાં પણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એમ ચારેય વેદો અંગેના પ્રકાશનોની માંગ રહેતી હોય છે હવે આ ગ્રંથોના હિન્દી ભાષ્યના આ વેદ ગ્રંથોની ત્રીજી આવૃત્તિની શ્રેણીનું દિલ્હીમાં ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં તા.૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક ડો. મોહન ભાગવતજીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. પં. સાતવળેકરજીએ ચારેય વેદોનું ભાષ્ય, સુબોધ અને મૂળ વેદ મંત્રોને પ્રમાણિક રીતે અને વિશિષ્ટ રીતે ૧૦ ખંડોમાં રજૂ કર્યા છે. ૮૦૦૦ પૃષ્ઠોમાં પથરાયેલા આ ભાષ્ય ગ્રંથો જનતાને અને વેદ પ્રેમી લોકોને પુનઃ ઉપલબ્ધ થઈ રહ્યા છે. આ પ્રસંગે આરએસએસના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ જણાવ્યું હતું કે, હવે સનાતન ધર્મના ઉદયનો સમય આવ્યો છે. આ ગ્રંથોનું પુનઃ પ્રકાશન પણ એનો જ સંકેત આપે છે. તેમણે વેદોને ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાનનો ભંડાર ગણાવ્યા હતાં અને ઋષિઓએ વિશ્વકલ્યાણ માટે વેદોની રચના કરી હતી એમ જણાવી વેદ અને ભારત બંને એક જ છે એમ ઉમેર્યુ હતું. દિલ્હીમાં યોજાયેલા આ વિમોચન સમારોહમાં પારડી સ્વાધ્યાય મંડળમાંથી રાજેશભાઈ રાણા, ડો. પ્રતાપભાઈ ઠોસર, મેહુલભાઈ પુરોહિત, અક્ષયાનંદજી ઉપરાંત ગ્રંથોના પ્રકાશન સાથે સંકળાયેલા મહેશભાઈ કાકરીયા, કલ્પેશભાઈ ધાનાણી અને ડિઝાઈનર રામ કસ્તુરે મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે દિલ્હીનાં શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના વેદ વિભાગના આચાર્ય પ્રો. ગોપાલ પ્રસાદ શર્માને સ્વાધ્યાય મંડળ પારડી તરફથી તેમના પ્રદાન માટે પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે છેક ઈ.સ. ૨૦૧૯થી સ્વાધ્યાય મંડળના સંચાલકો આ મેગા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતાં અને લાખો રૂપિયાના ખર્ચે સાકાર થયેલાં આ ચારેય વેદોના ૧૦ ભાગોના પુનઃ પ્રકાશનની તૈયારી ચાલી રહી હતી. આ સમગ્ર પ્રોજેક્ટ માટે દિલ્હીની લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં ૧૯ તજજ્ઞોની ઉપસ્થિતિમાં નિર્ણય લેવાયો હતો. પં. સતાવળેકરજી લેખિત અપૌરુષેય ગણાતા ચારેય વેદોના આ ખંડોના પુનઃ પ્રકાશનથી પ્રમાણભૂત વેદ ગ્રંથોનું ભાષ્ય સ્વાધ્યાય મંડળ તરફથી આ પ્રસંગે રાહત દરે ઉપલબ્ધ કરાવવાનું પણ આયોજન જાહેર કરાયું છે. ચારેય વેદોના ૧૦ ગ્રંથોની સરેરાશ કિંમત રૂા.૨૫,૦૦૦ જેટલી થવા જાય છે. પરંતુ ગ્રંથોના વિમોચન પ્રસંગે એ ખરીદનારને રૂા. ૧૫,૦૦૦માં પ્રાપ્ત થાય એવું જાહેર કરાયું છે. આ માટે સ્વાધ્યાય મંડળના રાજેશભાઈ રાણા, પાર્થ ભટ્ટ કે મનહરભાઈ ભંડારીનો સંપર્ક કરવા જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વેદો પર ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષામાં લખનારા કે એનો અનુવાદ કરનારા બ્રહ્મર્ષિ પં. સાતવળેકરજી સમગ્ર દેશમાં સૌપ્રથમ વ્યક્તિ હતાં. હાલમાં થોડા સમય પહેલા જ પંડિતજી લિખિત શ્રીમદ્ ભગવત ગીતા અંગેના વિશ્વવિખ્યાત પુસ્તક પુરુષાર્થ પ્રબોધિનીનું પણ વિમોચન કરાયું હતું. પંડિતજીનો આ મહત્વપૂર્ણ ગ્રંથ ગુજરાતી, અંગ્રેજી, મરાઠી અને હિન્દી ભાષામાં પણ ઉપલબ્ધ છે. સ્વાધ્યાય મંડળ દ્વારા અત્યાર સુધીમાં સંસ્કૃતમાં ૭૮૬, હિન્દીમાં ૩૪૭, મરાઠીમાં ૧૫૮, ગુજરાતીમાં ૬૮૭ અને અંગ્રેજીમાં ૪૨૦ નાના મોટા પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

## વલસાડ પાલિકા વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



**વલસાડ, તા. ૨૦ :** રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારી સેવાનો લાભ એક જ છત નીચે અને એક જ દિવસે મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમની મિશન મોડ પર શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત તા. ૧૯ ઓક્ટોબરના રોજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે વલસાડ પ્રાંત અધિકારી આસ્થા ગોહિલ અને નગરપાલિકા ચીફ ઓફિસર દશરથસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં યોજાયેલા વલસાડ નગરપાલિકા વિસ્તારના ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સરકારી સેવાઓનો અનેક લોકોએ લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૬૦૨ લોકો હાજર રહ્યા હતા. વિવિધ સેવાઓ માટે ૧૩ વિભાગોના સ્ટોલ મુકવામાં આવ્યા હતા અને ૩૯ જેટલા કર્મચારી/અધિકારીઓ ઉપસ્થિત રહી સેવા પુરી પાડી હતી. કાર્યક્રમમાં ૪૭૯ જેટલી વિવિધ રજૂઆતો મળી હતી જે તમામ રજૂઆતોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

સેવા સેતુ કાર્યક્રમમાં રાશન ધારકોની e-KYCની ૧૦૩, જન્મ-મરણ પ્રમાણપત્રની ૭૪, હેલ્થ વેલનેસ કાર્ડની ૫૬, આધાર કાર્ડ અપડેશનની ૪૯, આવકના દાખલાની ૪૨, પ્રોપર્ટી ટેક્સની ૨૯, રાશન કાર્ડ નામ દાખલ-કમી કરવાની ૪૯, રાશનકાર્ડ અપડેશન ૧૨, નવા ઘરેલું વીજ જોડાણ ૧૨, પીએમ સ્વનિધિ ૧૦, પી.એમ.જે.મા (અરજી)ની ૮, તેમજ બસ પાસ, આધાર નોંધણી, વ્યવસાય વેરો, ગુમાસ્તાધારા, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, વિધવા સહાય, નોના ક્રીમિલેયર પ્રમાણપત્ર, વૃદ્ધ પેન્શન, નમોશ્રી યોજના, ઉંમરનો દાખલો અને વારસાઈ અરજીની ૩૫ અરજીઓ મળી કુલ ૪૭૯ રજૂઆતો થઈ હતી. આ તમામ રજૂઆતોનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

## ડાંગમાં ૩૦ માર્ગો માટે મંજુરી

**આહવા, તા.૨૦:** ડાંગ જેવા દુર્ગમ પ્રદેશમા ગ્રામીણ પ્રજાજનોની સુખાકારી માટે સતત ચિંતિત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, જુદા જુદા ૩૦ જેટલા અંતરિયાળ માર્ગો માટે જોબ નંબર ફાળવાયા છે.

ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લાના ગ્રામ્ય પ્રજાજનોની લાગણી અને માંગણીનો સ્વીકાર કરતા રાજ્ય સરકારે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના- ૨૦૨૪/૨૫ માટે કુલ રૂ.૩૫૨૩ લાખના ખર્ચે ૮૩.૨૪ કિલોમીટરના ૩૦ માર્ગો મંજૂર કર્યા છે. આ માર્ગોનું રિસરફેસિંગ તથા મજબૂતિકરણ અને સ્ટ્રક્ચરની કામગીરી થતા વાહન માલિકોને મોટી રાહત મળી રહેશે.

### ઉમરગામ તાલુકા પંચાયત ની સામાન્ય સભામાં યોજાઈ

## જનપ્રતિનિધિઓને વિકાસ કાર્યોના આયોજન પર ધ્યાન રાખવા પાટકરની તાકીદ

### ઉમરગામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં મકાનોની આકારણી માટે જરૂરી પ્રમાણપત્રોના આગ્રહ બાબતે નિયમસર કાર્યવાહીનો નિર્ણય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ તાલુકા પંચાયત સભાખંડમાં પ્રમુખ લલીતાબેનના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાનું સંચાલન તાલુકા વિકાસ અધિકારી ચંદ્રકાન્તસિંહ પઢીયારએ કર્યો હતો. આમંત્રિત મહેમાન તરીકે ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં મંજુર થયેલા વિકાસ કામો પ્રગતિ હેઠળના વિકાસ કામો પડતર અરજીઓના નિકાલ સહિત મહત્વના મુદ્દાઓ ચર્ચામાં લેવાયા હતાં. કારોબારી અધ્યક્ષ મહેશભાઈ આહીરે ઉમરગામ તાલુકા પંચાયતની તાબા હેઠળની તમામ ગ્રામ પંચાયતોમાં ફેકટરીઓ, એપાર્ટમેન્ટો, બંગલાઓ, બહુમાળી મકાનોની આકારણી કરવાના સમયે (૧) સરકાર માન્ય વેલ્યુઅર પાસેથી વેલ્યુએશન સર્ટીફીકેટ તથા (૨) સરકાર માન્ય લાયસન્સ આર્કીટેક પાસેથી બીયુસી (બિલ્ડીંગ વપરાશનું સર્ટીફીકેટ) ફરજિયાત



મેળવ્યા બાદ જ આકારણી કરવી તે માટે રજૂઆત કરાઈ હતી. જેના અનુસંધાનમાં નિયમ મુજબ કાર્યવાહી કરવા નિર્ણય લેવાયો હતો. ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા વિકાસ કામો સંદર્ભે સરપંચો અને તાલુકા પંચાયત સભ્યોને કામગીરી ચાલતી હોય તે દરમિયાન ગુણવત્તા સંદર્ભે ધ્યાન રાખવા જણાવ્યું હતું. વધુમાં આયોજનમાં ફેર દરખાસ્ત થઈ શકશે નહીં તેમ જણાવી વિકાસકામનું આયોજન ધ્યાનપૂર્વક કરવા જણાવ્યું હતું. સામાન્ય સભાના અંતે ઉપપ્રમુખ વિલાસભાઈ ઠાકરિયાએ સૌનો આભાર પ્રગટ કર્યો હતો. આજની સામાન્ય સભામાં કુલ ૨૫ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**જોઈએ છે**

હેવી લાયસન્સ ધરાવતા અને પાંચ વર્ષ સુધીનો અનુભવી ડ્રાઈવર જોઈએ છે.

Contact - 9574287476

**ફોર્ચુન લેન્ડ માર્ક વાપીમાં દુકાનો ભાડે આપવાની છે**

વિશાલ મેઘામાર્ટની સામે ફોર્ચુન લેન્ડ માર્કમાં
હલ્દીરામની ઉપર પહેલા માળે દુકાન
નં.121/122 સ્કેવર ફુટ 411/411
શો રૂમ, રેસ્ટોરન્ટ, બેંક, ફાયનાન્સ, ઓફિસ
લાયકો માટે દુકાનો ભાડે આપવાની છે

મો.નં. - 97256 87106, 97120 54996

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

VIMAL POWERS



ઘર હોય કે ઓફિસ
સ્ટાઈલિશ અને ડીઝાઈનર પંખા તો
V- GUARD ના જ

ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

# અન્ય સમાચારો

Saturday 21, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પહેલે દેશ - તપવંદના કાર્યક્રમ યોજાયો

### અમદાવાદમાં પ.પૂ. સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજના ૯૩મા પ્રાગટ્ય દિનની ઉજવણી કરાઈ



અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૦ :** પ.પૂ. બ્રહ્મલીન સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજના ૯૩મા પ્રાગટ્ય દિનની ઉજવણીનિમિત્તે પહેલે દેશ પ્ર તપવંદના કાર્યક્રમ અમદાવાદના ટાગોર હોલ ખાતે યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્યના ૨૩ જિલ્લામાંથી ૧૬૧થી વધુ વાલ્મીકિ પંથના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આધ્યાત્મિક ચેતનાના અપૂર્વ ધની અને ભારત માતા મંદિરના સ્થાપક સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજે પ્રભુભક્તિ સાથે રાષ્ટ્રભક્તિની દિશા આપી છે. સ્વામીજી વર્ષો સુધી પીડિતવર્ગ અને વંચિતોની મદદ કરવા સતત લોકો વચ્ચે રહ્યા છે. તેમણે કરેલાં સત્કાર્યોના પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫માં તેમને પદ્મભૂષણથી નવાજ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, સંત એ જીવ અને શિવ વચ્ચેનો સેતુ છે. સ્વામીજીએ શિવભક્તિ સાથે રાષ્ટ્રભક્તિ શીખવી છે અને જગદંબાની સાથે માં ભારતીનું પૂજન કરવાની પણ શીખ આપી છે. આવા સંતોના આશીર્વાદ મેળવવાનો અવસર મળ્યો તે સૌભાગ્યની વાત છે. આવા પવિત્ર સંતોના આશીર્વાદ ગુજરાત પર હંમેશાં વરસતા રહેશે અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પમાં ધર્મશક્તિનું યોગદાન પણ મળતું રહેશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સમન્વય પરિવાર ગુજરાત રાજ્યના નવા એકમનો શુભારંભ કરાયો હતો તથા સાણંદ ખાતે સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજ સેવા કેન્દ્રના શુભારંભની જાહેરાત કરવામાં આવી હતી અને બોપલ તથા સાણંદ ખાતે ભારતરત્ન નાનાજી દેશમુખ સંકલિત સેવા કેન્દ્રના શુભારંભની જાહેરાત કરાઈ હતી. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ તથા ક્ષેત્ર વાલ્મિકી ધામ, ઉજ્જૈનના પીઠાધીશ્વર સંત સહિતના સમન્વય પરિવારના સભ્યો, ગાયત્રી પરિવાર, વાલ્મિકી પરિવાર અને રામકૃષ્ણ મિશન પરિવાર અને મોટી સંખ્યામાં સંતો-મહંતો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં એસટીકર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરાયો

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૦ :** ST કર્મચારીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ST કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો થયો છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત એરિયર્સ ચૂકવવાનો નિર્ણય લેવાયો હોવાની જાહેરાત કરી છે. હાલ ચૂકવાતા ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના વાહન વ્યવહાર અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓને વર્તમાન સમયમાં ચૂકવવામાં આવતા મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. હવેથી ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત હાલ ચૂકવાતા ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવા આવશે. આ નિર્ણયથી કુલ૧૨૫ કરોડ રૂપિયાથી વધુનો લાભ નિગમના કર્મચારીઓને મળશે.

## ગુજરાત સરકાર કો-ઓપરેટીવ એક્ટમાં કરશે સુધારો

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૦ :** રાજ્યભરમાં આવેલી કો-ઓપરેટીવ સોસાયટીની ટ્રાન્સફર ફી નાં માળખામાં ફેરફાર કરાશ. ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સફર ફી માં ફેરફાર કરાશે. હવેથી પ્રોપર્ટીની કિંમત મુજબ ટ્રાન્સફર ફી લેવાશે. તેમજ વર્તમાન સમયમાં પાંચ થી પચાસ હજાર ટ્રાન્સફર ફી છે. સરકાર કો-ઓપરેટીવ સોસાયટી એક્ટની કમલ સુધારો કરશે.

હાલ કો-ઓપરેટિવ સોસાયટીઓમાં આવેલ કોમર્શિયલ પ્રોપર્ટી અથવા તો ફલેટની રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલી ટ્રાન્સફર ફી ની રકમ રૂા. ૫૦૦૦ થી લઈને રૂા. ૫૦,૦૦૦ સુધી છે. ટ્રાન્સફર ફી માંથી સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓને મુક્તિ આપવામાં આવેલ છે.

જ્યારે નવા નિયમો મુજબ સોસાયટીનો કોઈ પણ પ્રકાર હશે તણ તેને ધ્યાનમાં લીધા વિના સોસાયટીનાં તમામ સભ્યોએ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે. સરકારમાં નોંધી કરાવેલી કોઈપણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીનાં હાલનાં મકાન માલિક પાસેથી કોઈ નવો સભ્ય મકાન, ફલેટ કે કોમર્શિયલ ફોપર્ટી ખરીદી છે. તે સમયે હાઉસિંગ સોસાયટી વહીવટ પેટે રકમ લે છે. તેને ટ્રાન્સફર ફી ની રકમ ગણવામાં આવે છે. ત્યારે આ ફી ની રકમ ચૂકવીને મકાન કે ફલટે ખરીદરનાર નવો સભ્ય વિધિવત રીતે તે સોસાયટીનો સભાસદ બની જાય છે. તેમજ સોસાયટી તરફથી મળતી તમામ સેવાઓનો લાભ લઈ શકે છે.

રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સફર ફી ની રકમ ૧૯૯૧ માં નક્કી કરી હતી. જે બાદ આજદિન સુધી તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૦૧૬ નાં વર્ષમાં પણ એ જ ફી ની રકમ નક્કી રાખવામાં આવી હતી. જે બાદ ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ-૧૯૬૧ માં કેટલીક કલમોમાં સુધારા કરીને ટ્રાન્સફર ફી ને વધુ તર્ક સંગત બનાવશે. સરકારે નિયમોમાં જે સુધારો કર્યો છે તેને રાજ્યપાલ તરફથી મંજૂરી પણ મળી ગઈ છે. અને સરકાર ગેઝેટમાં તેને પ્રસિદ્ધ પણ કરી દેવાયો છે.

## અંબાજી પદયાત્રાના માર્ગો પરથી અંદાજે ૭૩ ટનથી વધુ કચરો એકત્રિત કરાયો

### પદયાત્રામાં અંદાજે ૭૪,૮૦૦ ખાલી પ્લાસ્ટીક બોટલની સામે ૫,૦૦૦ સ્ટીલની બોટલો



અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૦ :** અંબાજી ખાતે દર વર્ષે ભાવ ભક્તિપૂર્ણ રીતે યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો ભક્તો ચાલીને જગત જનની માં આંબાના દર્શન કરવા આવે છે. આ વર્ષે મહામેળામાં કુલ ત્રણ રૂટ પર અંદાજીત ૩૪ લાખથી વધુ પદયાત્રીઓએ ચાલીને માં અંબાના દર્શન કર્યા હતા. GPCB અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી શરૂ કરાયેલા 'અંબાજી પદયાત્રા- સ્વચ્છ પર્યાવરણ યાત્રા' અભિયાન હેઠળ કુલ ત્રણ રૂટ પર તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન ઉત્પન્ન થયેલો અંદાજિત ૭૩ ટનથી વધારે કચરો સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની આ કામગીરી અંતર્ગત તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં અંદાજિત ૭૦૦ ટન જેટલો કચરો એકત્રિત કરીને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે. આ વર્ષે પ્લાસ્ટિક મુક્ત પદયાત્રાની સાથે સ્વચ્છતા જળવાય તેવા હેતુસર વિવિધ ઉદ્યોગ એસોશીએશનના સહયોગથી ત્રણ પદયાત્રાના રૂટ પર ત્રણ સ્થળોએ પદયાત્રીઓને પાંચ ખાલી પ્લાસ્ટિકની બોટલ સામે એક સ્ટીલની બોટલ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્ત ગુજરાતને સમર્થન આપવા પદયાત્રીઓ દ્વારા અનેરો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જે અંતર્ગત કુલ ૭૪,૮૦૦ પ્લાસ્ટીકની ખાલી બોટલની જગ્યાએ ૫,૦૦૦ સ્ટીલની બોટલો આપવામાં આવી હતી.




## વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

**સુરત, તા. ૨૦ :** બિઝનેસ અને લકઝરી સેગમેન્ટમાં લક્ઝરી ઓફરિંગ્સ પર ફોકસ કરતી હોસ્પિટાલિટી એસેટ ઓનર વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડે આઈપીઓ લોન્ચ કરવા માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડ્રાફ્ટ રેડ હિયરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યુ છે. કંપની પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) હેઠળ ફ્રેશ ઈશ્યૂ મારફત રૂ. ૧ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર્સ ફાળવી રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ સાથે કંપનીની કુલ ઓફર સાઈઝ રૂ. ૨૦૦૦ કરોડ છે. ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી કંપનીએ પોતે વિકસાવેલા ૧૩૩૧રૂમ સાથે સાત હોસ્પિટાલિટી એસેટ્સનું સંચાલન કરી રહી છે અને ચાર હોસ્પિટાલિટી એસેટ્સમાં ૭૦૫રૂમ હસ્તગત કર્યા છે. કંપનીના વિસ્તરણના ભાગરૂપે ૨૦૧૯થી ૧૦૭૦ કી ઉમેરવામાં આવે છે, જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં રૂમની સંખ્યામાં ૫૦ ટકાથી વધુ ઉમેરો થયો છે. આ સાથે તેણે હોસ્પિટાલિટી સેક્ટરમાં ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં ૨૦૩૬રૂમ સામે રૂમની સંખ્યામાં ૩૬૭નો તથા ૧૮.૦૨ ટકાનો વધારો નોંધાવતાં નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮માં ૨૪૦૩રૂમનો પોર્ટફોલિયો હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ઈશ્યૂના બૂક રનિંગ લીડ મેનેજર્સ જેએમ ફાઇનાન્સિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, એચએસબીસી સિક્યુરિટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ, આઈઆઈએફએલ સિક્યુરિટીઝ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે.

## દમણ રેડિયો 102.3 FM

**શનિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.૦૦ ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - પીટારા, ૨.૦૦ - જયુબીલી ઝંકાર, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - ફિર તુમ્હારી યાદ આઇ.

**સાંજે :** (દમણથી) ૫.૦૦ ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## દમણ રેડિયો 102.3 FM

**રવિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત, ૨.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - સેલ્યુલોઈડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.

# ભક્ત અને ભગવાનનો સબંધ

**પ્રાસંગિક**

એકવાર એક પૂર્ણ મહાત્મા ભગવાન સાથે વાતો કરવા માટે રોજ પહાડી ઉપર જતા હતા. એક દિવસ તેમને રસ્તામાં એક બહેન મળે છે અને કહે છે કે આપ દરરોજ ભગવાન સાથે વાતો કરો છો તો મારી એક તકલીફ વિશે ભગવાનને પુછશો? કે મારે કોઇ સંતાન નથી તો મને સંતાન ક્યારે થશે? ત્યારે મહાત્મા કહે છે કે આજે જ્યારે ભગવાન સાથે મારો વાર્તાલાપ થશે ત્યારે હું પુછી લઇશ, આટલું કહીને તેઓ પહાડ ઉપર જાય છે.પહાડ ઉપર જાય છે ત્યારે ભગવાનનો અવાજ સંભળાય છે ત્યારે મહાત્મા કહે છે કે હે પ્રભુ ! હું જ્યારે આપના દર્શન કરવા આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક બહેન મળે છે કે જેમને કોઇ સંતાન નથી, તેમને મારા મારફતે પુછાવ્યું છે કે તેમના ઘેર સંતાન ક્યારે થશે? ત્યારે ભગવાન કહે છે કે એ સ્ત્રીને કહેજો કે તેમના ભાગ્યમાં આ જન્મમાં સંતાનનું સુખ નથી.સંત જ્યારે પહાડ ઉપરથી ઉતરીને જઇ રહ્યા હતા ત્યારે તે સ્ત્રી રસ્તામાં મળીને ભગવાનનો શું જવાબ છે તે પુછે છે ત્યારે મહાત્મા કહે છે કે ભગવાને કહ્યું છે કે તમારા ભાગ્યમાં આ જન્મમાં સંતાનનું સુખ નથી. સંતનાં આવાં વચન સાંભળીને તે સ્ત્રી નિરાશ થઇને રડવા લાગે છે.

કેટલોક સમય પસાર થાય છે.તેમના નગરમાં એક ફક્કડ ગિરધારી સંત પધારે છે અને બૂમ મારે છે કે જો કોઇ મને એક રોટલો ખવડાવશે તેને એક સંતાનનો આર્શિવાદ આપીશ.આ સાંભળીને પેલી સ્ત્રી સંતને પોતાને ઘેર લઇ જઇને બે રોટલા અને ભરપૂર ભોજન જમાડે છે.જમ્યા પછી સંત આર્શિવાદ આપે છે કે બેટા..તે મને બે રોટલા ખવડાવ્યા છે એટલે તારે ઘેર બે પૂત્ર રત્ન પ્રાપ્ત થશે. સંતનું વચન સત્ય થાય છે અને તેમના ઘેર બે જોડીયા પૂત્રોનો જન્મ થાય છે.પરીવારે ઘણી જ ખુશી મનાવી અને સમગ્ર ગામમાં મીઠાઇ વહેંચે છે અને ગરીબો અને સંતોને ભોજન કરાવે છે.

જે મહાત્માનો પરમાત્મા સાથે સાક્ષાત્કાર હતો અને ભગવાન સાથે વાતો કરતા હતા તે આ સ્ત્રીના ઘર પાસેથી પસાર થાય છે અને ઘોડીયામાં બે બાળકોને જોઇને તેમને નવાઇ લાગે છે, તેઓ વિચાર કરે છે કે બિચારીના ભાગ્યમાં સંતાન સુખ નથી એટલે આડોશ-પાડોશમાંથી બાળકોને રમાડવા લાવી હશે.મહાત્મા આવીને પુછે છે કે બેટા..આ બે દિકરા કોના છે? ત્યારે પેલી બહેન કહે છે કે મહાત્માજી આ બે બાળકો મારા છે.

સ્ત્રી પોતાના ઘેર પધારેલ સંતના વિશે અને તેમની કરેલ સેવા-પૂજા અને ભરપૂર ભોજન જમાડ્યા બાદ સંતે આપેલ આર્શિવાદથી બે બાળકો થયાની સમગ્ર વાત કહે છે.મહાત્માને ભગવાનના વચન ઉપર શંકા થાય છે અને વિચારે છે કે આજે તો મારે ભગવાનને પુછવું જ છે કે જે સ્ત્રીના ભાગ્યમાં આ જન્મે સંતાન સુખ નહોતું તેના ઘેર બે બાળકો કેવી રીતે થયા? શું સંતસેવાથી ભોજન કરાવ્યા બાદ પ્રસન્ન થયેલ સંતે આપેલ આર્શિવાદમાં ભગવાન કરતાં વધુ શક્તિ હશે ! તેઓ પહાડ ઉપર જઇને ભગવાન સાથે વાતચીત કરે છે કે ભગવાન ! તમે તો કહ્યું હતું કે આ સ્ત્રીના ભાગ્યમાં આ જન્મમાં સંતાન સુખ છે જ નહી તો બે બાળકો કેવી રીતે થયા..? તે સમયે ભગવાનનો અવાજ આવે છે કે હે ભક્તરાજ ! તમારા પ્રશ્નનો જવાબ હું પછી આપીશ પરંતુ પહેલાં એક કામ કરો કે કોઇ મનુષ્યનું કાળજું લઇ આવો.આ મહાત્મા કાળજું લેવા માટે પૃથ્વી ઉપર અહી-તહી ફરે છે પરંતુ ભગવાન માટે કોઇ કાળજું આપવા તૈયાર થતું નથી. ફરતાં ફરતાં રસ્તામાં તેમને જટાજોગી ફક્કડ ગિરધારી સંત કે જેમના આર્શિવાદથી પેલા બહેનના ઘેર બે સંતાનો થયા હતા તે મળી જાય છે અને તેમને પુછે છે કે ભગવાનના માટે મનુષ્યના કાળજાની જરૂર છે અને આ કાર્ય માટે ઠેરઠેર ફર્યો છતાં કોઇ પોતાનું કાળજું કાઢીને આપવા તૈયારના થયું.

ત્યારે પેલા સંત કહે છે કે શું વાત કરો છો ! ભગવાનને મનુષ્યના કાળજાની જરૂર છે ! આ શરીર તો ગંદકીનો ઘડો છે, જો આ શરીર ભગવાનના કામમાં આવતું હોય તો આનાથી મોટું સદભાગ્ય બીજું શું હોઇ શકે? હાથમાં ચિપીયો હતો તે ઉગામી સંત કાળજું કાઢવા જાય છે તે સમયે જ ભગવાન પ્રગટ થઇને સંતનો હાથ પકડી લે છે અને મહાત્માને સમજાવે છે કે આ તમારા પ્રશ્નનો જવાબ છે. જે સંત મારા માટે પોતાનું કાળજું કાઢીને આપવા તૈયાર થયા છે તેમની અરદાસ -ર્થના અને આર્શિવાદથી તે સ્ત્રીની કુંખે બે સંતાનો મેં આપ્યા છે. તમે પણ તે સ્ત્રીના માટે અરદાસ પ્રાર્થના અને આર્શિવાદ આપી શક્યા હોત પરંતુ આપ્યા ન હતા. કાળજું તો તમારી પાસે પણ હતું તેમછતાં તમારૂં કાળજું કાઢીને ન આપતાં કાળજું શોધવા નીકળ્યા હતા..! જે મારા માટે પોતાનું કાળજું આપવા તૈયાર થાય તેવા સંતના વચનને સત્ય કરવા વિધાતાના લેખ ઉપર મેખ મારીને મારા સંતનું વચન હું સત્ય કરૂં છું.

**પરમાત્માની સાથે આપણો સબંધ જોડે તેવા સંત મહાપુરૂષોનો સમાગમ જીવનની કાયાપલટ કરી દે છે. આવા સંતોનો સમાગમ ન મળે તો કુસંગ તો ન જ કરવો પરંતુ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહી પ્રભુ નામ-સુમિરણનો સહારો લેવાથી લાભ થાય છે, સમય તથા શક્તિ બચી**

આપણે બધાએ પણ ભક્ત અને ભગવાનની આ વાતને સમજવાની જરૂર છે કે ભક્ત અને ભગવાનનો સબંધ કેવો હોય છે ! અમે દુનિયાના જીવો એવું વિચારીએ છીએ કે અમોને બધું જ મળે અને સાથે સાથે તેની કિંમત પણ ચુકવવી ના પડે..! દુનિયાની ચીજવસ્તુઓ ખરીદવા દુનિયાની કિંમત ચુકવવી પડે છે.અમે માયામાં અંધ જીવો ભગવાનનો પ્રેમ પણ દુનિયાની ભૌતિક ચીજોથી મેળવવા ઇચ્છીએ છીએ.

જ્યારે અમારા ભાગ્યનો ઉદય થાય અને કોઇ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ ભગવાનના પ્રતિનિધિ ઈશ્વરનું સાકાર સ્વરૂપ સંત-સદગુરૂ મળે છે અને તે સમજાવે છે કે બેટા..તું તારા અહમ્ અને હુંપણું છોડીને, મનમાંથી લાલચ, મોહ, કામ-ક્રોધનો ત્યાગ કરીને આવીશ તો પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરી શકીશ..

સત્સંગથી મનનો મેલ દૂર થાય છે.સાચો સંત જ ત્રિગુણાતીત બ્રહ્મનાં દર્શન કરાવી શકે છે. સંત પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત હોય છે, એટલે સંત અને હરિમાં સહેજ પણ ભેદ હોતો નથી. તમામને ભ્રમિત કરવાવાળી માયા ભક્તોને ભ્રમિત, લિપ્ત કરી શકતી નથી.સંતોનાં વચન માયાસક્ત લોકોની જેમ આચરણહીન હોતાં નથી.સંતોનું સન્માન હંમેશાં કરો કારણ કે સંતનું સન્માન એ ઈશ્વરનું સન્માન છે. મન-વચન અને શરીરથી અન્ય પ્રત્યે ઉપકાર કરવો એ સંતોનો સહજ સ્વંભાવ હોય છે. સંત અન્યના હીત માટે પોતે કષ્ટ સહન કરે છે. સ્વર્ગ એ છે કે જ્યાં સંત પરમપિતા પરમાત્માના ગુણગાન કરે છે.

સંત જ્ઞાની ભક્ત તત્વજ્ઞ મહાપુરૂષ અને પ્રભુ પરમાત્મામાં સહેજપણ ભેદ હોતો નથી. જે સૌભાગ્યશાળી વ્યક્તિને આવા સંત મહાપુરૂષની સંગતિ મળી જાય છે તો તેના મન ઉપર લાગેલા કામ ક્રોધ લોભ મોહ વગેરેના કાળા દાગ દૂર થઇ જાય છે.જે સાચા સંત હોય છે તે જિજ્ઞાસુઓને ત્રણ ગુણોથી પાર કરી ત્રિગુણાતીત પરમાત્માનાં દર્શન કરાવી દે છે અને હ્રદયને અલૌકિક પ્રકાશ(જ્ઞાનરૂપી રોશની) થી ભરી દે છે. સત્સંગથી મનનો મેલ દૂર થાય છે.સંત એક એવો અથાહ સાગર હોય છે જે આદિ અને અંતથી પર હોય છે. સંતોના ગુણોની ગણતરી થઇ શકતી નથી.સંત પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત હોય છે એટલે સંત અને હરિમાં સહેજ પણ ભેદ હોતો નથી. સંત જ્ઞાની ભક્ત તત્વજ્ઞ અને ભગવાનમાં સહેજપણ ભેદ હોતો નથી. સાચા સંત જ ત્રિગુણાતીત બનાવી બ્રહ્મનાં દર્શન કરાવી શકે છે. સંત મહાપુરૂષોનું ચિત્ત પરમાત્મામાં જોડાયેલું હોવાથી બીજી કશી વસ્તુની તૃષ્ણા હોતી નથી. તેમનું અંતઃકરણ સર્વથા શાંત હોય છે. તેઓ સર્વમાં અને સર્વત્ર પરમાત્માને જુવે છે. મમતા અને અહંકારથી તેઓ પર હોય છે. ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે દ્વન્દ્રો તેમને સ્પર્શી શકતા નથી અને તેઓ કોઈપણ પ્રકારનો સંગ્રહ કરતા નથી.

પરમાત્માની સાથે આપણો સબંધ જોડે તેવા સંત મહાપુરૂષોનો સમાગમ જીવનની કાયાપલટ કરી દે છે. આવા સંતોનો સમાગમ ન મળે તો કુસંગ તો ન જ કરવો પરંતુ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહી પ્રભુ નામ-સુમિરણનો સહારો લેવાથી લાભ થાય છે, સમય તથા શક્તિ બચી જાય છે.સંત થયા વગર સંતને ઓળખી શકતા નથી કે સંત મળતાં નથી, સંત થવા મનને સુધારવાની જરૂર છે, ભક્તિની જરૂર છે.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**




## આજનું પંચાગ

**તા.** ૨૧-૦૯-૨૦૨૪, **વારઃ** શનિવાર, **તિથિઃ** ચોથ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૬ **ચંદ્રરાશિઃ** મેષ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# પારડીથી નાનાપોંઢા ઈન્ટરસિટી બસ સેવા શરૂ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૨૦:** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મુખ્ય મથક કિલ્લા પારડી અને કપરાડા તાલુકાના મુખ્ય મથક નાનાપોંઢા સુધીના રૂટ પર નિયમિત અને વધારાની એસટી બસો દોડાવવામાં આવે એવી રજૂઆત કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા વલસાડ એસટીના વિભાગીય નિયામક એન.એસ. પટેલને કરવામાં આવી હતી. જે રજૂઆતને વિભાગીય નિયામક દ્વારા તાત્કાલિક અમલીકરણ માટે મુકી કિલ્લા પારડીથી નાનાપોંઢા અને નાનાપોંઢાથી કિલ્લાપારડીના નવા રૂટની શરૂઆત કરી ધારાસભ્યના હસ્તે લીલી ઝંડી આપી સેવાનો શુભારંભ કરાવતા મુસાફર જનતામાં ખુશીની લહેર પ્રસરી હતી.

આ બસ સેવાનો લાભ રોજ સવારે ૫-૩૦ વાગ્યેથી શરૂ થઈ રાત્રે ૮-૩૦ વાગ્યા સુધી દર દોઢ કલાકે મુસાફર જનતાને મળતો રહેશે. આ દરમિયાન પારડીથી નાનાપોંઢા ૭ ટ્રીપ અને નાનાપોંઢાથી પારડી ૭ ટ્રીપ મળી કુલ ૧૪ ટ્રીપ મારવામાં આવશે. હાલમાં જે રીતે વલસાડ ધરમપુર ઈન્ટરસીટી બસ સેવાનો લાભ મુસાફરોને મળી રહ્યો છે તે રીતે હવે પારડી નાનાપોંઢા રૂટ પર અંદાજે ૧૦ હજાર જેટલી મુસાફર જનતાને આ નવી સેવાનો લાભ મળશે. જેનાથી રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને જરૂરીયાતમંદોને વાહન વ્યવહારની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. આ રૂટના બસ ભાડામાં કોઈ વધારો ઘટાડો કરવામાં આવ્યો નથી. લોકલ રૂ. ૨૩ ના ભાડા દરે મુસાફરી કરી શકાશે. આ બસ સેવાના શુભારંભ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વધુમાં વધુ લોકોને સરકારની એસટી બસની સુવિધાનો લાભ લેવા આહવાન કર્યુ હતું.

આ પ્રસંગે વલસાડ એસટીના વિભાગીય નિયામક એન.એસ. પટેલ, નાનાપોંઢાના સરપંચ, કપરાડા તાલુકા સંગઠનના પ્રમુખ અને મહિલા સંગઠનના પ્રમુખ દક્ષાબેન હાજર રહ્યા હતા. વલસાડ એસટી ડેપો મેનેજર અનિલભાઈ અટારાએ આભાર વિધિ કરી હતી.

# વલસાડ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૦:** વલસાડ ઈન્કમટેક્ષ ઓફિસ દ્વારા ''એક પેડ માં કે નામ''થી વલસાડ સ્થિત કલ્યાણ બાગ ખાતે અશોક એન. ભાલેકર જોઈન્ટ ઈન્કમટેક્સ કમિશનર વલસાડ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઓફિસના તમામ અધિકારી અને કર્મચારી ઓએ ભાગ લીધો આજના ''એક પેડ માં કે નામ'' કાર્યક્રમ થકી ઈન્કમટેક્ષ ઓફિસ વતી લોકોમાં વૃક્ષ રોપણનું મહત્ત્વ વીસે જાણકારી આપવાની સાથે વૃક્ષારોપણ કરવા પ્રોત્સાહિત કરવાના ભાગ રૂપે આજે કલ્યાણબાગ વલસાડ ખાતે વૃક્ષારોપણ જોઈન્ટ કમિશનર અશોક ભાલેકર, આસિસ્તન કમિશનર રમણકુમાર, ઈન્કમટેક્ષ અધિકારી નરેદ્રન સી.એ.ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ જેમાં અધિકારીઓ દિપેશ મપારા, રાકેશ મેહરા, રાહુલ, ભરત બોરેચા, શિવરામ, સોહન ગુલેચા, આદિત્ય, રાજેશ પટેલ, પંકજ ઝા, શિવરાજ મીના, ગૌરવ શર્મા તથા કર્મચારી ઓએ ભાગ લીધો હતો.

# રાહુલ ગાંધીને ધમકી આપનાર ભાજપના નેતાઓ સામે એફઆઈઆર કરવા ડાંગ કોંગ્રેસ દ્વારા આહવા પોલીસને આવેદનપત્ર અપાયું




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા. ૨૦:** કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીને શારીરિક ઈજા પહોંચાડવા/ ખતમ કરી નાખવા માટે ભાજપના નેતાઓની ખુલ્લી ધમકીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં આગેવાનો દ્વારા આહવા પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી. ભાજપના નેતા તરવિન્દર સિંહ મારવાહએ ગત તા. ૧૧/૯/૨૦૨૪ના રોજ ભાજપના એક કાર્યક્રમમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેમાં તેમણે કહ્યુ હતુ કે ''રાહુલ ગાંધી બાઝ આજા, નહીં તો આને વાલે ટાઈમ મેં તેરા ભી વહી હાલ હોગા જો તેરી દાદી કા હુઆ'' (ઈન્દિરા ગાંધીની જેમ હત્યા) તથા સંજય ગાયકવાડ, ધારાસભ્ય, શિંદે સેના (મહારાષ્ટ્રમાં ભાજપનાં સહયોગી) તા.૧૬-૯-૨૦૨૪ના રોજ જાહેરમાં ૧૧ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી જે કોઈ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ ઈનામ આપીશ તથા રેલ્વે રાજ્ય મંત્રી રવનીત બિટ્ટુએ તા.૧૫-૯-૨૦૨૪ના રોજ, મીડિયા સાથે જાહેરમાં વાત કરતી વખતે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ''દેશનો નંબર વન આતંકવાદી'' કહ્યો હતો. બિટ્ટુએ હિંસા ભડકાવવા અને શાંતિ ભંગ કરવાના ઉદ્દેશ્ય સાથે રાહુલ ગાંધી વિરુદ્ધ જાહેરમાં નફરત અને આક્રોશ ભડકાવવા માટે જાણી જોઈને નિવેદન આપ્યું હતું. આ નિવેદનનો ટીવી ચેનલો અને સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો હતો. આ સહિતના કેટલાક ભાજપના નેતાઓ અને તેમના સહયોગી દ્વારા રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હોય જેને લઈને કોંગ્રેસ પક્ષમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધી સામે આવા ઉચ્ચારણ માત્ર નફરતથી ભરેલી ટીપ્પણીઓ દ્વારા સામાન્ય જનતામાં અશાંતિ ફેલાવવા, રમખાણો ભડકાવવા, શાંતિ ભંગ કરવા વગેરેના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે. ઉપરોક્ત ઘટનાઓ દ્વારા, ભાજપ/તેના સાથી પક્ષોના નેતાઓ, વિપક્ષના નેતાની સલામતી અને સુરક્ષાને જોખમમાં નાખવાનો ઈરાદો ધરાવે છે. તેમજ સમગ્ર દેશમાં જાહેર શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે. ખાસ કરીને કેટલાક રાજ્યમાં ચાલી રહેલી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અપકૃત્ય કરી રહેલ છે. ઉપરોક્ત નામવાળી વ્યક્તિઓએ ઉપર વર્ણવ્યા મુજબ માત્ર નિવેદનો જ આપ્યા નથી. પરંતુ તેમના સહયોગીઓ દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા ગુનાહિત નિવેદનો ફેલાવ્યા હતા તેમજ જાણી જોઈને ઉશ્કેરણી પેદા થાય તેવું કામ કરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. આવા અનેક આક્ષેપો ડાંગ જિલ્લા કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવ્યા હતા. તેમજ આ તમામ ગુનેગારો સામે BNS, ૨૦૨૩ની સંબંધિત જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરે, ડાંગ જિલ્લા આઈટી સેલ પ્રમુખ મનીષ મારકણા, આહવા કોંગ્રેસ તાલુકા સંગઠન પ્રમુખ સુભાષ વાઘ, આદિજાતિ સેલ પ્રમુખ હરેશ ચૌધરીની આગેવાની હેઠળ આહવા પોલીસ સ્ટેશનમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. અને આ બાબતે એફ.આઈ.આર નોંધવાની માંગ કરી હતી.

### રાષ્ટ્રિય લોક અદાલત નિમિત્તે

# નવસારીમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશન ૩૧ કેસોનુ નિરીક્ષણ

**રૂા.૨૪,૧૮,૮૧૮/- ના કુલ ૧૫ કેસોમાં પક્ષકારોની પરસ્પર સંમતિથી સમાધાન**

**(દમણગંગા ટાઈમ્સ)**

**નવસારી,તા.૨૦:** મદદનીશ નિયામક જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, નવસારીની યાદીમાં જણાવ્યા અનુસાર રાષ્ટ્રિય લોક અદાલત નિમિત્તે ગ્રાહક તકરાર નિવારણ કમિશન નવસારી ખાતે તા.૧૪ મી સપ્ટેમ્બરના રોજ કુલ ૩૧ કેસોનુ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જે પૈકી રૂ.૨૪,૧૮,૮૧૮/- ના કુલ ૧૫ કેસોમાં પક્ષકારોની પરસ્પર સંમતિથી સમાધાન કરાવી, પક્ષકારોને ન્યાય મળે એ શુભ આશયથી પ્રમુખ કેતન દસોંદી તથા સભ્ય જયકૃષ્ણ મેવાવાળા તથા કન્સીલીએટર આશિષ બારોટ તેમજ વકિલ એસ.ડી.શર્મા, ડી.એન. મિસ્ત્રી, શ્રીમતી કે.એ. તિવારી તથા એન.ડી.વકિલના સઘન પ્રયાસો દ્વારા લોક અદાલતને અનેરી સફળતા પ્રાપ્ત થઈ હતી.

આ રાષ્ટ્રીય લોક અદાલતમાં એક મેડિકલ નેગ્લિજન્સીના કેસમાં સમજાવટના અંતે ડોક્ટર અને મૃતક દર્દીના વિધવા પત્નિ વચ્ચે સુખદ સમાધાન થયેલુ હતું. આમ એકંદરે લોક અદાલતને ધારી સફળતા પ્રાપ્ત થયેલી અને વર્ષોવર્ષ આવી લોક અદાલત યોજવા વકીલો તથા પક્ષકારો તરફથી રજુઆત કરવામાં આવી હતી.

# વાપીની આર.કે.દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટની સિદ્ધિ: M.B.A. કોર્ષ માટે MOU




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૦:** ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ G- Hub સુરત ખાતે ઈકોનોમિક્સ રીજન્ટ જી - હબ ઈવેન્ટના ઈકોનોમિક્સ માસ્ટર પ્લાનનું આયોજન થયું હતું.જેમાં દક્ષિણ ગુજરાતની પ્રસિદ્ધ આર.કે.દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ,વાપી અને Commissionerate Of Technical Education Dept. Goverment Of Gujarat વચ્ચે M.B.A . કોર્ષના MOU સાઈન કરવામાં આવ્યા હતા. આ G- Hub ઈવેન્ટમાં ડૉ. પંકજ મિત્તલ (સેક્રેટરી જનરલ,AIU), બંચાનિધિ પાની (કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર) પ્રમુખ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા તથા આર.કે.દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટના ઈન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, ઈન્ચાર્જ પ્રિ. ડૉ શિતલ ગાંધી અને HOD ડૉ. પ્રિન્સી ઠાકુર ઉપસ્થિત રહયા હતા.કોલેજની આ સિદ્ધિ બદલ ચેરમેન મિલન દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

# બીલીમોરા બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી સ્કેટિંગ સ્પર્ધામાં ચેમ્પિયન




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૨૦:** બીલીમોરા ફ્રેન્ડસ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલનો ધોરણ-૭ માં અભ્યાસ કરતો માલવ પટેલે બુધવાર નવસારી વાજપાઈ ગાર્ડનમાં આયોજિત સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) જિલ્લા કક્ષાની શાળા સ્કેટિંગ સ્પર્ધા અંડર ૧૪ બોયઝમાં ૧૦૦૦ મીટર સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. લાંબા સમયની આગોતરી તૈયારીઓ, રાત દિવસની મહેનત અને ઉચ્ચ પ્રદર્શનને કારણે સ્કેટિંગ સ્પર્ધામાં ચેમ્પિયન બનતા સમગ્ર પંથકમાં ખુશીનુ મોજું ફરી વળ્યુ હતું. શાળા, શહેર અને પરિવારનું નામ રોશન કરવા બદલ રમત પ્રેમીઓ અને અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા. માલવની રાત દિવસ મહેનત રંગ લાવી હતી. માં બાપ ના આશીર્વાદ અને કોચના સચોટ માર્ગદર્શન હેઠળ અભ્યાસ ક્ષેત્રે પણ અવ્વલ રહેનાર માલવ છેલ્લા બે વર્ષથી રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી રહ્યો છે. સ્કેટિંગ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવતા ટ્રસ્ટ પ્રમુખ ડૉ સૂર્યકાંત પટેલ, મંત્રી નીનાબેન મહેતા, ખજાનચી મનીષ મહેતા, ટ્રસ્ટીઓ જયશ્રીબેન દેસાઈ, અશોક ભટ્ટ, પ્રથમેશ વશી અને આચાર્યા રૂપાલી દેસાઈએ માલવને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# ધરમપુરના નળીમધની ફળિયામાં કોબ્રાને ઉગારાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર,તા.૨૦:** નળીમધની મધની ફળિયુંના રહેવાસી લાલુભાઈ ઈશ્વરભાઈ માહતુના ઘરમાં એક ઈન્ડિયન સ્પેક્ટિકલ કોબ્રા ન્યૂરોટોક્સીન વેનોમન્સ સ્નેક (ભારતીય નાગ ઝેરી સાપ) ઘરમાં જોવા મળતા ઘરના વ્યક્તિ ભયભીત થયા હતા નાગના ફૂંફાડાના અવાજથી ઘરના વ્યક્તિઓ ડરના કારણે એક જાગૃત નાગરિક સતીશભાઈને ઘટનાની જાણ કરતા તેમણે વાઈલ્ડલાઈફ રેસ્ક્યું ટ્રસ્ટ નવસારી, ધરમપુર - કપરાડા વિભાગના વાઈલ્ડલાઈફ રેસક્યુઅર મુકેશભાઈ વાયાડ જોળે ભાવિન વાયાડને ટેલિફોનિક જાણ કરતા બને જણ ઘટના સ્થળ પર પહોંચી નાગને સુરક્ષીત રેસક્યુ કરી ઘરના તેમજ હાજર રહેલા વ્યક્તિઓ વન્યજીવ વિસે માહિતગાર કરી વનવિભાગને જાણ કરી જંગલમાં નાગને મુક્ત કરાયો હતો.

# વલસાડનાં રસ્તાઓ પર ખાડાઓને લઈ દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ રહ્યાં છે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨૦:** વલસાડમાંથી પસાર થતા વલસાડ નાસિક રાજ્ય ધોરીમાર્ગ પર પડેલા અનહદ ખાડાઓ તથા પડેલી કપચીના કારણે દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ રહ્યાં છે. જેમાં ગતરોજ મોડી સાંજે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં વલસાડ જીલ્લા પ્રમુખ સુનીલ સુરાના (જૈન) એમના મિત્ર સુશીલ જૈન સાથે એકટીવા પર પ્રભા પાર્ક ધરમપુર રોડ ઉપરથી ધરમપુર ચોકડી તરફ જતાં હતાં. તે દરમિયાન ખાડા અને કપચીના કારણે એમની એકટીવા સ્લીપ મારી ગઈ હતી. ગંભીર ઈજા આવતાં તબીબી સારવાર લેવી પડી હતી?. લોકો નગરપાલિકા તથા મકાન અન માર્ગ વિભાગની બેદરકારીના કારણે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

### વલસાડ અને નવસારી જિલ્લાની હદમાં

# હાઈવે સર્વિસ રોડની વચ્ચે બનાવવામાં આવતી ગટર કેટલી યોગ્ય ?

**ગટર ન હતી ત્યારે પણ વરસાદી પાણીનો નિકાલ થઈ જતો ત્યારે કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવતી ગટર વાહન ચાલકો અને હોટલ, ધાબાના સંચાલકો માટે માથાના દુખાવો બની રહી છે.**

ને.હા નંબર ૪૮ ઉપર હાઈવે ઓથોરિટી દ્વારા હાઈવે રોડ અને સર્વિસ રોડ વચ્ચે પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા કરવામાં આવી રહી છે આ ગટર વ્યવસ્થાને કારણે ચોમાસા દરમિયાન રોડ ઉપર ભરાઈ રહેતું વરસાદી પાણી ગટરમાં વહી જાય અને રોડ ઉપર પાણી જમા ન થતા વાહન ચાલકોને કોઈ મુશ્કેલીમાં ન મુકવું પડે પરંતુ આ ગટર વ્યવસ્થાને કારણે હાઈવે ઉપર ધમધમતા હોટલ અને ધાબા સંચાલકોને મોટો ફટકો પડી રહ્યો છે. હોટલના કમ્પાઉન્ડમાં ભારે વાહનો ઉભા રાખી વાહન ચાલકો જમીને થોડા કલાકો આરામ કરતા હોય છે પરંતુ આ ગટર બનતા જ ભારે વાહનો આ ગટર ઉપરથી પસાર કરવામાં આવે તો ગટરના ઢાંકણા તૂટી જવાની પરિસ્થિતિનું સર્જાઈ રહી છે અને જે તે હોટલના આગળ ગટરના ઢાંકણા તૂટેલ રહેશે તો જે તે હોટલના સંચાલકને હાઈવે ઓથોરિટી દંડ ફટકારવાની ચેતવણી આપતા હોટલ અને ધાબા સંચાલકોમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.

વલસાડ અને નવસારી જિલ્લાની હદમાંથી હાઈવે ઓથોરિટી દ્વારા વાહન ચાલકોને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે રોડ અને સર્વિસ રોડની વચ્ચે છેલ્લા કેટલાક મહિનાથી ગટર બનાવવાનું કામ ચાલી રહ્યું છે ભર ચોમાસામાં પણ ગટરનું કામ કરવામાં આવી રહ્યું છે જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પણ વેઠવી પડી રહી છે એટલું જ નહીં પરંતુ આ બંને જિલ્લામાંથી પસાર થતાં ને.હા



ચીખલીનો પત્ર
જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી

નંબર ૪૮ ઉપર રોડની દશા ભારે બિસ્માર બની જવા પામી છે ખરાબ રસ્તાના કારણે રોજેરોજના અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે અને રોજના એક વ્યક્તિએ જીવ ગુમાવવો પડી રહ્યો છે સરકાર દ્વારા વાહન ચાલકો પાસે તગડો ટેક્સ પણ વસૂલવામાં આવતો હોય છે પરંતુ રોડની સુવિધા વાહન ચાલકોને પૂરી પાડવામાં આવતી નથી હાલમાં કેટલીક જગ્યાએ રોડ ઉપર થીંગડા મારીને કામ ચલાવવામાં આવી રહ્યું છે પરંતુ યોગ્ય રીતે રસ્તા રીપેર કરવામાં આવતા નથી તેવા સંજોગોમાં હાઈવે ઓથોરિટી દ્વારા હાઈવેનો રોડ અને સર્વિસ રોડ વચ્ચે વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી રહી છે પરંતુ આ ગટર બનાવવાના કારણે હાઈવે ની બાજુમાં આવેલ હોટલ અને ધાબા સંચાલકોને મોટું નુકસાન થઈ રહ્યું છે હાઈવે ઉપર કેટલી હોટલ એવી રહી છે કે જ્યાં માત્ર લોડિંગ વાહનો જ ઉભા રહેતા હોય છે અને વાહન ચાલકો પણ જરૂરી સગવડો મળી રહે તેવી હોટલ ઉપર જ ઊભા રહેતા હોય છે પરંતુ હાઈવે ઓથોરિટી દ્વારા બનાવાતી ગટરને કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે જો ગટર ઉપરથી વાહનો પસાર કરવામાં આવે તો ગટરના ઢાંકણા તૂટી જઈને વાહનોના પૈડા ગટરમાં ખૂંપી જાય અને વાહનને પણ મોટું નુકસાન થાય ત્યારે હાઈવે ઓથોરેટી દ્વારા તૈયાર કરવામાં આવતી ગટરને કારણે હોટલ અને ધાબા સંચાલકોને હાલમાં મોટું નુકસાન થઈ રહ્યું છે અને વાહનો દ્વારા ગટર તોડી નાખવામાં આવે તો મોટો દંડ હાઈવે ઓથોરિટી દ્વારા જે તે હોટેલ ધાબા સંચાલકને માથે મારી દેતી હોય છે તેવા સંજોગોમાં હાઈવે ઓથોરિટી દ્વારા કોઈ યોગ્ય નિરાકરણ લાવી વચ્ચેનો રસ્તો કાઢવામાં આવે તે જરૂરી બન્યું છે હાલમાં ગટરનું કામ ચાલુ હોય અને બુલેટ ટ્રેનનું પણ કામ ચાલુ હોય તેમજ રસ્તા ખરાબ હોય જેના કારણે વાહન ચાલકોએ ભારે હાડ મારી ભોગવવી પડી રહી છે.

# આહવાની સરકારી કોલેજમાં 'ગાંધી અને તેના રચનાત્મક કાર્યો' વિષય અંગે વ્યાખ્યાન યોજાયું

**(દમણગંગા ટાઈમ્સ)**

**આહવા,તા.૨૦:** સરકારી વિનયન અને વાણિજય કોલેજ-આહવા ખાતે આચાર્ય ડૉ.યુ.કે. ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ, સપ્તધારાની સામુદાયિક સેવા ધારા અને જ્ઞાનધારા અંતર્ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ ''ગાંધી અને તેના રચનાત્મક કાર્યો'' અને ''યુવાનોનું સામાજીક દાયિત્વ'' અંગે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કોલેજના સ્ટાફ સહિત ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.




આ કાર્યક્રમમાં સરકારી વિનયન કોલેજ, વાવના આચાર્ય ડૉ.હર્ષદભાઈ પરમાર અને સરકારી વિનયન અને વાણિજય કોલેજ, જાદરના આચાર્ય ડૉ.કે.જી.પટેલ મુખ્ય મહેમાન અને વ્યાખ્યાતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્ય ડૉ.કે.જી.પટેલ દ્વારા ''ગાંધી અને તેના રચનાત્મક કાર્યો'' અંગે અને સ્વચ્છતા અંગે મહાત્મા ગાંધીજી દ્વારા જે ઉત્કૃષ્ઠ કાર્યો કરવામાં આવ્યા હતા તે અંગે ગાંધીજીના ઉદાહરણ આપી જીવનમાં રચનાત્મક કાર્યો અને સ્વચ્છતા હોય તો જ પોતાના પરિવારનું અને આખા વિશ્વમાં કલ્યાણ થાય તેમ જણાવી સમજુતી આપી હતી.

ભારત સરકાર દ્વારા અને માય ભારત પોર્ટલ દ્વારા જે સ્વચ્છતા અંગે મુહિમ ચલાવવામાં આવી રહી છે તે મુહિમને આપણે ઉપાડીને પોતાના ઘરમાં, ગામમાં, તાલુકામાં અને જિલ્લામાં સ્વચ્છતા જળવાય અને લોકો સ્વચ્છતાના પગલે ચાલે તે માટે પ્રયાસો કરી પર્યાવરણની જાળવણીમાં પોતાનું યોગદાન આપી ભારત દેશને સ્વચ્છ ભારત બનાવવામાં આગળ આવે તેવા સંકલ્પો લેવામાં આવ્યા હતાં. આચાર્યશ્રી ડૉ.હર્ષદભાઈ પરમાર દ્વારા પણ ''યુવાનોનું સામાજીક દાયિત્વ'' શું છે તે અંગે પોતાના વિચારો રજુ કરી યુવાનો સમાજમાં પોતાનું દાયિત્વ સમજે અને સમાજનો ઉત્કર્ષ થઈ શકે છે અને વ્યક્તિ ત્યારે જ સારુ, સુખી અને સમૃદ્ધ જીવન જીવી શકે, માટે દરેકે આ ઉત્તમ કાર્યમાં જોડાવું જોઈએ તેમ જણાવ્યું હતું.


કોલેજના આચાર્ય ડૉ.યુ.કે.ગાંગુર્ડે દ્વારા પણ વિદ્યાર્થીઓને આ સમાજ સેવાના ઉમદા કાર્યમાં પોતાનું યોગદાન આપે અને પોતે તેમજ આખા વિશ્વને ઉજળું બનાવે તે માટે હંમેશા તત્પર રહી આગળ વધે તેવા આશીર્વચન આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સપ્તધારાના કો-ઓર્ડિનેટર ડૉ.હરેશભાઈ વરુ અને સભ્યો તેમજ સામુદાયિક સેવા ધારાના કો-ઓર્ડિનેટર ડૉ.જયેશભાઈ એલ.ગાવિત અને પ્રા.ઉમેશભાઈ હડસ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાહુલ ગાંધી દ્વારા અનામત વિરુદ્ધ અમેરિકામાં આપેલ સ્પીચ વિરૂધ્ધ વાંસદા ભાજપ દ્વારા મામલતદારને આવેદનપત્ર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા,તા. ૨૦:** વાંસદા ભાજપ પાર્ટી દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું, જેમાં જણાવ્યા મુજબ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, પછાત વર્ગો માટે અનામતની જોગવાઈ વિરુદ્ધમાં સ્પીચ આપતા તેમના દ્વારા ખુબજ હલકી કક્ષાનું અને ભારતના એક નાગરિક તરીકે શોભે નહી એવું અણછાજતું વર્તન કર્યું છે તે ખૂબજ નિંદનીય છે. અનામત ની જોગવાઈ સામે તેમનો પૂર્વગ્રહ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથેની તેમની વાતચીત દરમિયાન ખુલ્લેઆમ બહાર પાડયો, તેમણે તેમની સ્પીચમાં જણાવ્યું હતું કે, 'જયારે ભારત ભેદભાવમુક્ત દેશ બનશે ત્યારે કોંગ્રેસ આરક્ષણ ખતમ કરી દેશે. આરક્ષણ હવે એવું નથી કારણ કે, દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) ને યોગ્ય ભાગીદારી મળી રહી નથી'. રાહુલ ગાંધીનું બંધારણ બચાવવા અને અનામત બચાવવાની ઝુંબેશ એક ચર્ચા સિવાય બીજું કઈ નથી. આ પ્રકારની સ્પીચથી ભારતીઓની લાગણી દુભાય છે, જેને લઈ ભારતીય જનતા પાર્ટી આદિવાસી મોરચા દ્વારા વાંસદા મામલતદારને આવેદનપત્ર આપવાના આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ આદિવાસી મોરચાના મહામંત્રી. પિયુષભાઈ પટેલ, ઉપ પ્રમુખ મહેશભાઈ, જિ. મોરચા મહામંત્રી અશ્વિન ગામીત, તા. પ્ર. મુકેશ પટેલ, વિરલભાઈ વ્યાસ , ડો. લોચાન શાસ્ત્રી, મહામંત્રી સંજય બિરારી, રાકેશ શર્મા, તા. પં. પ્રમુખ દિપ્તીબેન પટેલ, ઉપપ્રમુખ માધુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com





# શ્રી પરમાનંદ જી



## યસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

કશ્મીરના અતિ સુંદર સૂર્ય ક્ષેત્રનું માર્તંડ ક્ષેત્ર મહાન ઋષિઓ સંતો, વેદાંતો, પ્રકાંડ બ્રાહ્મણોનું જન્મ સ્થળ રહ્યું છે. અહીં જન્મેલા સંતોને સમગ્ર ભારતમાં પ્રસિદ્ધિ મળેલ છે. ભારતના વિભિન્ન ક્ષેત્રોથી અહીં આવ્યા અને અધ્યયન કર્યો અને અધ્યયન અર્થે જ્ઞાની પુરુષો અહીં આવતા રહ્યા છે. પ્રાચીન ભવનો અને ઐતિહાસિક સ્થાનોની વસ્તુ કલા અને અહીંની ભાષામાં વિભિન્ન ભાષાઓનો સમાવેશ થવું એ જ આ તથ્યને સ્પષ્ટ કરે છે. કાશ્મીરનું માર્તંડ તીર્થ જે હજારો વર્ષોથી સનાતન ધર્મની જ્યોતિ પ્રજવલિત કરીને ધર્મ જ્ઞાન અને એકતાનો પ્રકાશ ફેલાવે છે.

માર્તંડ ક્ષેત્રમાં ઘણા બધા કર્મયોગીઓએ જન્મ લીધો હતો. જેમાં શ્રીકૃપારામ દત્ત શ્રી ઘાસુલાલ, શ્રી નારાયણજી ખેર, શ્રી સુદામાકૌલ, શ્રી રામચંદ્ર શાસ્ત્રી, પરમાનંદજી, શ્રી રામજી ટીકુ, શ્રીનાથ ટીક્કુ, શ્રી પ્રેમનાથ કીચલુ, પંડિત શ્રી શિવરામ, શ્રી શ્રીનાથ શેર વગેરે પ્રસિદ્ધ છે. પરંતુ એમાં કવિ શ્રી પરમાનંદજીનું નામ મોખરે છે. પરમાનંદનો જન્મ ૧૭૯૪ માં કાશ્મીરના સિરકાનેલીગુંદ નામના ગામમાં થયો હતો .તેમના પિતા કૃષ્ણ પંડિત પટવારી તરીકે કામ કરતા હતા અને તેમની માતા સરસ્વતી ખૂબ જ ધાર્મિક પરિવારના રહ્યા હતા. ગામડાના પટવારી પરિવારમાં જન્મેલા બાળકનું નામ નંદા રાખવામાં આવ્યું હતું. નંદરામ વિલક્ષણ બુદ્ધિવાળા હતા. ખૂબ બુદ્ધિશાળી હતા. તેમના શિક્ષકો અને શાળાના મિત્રો તેમની ધર્મ પ્રત્યેની નિષ્ઠા અને આધ્યાત્મિક બાબતો વિશેના જન્મજાત જ્ઞાનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેઓ મહાભારત, ભાગવત, પુરાણ, શિવપુરાણ અને વેદાંતનું અધ્યયન કરીને તેમણે ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પિતાના શ્રીકૃષ્ણ પંડિત પાસેથી પ્રારંભિક શિક્ષણ મેળવ્યા પછી ઉર્દુ, ફારસી અને સંસ્કૃતનું તેમણે અધ્યયન કર્યો મંદિરમાં સંસ્કૃત શીખ્યા. પિતાજીના મૃત્યુ પછી એમનો પટવારીનો વ્યવસાય અપનાવવાની તેમણે ખૂબ કોશિશ કરી. પરંતુ પ્રભુની સાધના અને ભક્તિનો માર્ગ પ્રાપ્ત થવાની સાથે સાથે પટવારીના વ્યવસાય તેમણે તિલાંજલિ આપીને તેઓ સાધુઓ સંતો સાથે માર્તંડ તીરથ તરફ આવી ગયા. પરમાનંદ ના પિતા કૃષ્ણ પંડિતે તેમના બાળપણમાં મરિયાદ નામની કશ્મીરી પંડિત યુવતી સાથે વેવિશાળ કરાવ્યું. પરમાનંદ મૂળ તો નિખાલસ અને શાંત પ્રકૃતિના સ્વભાવના હતા. જ્યારે તેમની પત્ની બારે ઉગ્ર સ્વભાવની હતી. વૈવાહિક જીવનની ઘણી બધી તકલીફો વેઠીને તેમણે જીવનનો મોટાભાગનો સમય સંતો અને ઋષિઓની સંગતમાં વધુને વધુ લીન રહ્યા હતા. સ્વામી આત્માનંદના માર્ગદર્શન હેઠળ તેમણે વેદો, ઉપનિષદોમાં વધુને વધુરુચિ લઈને વિધિવત વેદાંતનો અભ્યાસ કર્યો હતો. તેમણે શીખ ગુરુઓ પાસે, સાથે રહીને પણ ગુરુ ગ્રંથ સાહેબનું પણ દીર્ઘ વાંચન કર્યું હતું. ગામડાના પટવારીના પરિવારમાં જન્મેલા બાળકનું નામ નંદારામ રાખવામાં આવેલું પિતાના શ્રીકૃષ્ણ પંડિત પાસેથી પ્રારંભિક શિક્ષણ મેળવ્યા પછી ઉર્દુ ફારસી અને સંસ્કૃતનું તેમણે અધ્યયન કર્યું. પિતાજીના મૃત્યુ પછી એમનો પટવારીનો વ્યવસાય અપનાવવાની કોશિશ કરી. પરમાનંદે એમનું ઔપચારિક શિક્ષણ ઘરે, મકતબામાં લીધું હતું. જ્યાં તેમને ફારસી અભ્યાસક્રમો સાથે પ્રાથમિક સંસ્કૃતિનું પ્રાથમિક સંસ્કૃતનું શિક્ષણ પણ મળ્યું હતું. તે સમયે મુખ્યત્વે ફારસી ભાષાનો વિનિમય થતો હતો. રાજ દરબારના વહીવટના લેવડ-દેવડમાં ફારસી મુખ્ય ભાષા હતી. માર્તંડ ક્ષેત્રના અન્ય વિદ્વાનો સંતો સાથેનો એમનો જીવંત ભર જીવંત સંપર્ક કર્યો. જેથી તેમને ધર્મ આત્મા પરમાત્માનું અનુસંધાન આત્મસાક્ષાત્કાર, ભક્તિના પ્રવેશમાં તેમને વધુને વધુ અનુરાગ થયો. તેમને પિતૃક વહીવટ ના ભાગરૂપે પટવારીના વ્યવસાયમાં જરા પણ રસ લાગ્યો નહોતો. તેમના ગૃહસ્થાધર્મમાં તેમના ધર્મપત્ની સાથે વધુને વધુ સાંસારિક ખટરાગો ઊભા થતા રહ્યા. પત્ની પણ સંપન્ન પટવારીની પુત્ર પુત્રી હતી. જેથી ધર્મના સત્સંગમાં ડૂબેલા પતિદેવ તરફ પત્નીને ખાંસી નારાજગી રહી હતી. પરમાનંદે માર્તંડ તીર્થમાં સાધુ સંતોની સંગતમાં પોતાની નિધિ સાધના ચાલુ રાખી અને તેમના પરમહંસના સક્ષમ માર્ગદર્શન હેઠળ તેમની આંતરિક યાત્રા ઉધ્વગતિમાં રહી. સાલેગનાઈ જેવા તેમના પ્રશંસકો સાથે તેમની આધ્યાત્મિક યાત્રા વધુને વધુ ચેતનવંત બની રહી. પ્રાચીન સમયના અમરનાથ તીર્થયાત્રાના સમય દરમિયાન તેઓ આધ્યાત્મિક અનુભૂતિઓના પણ જાતે સાક્ષી બન્યા હતા.

પરમાનંદની કાશ્મીરી કવિતામાં ધર્મ અને ફિલસોફીના વાતાવરણમાંથી પ્રેમ અને સુંદરતાનો દિવ્ય સંદેશ વહી રહેતો. તેમની કૃષ્ણ ભક્તિ અનન્ય રહી. ભગવાન શ્રીકૃષ્ણના પરમ ભક્ત શ્રી પરમાનંદે સૂરદાસની કાવ્ય રચનાનો અભ્યાસ કરીને તેનો કાશ્મીરી ભાષામાં તરજુમો પણ કર્યો હતો. તેમનું -ભુત્વ ફારસી ભાષામાં સૌથી વધુ રહ્યુ અને ફારસી ભાષામાં તેઓ ગરીબ ઉપનામ સાથે રાખીને છંદોની રચના કરતા રહ્યા. ભગવાન કૃષ્ણના ભક્ત કવિ પરમાનંદ ભક્તિ ,જ્ઞાન અને -મના -વાહોને કારણે તેમની સાહિત્યિક રચના કશ્મીરી ભક્તિ સાહિત્યમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમની કવિતા ધર્મ ,ન્યાય, કર્મ ભૌતિક જગતની નિરર્થકતા જીવનની અર્થપૂર્ણતા અને માનવ ચેતનાના આધ્યાત્મિક કેન્દ્રોનું વિશિષ્ટ નિરૂપણ કરે છે. એમની કાવ્ય માં મહત્તમ સૂર તો કૃષ્ણના હૃદયને સ્પર્શે છે. તેમની કાવ્ય સૃષ્ટિમાં સગુણ લક્ષણો સાથે અને નિર્ગુણ પાસાઓ વચ્ચેના ભેદને ખૂબ સૂક્ષ્મ રીતે પાર કરે છે. પરમાનંદ દ્વારા સર્જેલ ફારસી ગીતો ,કાશ્મીરી વાખો , ભક્તિ ગીતો, ભજનોએ લોકોના દિલમાં એમના -ત્યે ખૂબ આદર અને સન્માન જાગૃત કર્યું હતું. તે સમયે માર્તંડ ક્ષેત્રના કશ્મીરી લોકોના હૃદયમાં સ્વામી પરમાનંદનું સ્થાન ખૂબ ભક્તિ ભાવભર્યું રહ્યું હતું અને તેમનું નામ આદરપૂર્વક લેવાતું હતું. તેમની કવિ તરીકેની લોકચાહ નાથી માર્તંડના ગનાઈ પરિવારના એક -સિદ્ધ વ્યક્તિ એ તેમને ૧૭ કેનાલ જેટલી જમીન પરમાનંદને ભેટમાં આપી દીધી હતી. ગનાઈ પરિવારે પરમાનંદજીને માર્તંડના સદસ્ય બનાવ્યા. પરમાનંદની કવિતામાં આત્મજ્ઞાન અને આનંદની શૃંગાર નિજાનંદ રસધારા મુખ્ય સ્રોત બની રહ્યું .તેમની કવિતામાં ઉચ્ચતર ભાષા સાથે જનમાનસના હૃદય પટલ પર ઊંડી છાપ છોડે છે. એમની અમર રચનાઓમાં રાધા સ્વયંવર સૂત્રમાં હૃદય રાધા સ્વયંવર, સુદામા ચરિત્ર, અમરનાથ યાત્રા, કર્મભૂમિકા કલ તી છાંટો જેવા ભક્તિના રસનું ખુબ સુંદર રીતે આત્મન થાય છે અને ૧૮૭૯ ના વર્ષમાં પરમાનંદજી પંચભૂતમાં શરીરને ત્યાગીને બ્રહ્મલીન થઈ ગયા. એમના નિધન પછી પણ ગનાઈ સાહેબ એમનું શ્રાદ્ધ પરમ શ્રદ્ધા અને આદર સાથે ઘણી સદીઓ પર્યંત કર્યા કરાવતા રહ્યા. કાશ્મીરી સાહિત્યમાં પરમાનંદનું યોગદાન તો ઘણું રહ્યું, પરંતુ પરમાનંદજીની અદ્રિતીય કાવ્ય રચનાનો બીજી ભાષાઓમાં અનુવાદ થયું હોત તો એ ઉત્તમ સાહિત્યિક રચનાઓની ગણના વિશ્વના મહાન સાહિત્યમાં અવશ્ય ઉચ્ચતર સ્થાને બની રહી હોત. જેમાં કોઈ બે મત નથી. એમની ફારસી કવિતાઓનો અંગ્રેજી ભાષામાં અનુવાદ માસ્ટર જીંદ કોલે સમગ્ર વ્યાખ્યા સહિત ત્રણ ભાગોમાં વિભાજીત કરીને કરેલ છે. જ્ઞાનપ્રકાશ પુસ્તકમાં પરમનંદની સમગ્ર કવિતાનું સંચયન થયેલ છે. જે શ્રીનગરના પુસ્તકાલયમાં પ્રાપ્ય છે. સને ૧૯૬૦ માં કશ્મીરના પ્રધાનમંત્રી બક્ષી ગુલામ મહંમદે માર્તંડમાં આયોજિત જ' -એ પ્રકાશ્મીરના એક સંગીત કાર્યક્રમમાં પરમાનંદ રચિત એક રીત સાંભળ્યું જેના શબ્દો

**चंदकुय रावि तस यस नि**
**दियि दय**
**द्रअलदस संचेत रोजिय नि वय**
**7**
**रॉनमुत अनि कअती यियिकती**
**छाव**
**दियि नय दाति यस सु मंगते**
**दाव ।**

જે વ્યક્તિ પર પ્રભુની દ્રષ્ટિ ના હોય તો એના ગજવામાં ધન ટકી શકતું નથી. કર્મહીન માણસનું સંચિત કરેલું ધનથી પણ ખાવાના પણ સાંસા પડી જતા હોય છે.

આ ગીત શ્રી સોમનાથ મુસા દ્વારા ગાવામાં આવ્યું. આ ગીત સાંભળીને કશ્મીરમાં બક્ષી સાહેબ એટલા પ્રભાવિત થઈ ગયા કે આ ગીત એમણે ફરી ફરીને સાંભળવાની મહેફિલમાં વારંવારની ફરમાઈશ કરી અને આ ગીતના રચનાકાર શ્રી પરમાનંદનું નામ ઉપર પરમાનંદ આશ્રમ સ્થાપીને એમનું સ્મારક રચીને એમના અમર સાહિત્ય માટે ખૂબ જ સુંદર શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

પરમાનંદનું મહાકાવ્ય રાધાસ્વયંવરમાં પરમાનંદે તેમની ઊંડી કાવ્યાત્મક અભિવ્યક્તિની અસાધારણ શક્તિ અને રાધા કૃષ્ણનું અદ્રિત પ્રેમ જોડાણ અને કૃષ્ણ પ્રત્યેની અપ્રિતમ ભક્તિને ખૂબ જ સુંદર રીતે કાવ્ય શિલ્પ કંડારયું હતું. લગભગ ૧૪૦૦ શ્લોકો ધરાવતી આ કવિતા એક પરમશક્તિનું આધ્યાત્મિક રૂપક છે. જેનો પાયો ભગવત પુરાણના દસમા સ્કંધના ઉપદેશમાં સંયોજિત છે. તેમની કાવ્ય સૃષ્ટિમાં પરમાનંદ કૃષ્ણ અને રાધા વચ્ચેના ઊંડા આધ્યાત્મિક જોડાણને ખૂબ સુંદર રીતે અનુપમ દર્શાવે છે. અહીં અહીં દેવી પ્રેમનું સાતત્ય દેખાય છે. આ મહાકાવ્યમાં કૃષ્ણ અને રાધા નો જન્મ પરસ્પર અનુબંધ ને રસધારા, વનનું રમણીય વર્ણન ,કૃષ્ણની વાંસળીના સ્વરો, વૃંદાવનનું રાસ રસ દર્શન, ગોપી ભક્તિ લક્ષણા, રાધા અને રુકમણી નું જોડાણ, રાધાકૃષ્ણ અને મિલનની પરાકાષ્ઠાનું અતિ સુંદર આહલાદક વર્ણન પરમાનંદે કરેલ છે. કાશ્મીરના સૂરદાસ તરીકે ઓળખાતા પરમાનંદનું કાશ્મીરી સાહિત્યના પદ્યમાં ખૂબ જ સુંદર યોગદાન છે.

શિવ લગ્નએ પરમાનંદની બીજી ખૂબ જ મહત્વની કાવ્ય રચના છે. જેમાં શિવ અને શક્તિનું ખુબ જ સુંદર જોડાણ દર્શાવાયું છે. શિવ અને શક્તિ દ્વારા રજૂ કરાયેલ પુરુષ અને પ્રકૃતિના જોડાણ દ્વારા સૃષ્ટિનું રહસ્ય તેમણે વ્યક્ત કર્યું છે. પરમાનંદની કાવ્ય શૃંખલામાં ઉપરછલ્લી સપાટીએથી ઊંડાણ સુધી લઈ જવાનો સુંદર ગહન આધ્યાત્મિક પથ દર્શાવવાયો છે.સંસારની કઠોન કઠિન તાપોમાં તેઓ વ્યથિત થતા રહ્યા. બે બે પુત્રોના અકાળ અવસાનથી પરમાનંદના હૈયા ઉપર ખૂબ વજ્રઘાત થયો. તેઓ આ દુ:ખ સહન નહીં કરી શક્યા. એમની શારીરિક અને માનસિક વ્યાધિઓ પણ ઘણી વધતી રહી. તેમણે પુત્રીના પુત્રને દત્તકમાં લીધો, પરંતુ બંનેના પ્રકૃતિગત સ્વભાવની અસમાનતાને લીધે બંને વચ્ચે ભાવનાત્મક પારિવારિક સંબંધ પ્રસ્થાપિત નહીં થઈ શક્યો. તેમની શારીરિક અશક્તિઓ વધી ગઈ આંખોની રોશની અને શ્રવણતા પણ ઓછી થતાં તેઓ દુ:ખી થવા લાગ્યાં. તેમની અસહાય સ્થિતિનું કરુણ વર્ણન તેમની ફારસી ભાષાના લખાયેલ કાવ્ય પંક્તિઓમાં જોવા મળે છે.

**હમી ગુપ્તમ ખુદા વંદા**
**કરમકુન**
**નામે ગુપ્તમ ખુદા વંદા**
**કરમકુન**

હે ભગવાન, મેં તમારા આશીર્વાદ માટે વિનંતી કરી હતી મને બહેરા બનાવવા માટે નહીં.


વૃદ્ધાવસ્થાની શારીરિક અને માનસિક પીડામાં લક્ષ્મણ રૈના, બુલબુલ જેવા કવિઓએ અને શ્રી નારાયણ જેવા કલાકારોએ અને તેમના ઘણા બધા સમર્પિત શિષ્યોએ તેમના એકાંતનો બોજ વહેચી લીધો હતો અને પરમાનંદને ખૂબ સારી રીતે સંભાળી લીધા હતા. કાશ્મીરી સાહિત્યમાં પરમાનંદ એક અગ્રણી વ્યક્તિ હતા અને તેમની જીવનયાત્રા અને લખાણો આજે પણ વાચકોને પ્રેરણા આપે છે. પરમાનંદ પરમાનંદજીની કવિતામાં માનવીય સંવેદનાઓ, લયબદ્ધતા, ગતિશીલતા અને ભવ્યતાથી થી પરિપૂર્ણ છે. તેમણે પોતાનું એક વિશિષ્ટ કાવ્ય શિલ્પ કેન્દ્રિત કર્યુ. જેમની કાવ્ય શબ્દશક્તિની નિપુણતા કાશ્મીરી સાહિત્યમાં અજોડ રહેલી છે.


# નવસારી નગરપાલિકાએ ગણેશ ઉત્સવના ૧૦ દિવસ દરમિયાન ૧૬ ટન પુજાપો એકત્રિત કરી ખાતર બનાવ્યું

### OWC મશીન એટલે કે ઓર્ગાનિક વેસ્ટ કન્વર્ટર મશીનમાં પુજાપા નાખી ૨૪ કલાકમાં બની જાય છે ખાતર : નવસારી જિલ્લા તંત્રની સરાહનિય પહેલ ભગવાનની શ્રધ્ધા અને આસ્થા સાથે પર્યાવરણની જાળવણીનો પણ સંકલ્પ : આનંદ ચૌદસના દિને વિરાવળ, પુર્ણા નદિ કિનારે, દાંડી ખાતેથી પણ અલગથી પુજાપાના કલેકશનની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી









**સંકલન-વૈશાલી પરમાર**

**નવસારી, તા. ૨૦ :** ભારત વર્ષમાં ગણેશમહોત્સવને ખુબ ધુમધામથી મનાવવામાં આવે છે. પરંતુ ક્યારેક ભક્તિના અને ઉત્સવોના માહોલમાં આપણાથી જાણ્યે અજાણ્યે પર્યાવરણને નુકશાન થતુ હોય છે. ગણેશ ઉત્સવમાં ગણપતિને સવાર સાંજ દિવા આરતીની સાથે સાથે ફુલહાર દરોઇ ચઢાવવામાં આવતી હોય છે. જે ભગવાન ઉપરથી ઉતારી લીધા બાદ કચરામાં નાખવા અને પાણીમાં વહેવડાવવામાં આવે છે. જે એક રીતે કચરો જ બની જાય છે. પરંતું કચરાનો યોગ્ય નિકાલ કરવાથી આ જ કચરામાંથી સોના રૂપ ખાતર બનાવી શકાય છે.

આજ બાબતને નવસારી જિલ્લા તંત્રએ બખુબી ઓળખી લઇ આ સમસ્યાનું નિવારણ શોધી કાઢ્યું છે. નવસારી જલાલપોર નગરપાલિકા દ્વારા ગણેશ ઉત્સવ દરમિયાન સવાર સાંજ નિકળતા પુજાપાના કચરાના યોગ્ય નિકાલની સુદ્રઢ વ્યવસ્થા છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી રહી છે. જેના થકી શહેરને કચરાથી મુક્ત કરવાની સાથે સાથે ભક્તોની લાગણીઓને પણ ઠેસ નથી પહોચતી. અને કચરાનો ઉપયોગ ખાતર બનાવવા થવાથી એ ખાતર નગરપાલીકાના બાગબગીચામાં નાખવાથી ફુલ છોડને પણ ફાયદો પહોચે છે.

સમગ્ર નવસારી નગરપાલિકામાં અંદાજીત ૯૦૦ ગણેશમંડળો છે. જ્યા નાની મોટી ગણેશમુર્તીની સ્થાપના કરવામાં આવી હતી. એક દિવસમાં અંદાજીત ૦૧ ટન ફુલહાર અને અન્ય સજાવટનો કચરો સ્વચ્છતા વાન દ્વારા એકઠો કરવામાં આવતો હતો. આ કામગીરી માટે કુલ-૦૩ સ્વચ્છતા વાન અને અંદાજિત ૪૬ સફાઇ કર્મચારીઓ નિમવામાં આવ્યા હતા. આ ઉપરાંત નગરપાલિકા દ્વારા હેલ્પલાઇન નંબરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જેના ઉપર કોલ કરવાથી સ્વચ્છતા વાન જે-તે સ્થળે કચરો એકઠો કરવા પહોચતા હતા.

હેલ્પ લાઇન નંબરના કારણે તથા રોટરી ક્લબ, રોબીન હુડ આર્મી જેવા NGO તથા જાગૃત ગણેશભક્તોના કારણે આસપાસના ગામના લોકોને આ કામગીરી અંગે જાણકારી મળતા ગામના નાગરિકો પણ પુજાપો આપી જતા હતા. સવાર સાંજ નિયમિત રીતે એકઠા થતા આ કચરાને નગરપાલિકાના શાકભાજી માર્કેટ સેન્ટર ખાતે લાવવામાં આવતો હતો. સ્વચ્છતા કર્મચારીઓ દ્વારા ફુલહારના કચરામાંથી પ્લાસ્ટીક સહિત અન્ય અનઓર્ગેનિક કચરાને અલગ કરવામાં આવતો. આ સેન્ટર ખાતે ઉપલબ્ધ OWC મશીન એટલે કે ઓર્ગાનિક વેસ્ટ કન્વર્ટર મશીનમાં કચરાને નાખી અન્ય પ્રોસેસીંગ લીક્વીડ જેવા પદાર્થોને મિક્ષ કરી ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવે છે. દરેક ખેડૂત જાણે છે કે, ખાતર એટલે ખરું સોનું. આ સોના રૂપી ખાતરને જરૂરિયાત મંદ ખેડૂતોને વિના મુલ્યે વિતરણ અથવા નગરપાલિકાના બાગ બગીચામાં ઉપયોગ કરવામાં આવે છે. જેના થકી ફુલ છોડને પણ અનેક ફાયદો થાય છે.

અત્રે નોંધનિય છે કે, નવસારી નગરપાલિકા દ્વારા છેલ્લા ૩ વર્ષથી બ્ષ્દ મશીન ઉપલભ્ધ છે. જેના થકી કચરાને ખાતર બનાવવાનું કામ દૈનિક ધોરણે કરવામાં આવે છે. આ મશીનો દ્વારા લીલા અને સુકા કચરાને અલગ અલગ પ્રોસેસ કરવામાં આવે છે. મશીનમાંથી નિકળતા ખાતરને એક-બે કિલોના પેકેટ બનાવી વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે. મશીનમાં ૨૪ કલાકમાં ખાતર બનીને તૈયાર થઇ જાય છે. મશીનમાં એક સાથે અંદાજીત દોઢ ટન કચરો એક સાથે નાખી શકાય છે.

આ અંગે વિગતવાર જાણકારી આપતા નવસારી નગરપાલિકાના ચિફ ઓફિસરશ્રી જે.યુ.વસાવા એ જણાવ્યું હતું કે,નાગરિકોમાં કચરાના સાઇન્ટીફિક નિકાલ અંગે જાગૃતતા વધે તે માટે ગણેશ ઉત્સવપુર્વે જ ભક્તો સાથે બેઠક કરી આ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. નવસારી વિજલપોર નગરપાલિકા દ્વારા દૈનિક રીતે એકઠા કરવામાં આવતા કચરામાં ૦૯ દિવસમાં અંદાજિત ૦૭ ટન પુજાપો એકત્રીત કરવામાં આવ્યો હતો. તથા આનંદ ચૌદસના દિને વિરાવલ, પુર્ણા નદિ કિનારે, દાંડી ખાતેથી પણ અલગથી પુજાપાના કલેકશનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં આનંદ ચૌદસના દિને લગભગ ૦૮ ટન કચરો એકત્રીત કરવામાં આવ્યો છે. આમ અત્યાર સુધી આ ઝુંબેશ હેઠળ કુલ-૧૬ ટન જેટલા પુજાપો એકત્રીત કરી ખાતર બનાવવાની પ્રોસેસમા મુકવામાં આવ્યો છે. નાગરિકોને હોમકોમ્પોસ્ટીંગ અંગે જાણકારી મળે તથા સ્વચ્છતા પ્રત્યે જાગૃત થાય તે બાબત ધ્યાને લઇ આ પહેલ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત નગરપાલિકાના વાઇપેય ગાર્ડન ખાતે કોમ્પોસ્ટ પીટની સુવિધા ઉપલબ્ધ છે જ્યા પરંપરાગર રીતે ઓર્ગેનિક કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે. ગણેશઉત્સવના ૧૦ દિવસ દરમિયાન નગરપાલિકાની આ સુવિધાનો લાભ લેનાર નવસારી નગરપાલિકાના દુધિયા તળાવ વિસ્તારના શ્રી મહાલક્ષ્મી ગણેશ મંડળના એક જાગૃત નાગરિક વિક્રમસિંહ પટેલ આ કામગીરીની સરાહના કરતા જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા ગણેશ ઉત્સવ દરમિયાન પુજાપાને ભેગા કરી ખાતર બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે પુજાપો કોઇના પગ નીચે ના આવે અને ખાતર બનાવવામાં ઉપયોગમાં આવે જે ખુબ સારી બાબત છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વારે તહેવારે તમામના ઘરે ફુલહારનો ઉપયોગ થાય જ છે આ ફુલહારનો ઉપયોગ ખાતર બનાવવામાં થાય તો આપણા શહેરને સ્વચ્છ રાખી શકીએ છે. નવસારી પ્રસાશન દ્વારા આ સારી પહેલ કરવામાં આવી છે જેને તમામ નગરપાલિકાઓએ અપનાવવી જોઇએ.

તહેવારોમાં ઉપયોગમાં આવતા ફુલહાર અને પુજાપાને લોકો ભારે આસ્થા સાથે ભગવાનને ચઢાવતા હોય છે. પરંતું આસ્થાનું પ્રતિક એવા આ જ માલસામાન તહેવાર પુરો થતા ફક્ત એક કચરાનું સ્વરૂપ લેતા હોય છે. જે ઘણી વાર ભાક્તોની લાગણીને દુભાવતા દ્રશ્યો જોવા મળતા હોય છે. આ કચરામાંથી પ્લાસ્ટીક રૂપી દુર્ગુણને હટાવી ફુલહાર જેવા સદગુણને ખાતર બનાવવા ઉપયોગ કરવામાં આવે તો આ જ કચરો ઓર્ગેનિક ખાતર રૂપી સોનાનું સ્વરૂપ ધારણ કરી ધરતીને લીલીછમ બનાવવામાં ઉપયોગી થઇ પડે છે. આમ ભગવાનની આસ્થાનું સ્વરૂપ સમાન પુજાપાનો ઉપયોગ આપણી ઇચ્છાશક્તિ અને થોડી ઘણી સમજદારીથી કચરાને પણ કંચન બનાવી દે છે. આ કામગીરીની પહેલ કરનાર નવસારી જિલ્લા તંત્ર, નગરપાલિકા તંત્ર, સફાઇ કર્મચારીઓ, સેવાભાવી એનજીઓ તથા જાગૃત ગણેશભક્તો પ્રશંસાને પાત્ર છે.

# અભિનેત્રી કરીના કપૂર

## સપ્ટેમ્બરના સિતારા

**- નરેશ કાપડીઆ**

હાલના સમયની હિન્દી ફિલ્મોના સફળ અભિનેત્રી કરીના કપૂર ખાનનો જન્મ૨૧ સપ્ટેમ્બર, ૧૯૮૦ના રોજ થયો હતો. તેઓ રણધીર કપૂર અને બબીતાના દીકરી છે. તો અભિનેત્રી કરિશ્મા કપૂરના નાના બેન છે. ફિલ્મોમાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ કરવા માટે તેઓ જાણીતા છે. તેઓ રોમાન્ટિક કોમેડીથી ક્રાઈમ ડ્રામા જેવી ફિલ્મો કરે છે. તેમને છ ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યાં છે. બોલીવૂડના સૌથી લોકપ્રિય અને સૌથી વધુ ફી ચૂકવાતી અભિનેત્રીઓમાં કરીના કપૂર એક છે. પિતૃ પક્ષે તેઓ રાજ કપૂરના પૌત્રી અને માતૃ પક્ષે અભિનેતા હરિ શિવદાસાનીના પૌત્રી છે. તો ઋષિ કપૂરના ભત્રીજી છે. માતા બબીતા કહે છે કે તેઓ જયારે ગર્ભવતી હતાં ત્યારે તેઓ 'અન્ના કેરેનિના' પુસ્તક વાંચતાં હતાં. તેથી તેમણે દીકરીનું નામ કરીના રાખ્યું. પિતા પક્ષે તેઓ પંજાબી અને માતૃ પક્ષે સિંધી અને બ્રિટીશ કુળના છે. બાળપણમાં તેઓ પરિવાર સાથે હિંદુ રીત રીવાજો પાળતાં તો માતા દ્વારા તેમને ખ્રિસ્તી રીવાજો પણ શીખવા મળ્યાં હતાં. કરીના પોતાને એક ખુબ તોફાની અને 'બગાડવામાં આવેલી' બાળકી રૂપે વર્ણવે છે. નાનપણથી તેમને ફિલ્મોમાં રસ હતો જે અંતે અભિનેત્રી બનવામાં પરિણમ્યો. નરગિસ અને મીના કુમારીને જોઈને તેમને અબીનેત્રી બનવાની પ્રેરણા મળી હતી. કપૂર પરિવાર ફિલ્મો સાથે સંકળાયેલું હોવા છતાં તેમના પિતા રણધીર કપૂર પરિવારની મહિલાઓને ફિલ્મ તરફ જવા દેવાના વિરોધી હતા. એમના માણવા મુજબ ફિલ્મી કરિયર મહિલાની પરિવાર અને સંતાનો પ્રત્યેની ફરજોમાં અવરોધ બને છે. જયારે કરીનાના માતા બબીતા આવું માનતા નહોતા અને તેને કારણે માં-બાપ વચે અણબનાવ થયો અને તેઓ જુદા પણ પડ્યાં હતાં. તેમને માતાએ ઉછેર્યા અને મોતી દીકરી કરિશ્મા ૧૯૯૧માં ફિલ્મી અભિનેત્રી બન્યાં ત્યાં સુધી માતા બબીતાએ અનેક કામ કરીને દીકરીઓને મોટી કરી છે. અનેક વર્ષો અલગ રહ્યાં બાદ ૨૦૦૭માં માં-બાપ ફરી એક પણ થઈ ગયાં. કરીના કહે છે કે 'ભલે અમે વર્ષો સુધી સાથે નથી રહ્યાં પણ મારા જીવનમાં મારા પિતાજી પણ ખુબ મહત્વના છે અને હવે અમે એક પરિવાર જ છીએ.'કરીના પહેલાં મુંબઈની જમનાબાઈ નરસી સ્કૂલમાં અને પછી દેહરાદૂનની વેલ્હામ ગર્લ્સ સ્કૂલમાં ભણ્યા છે. તેમને ભણવાનું ગમતું નહોતું પણ ગણિત સિવાયના વિષયમાં માર્ક્સ સારા આવતાં હતાં.પછી તેઓ મુંબઈના વિલે પાર્લેની મીઠીબાઈ કોલેજમાં બે વર્ષ ભણ્યાં. પછી અમેરિકાની હાર્વર્ડ સમર સ્કૂલમાં માઈક્રો કમ્પ્યુટર કોર્સ કર્યો. પછી તેમને કાનૂન ભણવામાં રસ પડ્યો. મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં ભણ્યાં. જોકે પહેલાં વર્ષ બાદ તેમને અભિનેત્રી બનવામાં રસ પડ્યો પણ અહીં તેમને વાચનનો શોખ જાગ્યો જે લાંબા સમયથી જળવાઈ રહ્યો છે. તેઓ કિશોર નામિત કપૂરની અભિનય તાલીમ ઈન્સ્ટિટયૂટમાં જોડાયાં. ૨૦૦૦ના વર્ષની યુદ્ધની કથાવાળી ફિલ્મ 'રેફ્યુજી'થી તેઓ આવ્યા અને 'અશોકા' તથા 'કભી ખુશી કભી ગમ'થી તેઓ સ્થાયી થયાં. જોકે આરંભની આ સફળતા બાદ તેમની સંખ્યાબંધ નિષ્ફળ ફિલ્મો પણ આવી, જેમાં તેઓ એકસરખી ભૂમિકા કરતાં દેખાયાં. પણ ૨૦૦૪ના વર્ષમાં તેઓ પરંપરાથી ખસીને સેક્સ વર્કરની ભૂમિકામાં 'ચમેલી'માં દેખાયા અને ઘણું બદલાઈ ગયું. તેજ વર્ષે દંગા પીડિતની ભૂમિકામાં 'દેવ'માં આવ્યા. ૨૦૦૬માં તેમણે શેક્સપિયરના 'ઓથેલો'નાટકના ડેસ્ડેમોનાનું રૂપ 'ઓમકારા'માં ભજવ્યું. એ બધાંની સાથે તેમને એવોર્ડ્સ મળતાં રહ્યાં. 'જબ વી મેટ' અને 'વી આર ફેમિલી'માં સહાયક અભિનેત્રીના એવોર્ડ્સ પણ મળ્યાં. તેમને સૌથી મોટી સફળતા દેશની સૌથી સફળ ફિલ્મો '૩ ઈડીયટસ' અને 'બજરંગી ભાઈજાન'ની નાયિકા રૂપે પણ મળી.પછી 'કુરબાન' અને 'હિરોઈન'માં પણ તેમને સફળતા મળી. અભિનેતા સૈફ અલી ખાન સાથે લગ્ન બાદ કરીનાને તૈમુર નામનો દીકરો છે. કરીના પડદા બહાર મીડિયામાં પણ છવાયેલાં રહે છે. તેઓ આખાબોલાં હોવાનું વ્યક્તિત્વ વિકસ્યું છે.તેમની ફેશન સ્ટાઈલ પણ જાણીતી છે. તેઓ પડદા ઉપરાંત રંગમંચ પર પણ અભિનય કરતાં જોવા મળે છે.તેઓ ત્રણ પુસ્તકોના સહલેખિકા પણ છે. એમાંની એક જીવનચરિત્ર સમું સ્મૃતિ પુસ્તક છે,તો બે ન્યુટ્રીશન ગાઈડ છે. તેમની પોતાની ક્લોધિંગ લાઈન છે જે 'ગ્લોબસ' નામની રિટેલ ચેઈન સાથે છે.

સપ્ટેમ્બરના સિતારા - નરેશ કાપડીઆ (પુસ્તકમાંથી)

# અર્પણ કર્યું હોય તો જ તર્પણ કરવું!



હમણાં શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે. આપણે સૌ પિતૃઓના આશીર્વાદ મેળવવા માટે જાત વાનીનું ભોજન બનાવીને કાગવાસ મૂકી રહ્યાં છીએ. આમ પણ આપણે તો ભગવાન પહેલાં પિતૃઓનું પૂજન કરીએ છીએ. એવું કેમ હશે? એક કારણ કદાચ એ પિતૃઓ આપણાં માતા-પિતા હતાં એટલે? અહીં આપણને એક વાત એ સમજાય કે માતા પિતાનું આપણાં જીવનમાં કેટલું મહત્વ છે. જીવતા જીવ પણ અને એમનાં મૃત્યુ પછી પણ. ભગવાન ખુદ એમને આગળ કરીને પોતે પાછળ રહે છે.

માનવીને આમ પણ બધું મેળવવું જ હોય છે એ આપવા માટે ક્યારેય તૈયાર નથી જ હોતો. માણસ નામનું જે પ્રાણી છે એ છે જ અસંતોષી અને લોભી. એણે પોતે ક્યારેય કશું આપવું નથી પણ જોઈએ છે પહેલું. દરેક જીવ પોત પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે. એ પિતૃઓ જ્યારે આપણી પાસે હાજર હતાં ત્યારે જ જો આ જાતવાની જમાડી હોત તો એમનો જઠરાગ્નિ કેટલો તૃપ્ત થયો હોત અને જીવતા જીવ જ આપણને કેટલાં આશીર્વાદ આપ્યાં હોત. પરંતુ આપણે તો જે પાસે હોય છે ને એની કદર નથી કરતાં. જે સહેલાઈથી મળે છે ને એની કોઈ કદર કરતું જ નથી એ દરેક જીવની ફિતરત છે. આમ પણ માણસ જાય પછી જ એમની કદર અને એમનું મૂલ્ય સમજાતું હોય છે.

ઓશો ખૂબ સરસ વાત કહે છે.

मनुष्य डरता है।
इसलिए मुर्दे को पूजता है।
जिंदा थे तब सम्मान नहीं।
जीवन का सम्मान नहीं।
और मृत्यु से घबराता है।

માણસ નામનો જીવ એક રીતે ડરપોક તો ખરો જ. એ ફક્ત આરંભેસુરો જ હોય છે. પછી તો એ દરેક ડગલા ગભરાતાં ગભરાતાં જ ભરતો હોય છે.

श्रद्धया इदं श्राद्धम्?
જે શ્રદ્ધાથી કરવામાં આવે એ જ શ્રાદ્ધ.

સ્ત્રી, પુત્ર, ધન, વિદ્યા, ગયાં જન્મનાં કર્મો પ્રમાણે જ મળે છે. એવું શાસ્ત્રોમાં લખ્યું છે. આ બધું તો હવે ભગવાન જાણે. પણ એક પરિવારની વ્યાખ્યા શું હોય શકે? પરિવારની વ્યાખ્યા એ નથી કે સૌ કોઈ સાથે રહે. પરિવાર એટલે સૌ કોઈ સુખ દુઃખમાં સાથે રહી પોતાની અને પોતાનાની જિંદગી ઉજવે. એકલતાનો પડછાયો પણ ક્યાંય ન જણાય તે પરિવાર. કહ્યાં વિના સઘળું સમજે એ પરિવાર. આપણાં પરિવારનો આત્મા આપણાં વડીલો અને બાળકો છે. એમના વિના ઘર ઘર નથી ફક્ત મકાન બની રહે છે. યંત્રવત્ત જીવન જીવતાં, એકલવાયું જીવન જીવતાં પરિવારને ક્યાંથી ખબર હોય આ સંયુક્ત પરિવારની મોજ વિશે. આપણાં બાળકો આપણા સ્ટ્રેસ બુસ્ટર છે તો વડીલો મોટીવેશનલ સ્પીકર. સાચી ભગવાનની ભક્તિ ત્યાં જ થતી હોય જ્યાં મા-બાપને માનભેર રખાતાં હોય અને મા-બાપ સ્વમાનભેર જીવતાં હોય. જે ઘરમાં મા-બાપ ખુશ, સુખી એ ઘર સ્વર્ગથી જરાય ઉતરતું નથી.



**નોખી-અનોખી**
**- કિંજલ પંડ્યા, પારડી**

મા-બાપ જ્યારે યુવાન હતાં ત્યારે આપણું બાળપણ ન બગડે એટલે અનેકો ત્યાગ અને બલિદાન આપ્યાં હતાં. હવે મોટા થઈને એ બધું જ કરવાનો વારો આપણો છે. આપણે એ ભૂલી જઈએ છીએ. આપણાં મા-બાપને, એમણે કરેલાં બલિદાનો, આપણાં માટે આખી રાત કરેલ ઉજાગરાઓ, હસતાં મોઢે કરેલાં ત્યાગો. મા-બાપ બધું જ હસતાં મોઢે સહન કરી લે છે. બાળપણમાં જે બાપના ખભે ચડ્યાં હોઈએ, જે માના ખોળામાં કેટલીય વાર માથું મૂકીને સુતાં હોઈએ સમય જતાં જ એ બાપનો ખભો અને માનો ખોળો ક્યાંક ખોવાઈ જતાં હોય છે. મા-બાપ માટે નહીં આપણાં માટે.

વૃદ્ધો અને વૃદ્ધાશ્રમ વિશે આપણે જરાયે અજાણ નથી. પોતાના પરિવારને સુખી રાખવાં ઘરનાં વડીલો વૃદ્ધાશ્રમમાં જતાં પણ ખચકાતાં નથી. પરંતુ વર્ષો ના વર્ષ એ મા-બાપને એમનાં સંતાનો મળવાં સુધ્ધાં નથી જતાં એ દુઃખ અસહ્ય થઈ જતું હોય છે. પછી તેઓ વૃદ્ધાશ્રમ ને જ પોતાનો પરિવાર માની પોતાનું ઘર બનાવી લે છે. મનમાં રડતાં પણ બહારથી આનંદિત જીવન વ્યતીત કરે છે. પણ હવે સમય બદલાયો છે આજની પેઢીએ પોતાના વડીલો સાથે જીવવું વધુ ગમે છે એટલે વૃદ્ધાશ્રમમાંથી પોતાના બા દાદાને પાછાં લાવતાં જોઈએ છીએ.

લોક લાજે કે સમાજની બીકે પોતાની સાથે માતા-પિતા કે વડીલોને રાખતાં હોય એવાં ઘણાં લોકો આપણા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. જે એમને માનસિક અને શારીરિક ત્રાસ આપે છે. જેનાંથી તેઓ રોજેરોજ થોડું થોડું રિબાઈ રિબાઈને મરતાં હોય છે. એનાં કરતાં તો રાજીખુશીથી વૃદ્ધાશ્રમમાં મૂકી આવવું સારું. થોડો સમય માબાપ દુઃખી થશે. પછી એ લોકો પણ ટેવાઈ જશે. ઘરનાં લોકોનાં માનસિક ત્રાસમાંથી તો છુટકારો મળી જશે. ખરેખર ખૂબ જ દયનીય પરિસ્થિતિ હોય છે એમની. આપણું હૃદય એ જોઈને કે સાંભળીને દ્રવી ઊઠતું હોય તો આ લોકોની સહનશક્તિને દાદ દેવી જ ઘટે! પણ ક્યાં સુધી? ભલે એલોકો મોઢેથી કંઈ બોલતાં નથી પરંતુ એમની આંખો બધું જ બોલી દેતી હોય છે. અને એમનું મૌન પણ ભારે લાગતું હોય છે.

સંતાનો માતા પિતાનાં મૃત્યુ પછી એમની પાછળ દાન કરે છે. એમનું શ્રાધ્ધ કરે છે. જ્યારે એ હતાં ત્યારે એમની હયાતીની નોંધ જ ન લીધી હોય! એમનાં જીવતાં જીવ થોડો સમય એમને પણ અર્પણ કર્યો હોય તો એમનાં ગયા પછી તર્પણ કરવાની જરૂર ન પડે! જ્યારે મા બાપ હતાં ત્યારે એમનાં વિશે વિચાર્યું નહીં,એમને સમય આપ્યો નહીં પછી ગમે એ કરો એમને નહીં જ પહોંચે પણ એ તો મા-બાપ છે ને, એમાં પણ રાજી જ થશે!

**અહીં ઓશો ફરી યાદ આવે છે,**
**સામને જો હે, ઉસે તો બુરા કહેતે હૈ.**
**જિસકો દેખા નહી ઉસકો ખુદા કહેતે હૈ!**

જો આપણે, ઘરના વડીલોને એમના ભાગનું માન ન આપી શકતાં હોઈએ તો, એમનું અપમાન કરવાનો પણ કોઈ જ અધિકાર નથી. તેઓ કંઈ જ કહેતાં? નથી એટલે એનો અર્થ એ નથી કે તેમની લાગણી મરી પરવારી છે. ઘરમાં સુખ-શાંતિ બની રહે અને બાકી રહેલું જીવન શાંત, સુંદર અને સરળ બની રહે એ માટે તેઓ મૌન રહેવું વધુ પસંદ કરતાં હોય છે. એમનું મૌન પણ બાળકોની જેમ બોલકું હોય છે. એ મૌન ખુબ વજનદાર હોય છે. એમની સાથે થોડો સમય વિતાવશો તો એમનાં માટે એ અમૂલ્ય બની રહે છે અને આપણાં માટે એ જ સાચી મૂડી. ઘણીવાર ખાલીપણું વધારે ભારે લાગતું હોય છે. એમનાથી વિશેષ આપણને કોઈ જ સમજી ન શકે કે સમજાવી શકે. સૌથી સારાં મોટીવેશનલ સ્પીકર આપણાં વડીલો જ છે.

માતા પિતાનું ઋણ આપણે એક જન્મમાં તો ચૂકવી જ નથી શકવાનાં એ સનાતન સત્ય છે. પરંતુ એક દિકરો એમનાં મૃત્યુ પછી તર્પણ કરવાં ખોબામાં પાણી ભરતો હશે ને ત્યારે એ મૃત માતા પિતાનું હૃદય પણ ચોક્કસ જ ભરાઈ જતું હશે. સાચાં દિલથી જો મા બાપની કે ઘરનાં વડીલોની સેવા કરી હોયને, આજીવન શાંતિ અને આનંદ અર્પણ કર્યા હોય તો તર્પણ કરવાની પણ જરૂર નથી જ પડતી. એમનાં ગયાં પછી પણ શ્રધ્ધા હોય તો જ શ્રાધ્ધ કરવું. કારણ મન વગર કરેલું બધું જ નકામું. જીવતાં જીવ એમને ઠાર્યા ન હોય તો પછી એમનાં ગયાં પછી ગમે એ કરો બધું જ અર્થહિન.

રાખી શક્યા ન જેને કદી નિજ નિવાસમાં !
સચવાય છે એ પિતૃ હવે કાગવાસમાં.
(- અગમ)

# શ્રાદ્ધ એટલે કૃતજ્ઞતા પૂર્વક પિતૃઓનું સ્મરણ કરવાનો દિવસો

ભાદ્રપદ માસનો કૃષ્ણ પક્ષ રાદ પક્ષ કહેવાય છે. આ દિવસો એટલે પૂર્વજો અને ઋષિમુનિઓના સ્મરણ અર્પણના દિવસો શ્રાદ્ધ એટલે શ્રાદ્ધથી જે અંજલી આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. જે પિતૃઓએ અને પૂર્વજોએ આપણા કલ્યાણ માટે ચામડી ઘસી નાંખી લોહીનું પાણી કર્યું એ સૌનું શ્રદ્ધાથી સ્મરણ કરી તેવો જે યોનીમાં હોય તે યોનીમાં તેઓને દુઃખના પડે સુખ અને શાંતિ મળે તે માટે પિંડદાન અને તર્પણ કરવાનું.

તર્પણ કરવાનું એટલે તૃપ્ત કરવાના સંતૃષ્ટ કરવાના જે વિચારો માટે જે ધર્મ અને સંસ્કૃતિ માટે તેઓએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું હોય તે વિચારો ધર્મ અને તે સંસ્કૃતિ ટકાવી રાખવા આપણે પ્રયત્ન કરીએ તેઓની આબરૂ અને પ્રતિષ્ઠા વધે એવો વર્તન અને જીવન રાખીએ તો તે જરૂર તૃપ્ત થાય રોજ દેવો પિતૃઓ અને ઋષિઓની તૃપ્તિ રહે એવું જીવન જીવવું જોઈએ અને વર્ષમાં એક દિવસ જે પિતૃને ઋષિને આપણે માન્યા હોય તેમના શ્રાદ્ધ નિમિત્તે આપણા જીવનનું આત્મા પરીક્ષણ કરવું જોઈએ અને કેટલા આગળ ગયા તથા ક્યાં ભૂલો તેનો વિચાર તટસ્થ રહીને કરવો જોઈએ.

**પ્રાસંગિક**
**- હર્ષદ દેસાઈ**
**વટાર**

શ્રાદ્ધના દિવસો એટલે કૃતજ્ઞતા પૂર્વક પિતૃઓનું સ્મરણ કરવાના દિવસો બ્રહ્મહત્યા સુરાપાન ચોરી અને વ્રતભંગ આ બધા પાપો નો પ્રાયશ્ચિત છે. શ્રાધ પરંપરા જાળવે છે સાંસ્કૃતિક વારસો જીવંત રાખે છે નિસર્ગ જેને શરીરથી લઈ જાય છે તેને શ્રાદ્ધ મહેશ સ્મરણ અમર બનાવે છે કાળજેમનો નાશ કર્યો છે પણ કર્મ અને વિચારોએ જેમને ચિરંજીવી બનાવ્યા છે. એ ધર્મવીરો અને કર્મવીરોનું કૃતજ્ઞ ભાવે પૂજન કરી શ્રાદ્ધના દિવસોમાં કૃત કૃત્ય થવાનું, માનવ જીવન વિવિધ ઋણમુક્ત માટે છે આપણા પર દેવોનું ઋણ છે અને ઋષિઓનું ઋણ છે આપણો સાંસ્કૃતિક બગીચો મહેક તો અને ધમ ધમ તો બનાવવા માટે તથા પછીની પેઢીઓ શાંત કલ્યાણકારી અને પવિત્ર જીવન ગાળી શકે તે માટે તેઓએ પોતાના સુખ સગવડનું બલિદાન આપ્યું છે. આ નિસ્વાર્થ કર્મયોગીઓના ઋણમાંથી મુક્ત થવા આપણે શું શું કરવું જોઈએ તેનો આ પંદર દિવસોમાં વિચાર કરવાનો.

દેવનું સતત ધ્યાન પૂજન તેમજ સ્મરણ કરનારો દેવના ઋણમાંથી મુક્ત થતો જાય છે દેવ થઈને દેવના પૂજા કરવી જોઈએ દેવો અંજાર અમર અને અભય છે તો માનવ એ પણ તેવું બનવું જોઈએ માણસે પણ આ ગુણોને પોતાના જીવનમાં સહકારિત કરવાનો સંકલ્પ કરવો જોઈએ. જીવનનો વિકાસ કરતો કરતો જે દેવની સમીપ જતો જાય છે દેવનો થતો જાય છે તે દેવેરૂણ માથે મુક્ત થાય છે. આ ઋણમાંથી મુક્ત થવાની ઈચ્છા રાખના અરે સતત દેવના થવા તેમજ દેવ જેવા પ્રભાવન થવા પ્રયત્ન કરવો જોઈએ.

શ્રદ્ધાના દિવસો એટલે કૃષિ અર્પણના દિવસો ભારતીય સંસ્કૃતિ મહાનતા ભવ્યતા દિવ્યતા એ ઋષિઓને આભારી છે આજે પણ વિશ્વમાં કિંમત થાય છે તેનું કારણ આપણા ઋષિઓ છે. ભાવી પેઢી આનંદમાં જીવન જીવે તે માટે નિરપેક્ષ ભાવે લોહીનું પાણી તેમણે દિવ્ય વિચારસરણી આપી પોતે બળીને લોકોના જીવવાનો પ્રકાશિત કર્યા તેથી સમાજ તેમનો ઋણી છે. ઋષિઓનું ઋણ અદા કરવા ઋષિના વિચારોનો પ્રચાર કરવો જોઈએ. ઋષિની સંસ્કૃતિ ટકાવવા અને તેનો ફેલાવો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જેમણે આપણને જન્મ આપ્યો જેમની કૃપાથી આપણે નાનામાંથી મોટા થયા આપણા કલ્યાણ માટે જેમણે પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતૃઓનું આપણા પર ઋણ છે. આપણા પિતૃઓએ આપણા પર અસંખ્ય ઉપકારો કર્યા છે તેમણે તૃપ્તિ થાય તેવું કયાંક કરવું, એ જ પિતૃ ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય છે. પુત્ર પિતાની અભિલાષા પૂર્ણ કરે તો પિતા સંતુષ્ટ થાય એ સ્વભાવ છે. પિતાએ આપેલા સંસ્કારો જઈને આગળ વધારે તે સંતાન આવો પુત્ર જ પિતાનું સાચું તર્પણ કરી શકે. પિતૃ તર્પણ એટલે પિતૃઓને યાદ કરી તેમણે આપેલા ધ્યાન તરફ હું કેટલો આગળ વધ્યો તેનું સરવૈયું કાઢવું જે જન્મે છે તે મૃત્યુ પામે છે. શ્રાદ્ધના દિવસો એટલે આ અટલ મૃત્યુનો વિચાર કરવાના દિવસો મૃત્યુને અમંગલિક ગણીને પિતૃઓ અને ઋષિઓને યાદ કરવાના દિવસને પણ અમંગલિક માની બેઠા છીએ પરંતુ આ સમજણ ભ્રામક છે. ઊલટું શ્રાધ પક્ષમાં એનું સ્મરણ કરીને સત્કૃત્યોનું ભાથુ બાંધવા તત્પર થવું જોઈએ.

વિવિધ ઋણમાંથી મુક્ત થવાનું આ દિવસો વિચાર કરવાનો એટલું જ નહીં આપણા એ આ સમજણ આવતો જે તે બીજાને પણ આપવાની શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ પણ આજે તો શ્રાદ્ધનું શ્રાદ્ધ કરી બેઠા છે. પરિણામે માનવ જીવનના સંબંધો ભાવના શૂન્ય અને યંત્રવત બન્યા છે. ભક્તિભાવથી શુદ્ધ અંતઃકરણથી અને અનન્ય શ્રાદ્ધથી કરેલું શ્રાદ્ધ મંત્ર શક્તિના જોડે પિતૃઓને તૃપ્તિ આપતું હશે. એ વાત આધુનિક ચારવાકોને મગજમાં કેમ નથી ગુસ્તી હોય એ એક પ્રશ્ન છે. તેઓની આ પ્રાંત અને ભૂલભરેલી સમજણને દૂર કરી કૃતજ્ઞ બનાવતા પહેલા એ સૌને કૃતજ્ઞ બનાવવાનું કામ સમજદાર લોકોનું છે. તો કરવા પ્રભુ આપણને શક્તિ આપે એ જ પ્રાર્થના

# ‘ગાંધી ચિંધ્યા માર્ગે...’

મૂળ વલવાડાના અને મુંબઈને કાર્યક્ષેત્ર બનાવી એક પ્રબુધ્ધ વિચારક, પત્રકાર, લેખક તરીકેની પણ આગવી ઓળખ ઉભી કરનારા ગાંધીવાદી વિચારધારાના પ્રખર સમર્થક કનુભાઈ દેસાઈ કેન્દ્રિયમંત્રી કે.કે. શાહ, સંરક્ષણ પ્રધાન ક્રિષ્ણમેનનથી, ડો. જીવરાજ એસ.કે. પાટીલ લઈને ભારતના વડાપ્રધાન મોરારજી દેસાઈના પણ પ્રિતિપાત્ર અને વિશ્વાસુ બની રહ્યા હતા. તેમણે સક્રિય જાહેરજીવનની સાવે સાહિત્ય અને લેખનના ક્ષેત્રે પણ ઘણી પ્રગતિ સાધી દસ જેટલા પુસ્તકો પ્રસિધ્ધ કર્યા છે અને સાહિત્ય અકાદમી દ્વારા એવોર્ડ પણ મેળવી ચૂક્યા છે. કનુભાઈ દેસાઈએ પત્રકાર તરીકે યુવાનો માટે ‘ઉપહાર’ માલિક શરૂ કર્યુ હતું અને અનેક મહાનુભાવોની આકાશવાણી માટે મુલાકાતો લઈ સૌનું ધ્યાન પણ ખેંચ્યુ હતું.



કનુભાઈ દેસાઈના અવારનવાર દૈનિકોમાં અને અન્યત્ર વિચારથી લેખો લખતા હતા. એના ચૂંટેલા કેટલાક લેખોનું સંકલન ‘ગાંધી ચિંધ્યા માર્ગે...’ પ્રગટ થયું હતું. તેમના લેખો વર્તમાન પ્રતિસ્થિતિમાં પ્રજાને દિશાસૂચન કરનારા અને ઢંઢોળનારા હતા. ગાંધી વિચારધારાની પ્રબર અસર નીચે લખાયેલા અને અહિંસા, રાષ્ટ્રપ્રેમ, કૃષિ, સમાજકલ્યાણ, ધર્મ જેવા વિભાગોમાં વહેંચાયેલા લેખોમાં તેમનું તટસ્થ - વેધક અવલોકન, ચિંતન, મનન અને ચિંતા વારંવાર અભિવ્યક્ત થઈ છે. આ પુસ્તકના કેટલાક વિચાર મૌક્તિકોનું આચમન કરીએ.



**વાંચન-આચમન**
**- શીતલ ઉપાધ્યાય**

★ માનવીના ચામડાનો રંગ એ માનવતાનું માપ કાઢવાનું એકમાત્ર સાધન નથી. અપવિત્ર કે અસ્પૃશ્યતા તો માત્ર માનવીના કૃત્યો જ હોઈ શકે. માનવી તો નહીં જ. (પૃ.૪)

★ દરેક માનવી માનવતાનું ભાન ગુમાવતાં માનવ હૃદયમાં માનવતાના દીવાને પ્રગટ કરીને જો ‘જીવો ને જીવવા દો’ ના સિધ્ધાંતને અપનાવે તો જરૂર આ સુખ, સ્વર્ગને શાંતિભર્યો સમાજ ચિરકાળ સુધી ટકશે. (પૃ.૨૧)

★ ગાંધીજીના નામના રસ્તા, સ્મારકો બન્યા, ઈમારતો બની છતાં રાષ્ટ્રપિતા બાપુ આજે ક્યાંય નથી ! એમના અસ્થિ વિસર્જન સાથે આપણે એમના વિચારોનું પણ વિસર્જન કરી નાંખ્યું... ગાંધીજી આજે હયાત હોત તો એટલા બધા દુઃખી થાત જેટલા અંગ્રેજોના રાજમાં થયા ન હોત. (પૃ.૨૭)

★ આપણે મૂર્તિપૂજામાં માનતા હોઈ વ્યક્તિપૂજામાં માનીએ છીએ. એટલા માટે રાષ્ટ્રને આવા નેતૃત્વ માટે જેની જરૂર છે. તેને ન ચૂંટતા બીજી જ વ્યક્તિને ચૂંટીએ છીએ. સદગુણી પ્રજા જ સારા અને ધર્મિનિષ્ઠ પ્રતિનિધિ ચૂંટી શકે. (પૃ.૩૨)

★ આઝાદીના આટલા વર્ષો પછી ગંભીર મંદીનું વાતાવરણ, ઘટતી આવક, કથળતુ સ્વાસ્થ્ય, વધતા જતા ભાવો, ઘટતુ ઉત્પાદન, ગંભીર બેકારી અને બેરોજગારી નવા નવા કૌભાંડો, બેંકોના દેવાળા, શેરબજારમાં બેફામ લૂંટ, યુ.ટી.આઈ.ના ગોટાળા, ભારતની નિર્દોષ નિહત્સાહી પ્રજા સહન કરતી આવી છે. ને સહન કરી રહી છે. હવે તો હદ થાય છે. ક્યાં સુધી ઘેટા ઘેટાં જ રહેશે, ને વરુઓ મજા કરશે ? સરકારના કાલા વચનોને દીર્ઘદષ્ટિના અભાવની હવે હદ થાય છે. (પૃ.૩૯)

★ આખો દેશ ગિરવે મુકાઈ જાય અને ભાવિ પેઢી ફરી એકવાર ગુલામીનો અહેસાસ કરે તેવું બને તે પહેલા જાગવું પડશે. બતાવી આપવું પડશે કે દેશની જનતાના લોહીનો રંગ હજી એવો ને એવો લાલ છે. જાગો, રાષ્ટ્રથી કોઈ મહાન નથી. (પૃ.૪૬)

★ પત્રકારોનો ઉદ્દેશ તો દેશના લોકોના હૃદયમાં સમભાવ, સાહસ, જુસ્સોને રાષ્ટ્રપ્રેમ પ્રગટાવવાનો છે. તમારું લખાણ સર્જનાત્મક ન હોય તો તમારું પત્રકારત્વ શું કામનું ? તમારા લખાણથી વાચક બેઠો ન થાય તો તમારા પત્રકારત્વનો શો અર્થ. (પૃ.૯૦)

★ ગાંધીજીએ સત્તાને લાત મારી જેથી જનતાને તેઓ સાચેસાચ મહાત્મા લાગ્યા પણ એ ઠોકર, એ લાત ભારતના ભાગ્ય પર લાગેલી લાત સાબિત થઈ છે. ગાંધીજીએ સત્તાને ઠોકર મારી એમાં એમનું મહાત્માપણું બચી ગયું. પણ રાષ્ટ્રે એક સજ્જન રાષ્ટ્રનિર્માતા ગુમાવ્યો. (પૃ.૧૦૭)

# પડે પડઘા અંતરને દ્વાર મને કોઈ બોલાવ

બાદરાયણની કવિતામાં ગાંધી યુગના અન્ય સમર્થ કવિઓ જેટલાં ગાંધી યુગનાં વલણો પ્રતિબિંબિત થયાં નથી પણ તેમનાં કાવ્યોમાં દેશપ્રીતિ, દીનજનવાત્સલ્ય ને માનવગૌરવનું ગાન અવશ્ય થયું છે. એ. યુગના અન્ય કવિઓની જેમ બાદરાયણે ગાંધીજીની લગોલગ ટાગોરની વિચારધારાનોય પ્રબળ પ્રભાવ અનુભવ્યો છે. આ પ્રભાવના બળે જ કવિ અગમ્ય તત્ત્વથી આકર્ષાયા પણ છે ને એનો ઝીણો સૂર સરવા કાનથી સાંભળવા મથ્યા પણ છે.

જીવનના આટાપાટાની વચાળે, જીવનને સમજવા માગતા કવિના જાગૃત, મંથનશીલ ચિત્તને આઘેથી આવતો કોઈ અગમ્ય સાદ તો વહેલો જ સંભળાવો, પરખાયો છે. પોતાના અન્ય એક કાવ્યમાં કવિ રહસ્યમય તત્ત્વના આ પદચાપનેપારખતાં ગાઈ ઊઠયા છે

**આવે દૂર દૂરથી સાદ મને કોઈ બોલાવે**
**પડે પડઘા અંતરને દ્વાર મને કોઈ બોલાવે.**

જીવનની બાહ્ય ઝાકઝમાળમાં ગડમથલોની લગોલગ પોતાના આંતર પ્રદીપની શગને સંકોરતા રહેતા કોઈ પણ સાચુકલા જણને પરમતત્ત્વ કાયમ સાદ પાડતું રહેતું હોય છે. સવાલ માત્ર એટલો જ હોય છે કે આ સાચુકલો જણ એ ક્ષણે કાનને સરવા રાખી શકે છે કે કેમ, એ સાદને ઉચિત પ્રતિસાદ આપી શકે છે કે કેમ. બાદરાયણના નજીકના જ સમકાલીન પ્રહ્લાદ પારેખના માંહ્યલાનેય આવા કાન ફૂટયા છે ને તેનેય સંભળાયું છે કોઈ વિરલ, પારલૌકિક ગાન

**કોઈ રે આવી કોઈ વહી ગયું.**
**મારે અંતરને દ્વાર;**
**કોઈ રે ગાઈ મૂંગું રહી ગયું.**
**છાયો ઉરમાં સૂનકાર**
**એવું રે લાગે મને એકલું !**



**સંવેદન**
**- બાબુ ચૌધરી, નાનાપોંઢા**

જીવનની વાટમાં ફંફોસતાં ફંફોસતાં નહીં, પણ સાફ દષ્ટિથી સડસડાટ ચાલવા માગતા ને એ માટે સાતત મથતા રહેતા કેટલાક લોકો જ્યાં સુધી આ મંથનને પાર કરતા નથી, જેનો ગર્ભકાળ પૂરો થયો નથી પણ પૂરો થવામાં છે. ગર્ભમાંથી બહાર નીકળું નીકળું થનારા એ લોકોના મૂંઝારાને ભારતીય દર્શન આધ્યાત્મિક બેચેની’ તરીકે ઓળખાવે છે. આ બેચેનીનો આરંભ એ જ તો છે જાગૃતિના જન્મની પ્રથમ ક્ષણ. આ બેચેનીની પાછળ પાછળ જ દબ્બે પગે ચાલી આવે છે જાગૃતિની પ્રશાંત જ્યોતિ, શીતળતાની ધારા, પ્રાપ્તિનું પૂર્ણવિરામ.

પ્રહલાદે અનુભવેલી એકલતાની ક્ષણો બાદરાયણ વળોટી ચૂક્યા છે એવું કાવ્યની પ્રથમ પંક્તિમાં જ પ્રતીત થાય છે

**જીવનને ઝબકારે**
**કાંઈ ચેતનાને ચમકારે**
**ઊડી મારી નીંદરું હો જી.**

સદ્ ગુરુની કે સતત્ત્વની અપાર કરુણાથી કવિના જીવતરમાં વળાંક આવી ગયો. કીટમાંથી ભ્રમર થવાની આખરી ક્ષણનો જ આ અદ્ભુત ચમત્કાર ! કો વિરલ પૂણે પ્રકારાની એક લકીર કવિ પર વ્યાપી વળી, કવિને આલિંગી રહી ને કવિની યુગો જૂની નિદ્રા ઊડી ગઈ. વીજળીનો ચમકારો થતાંવેંત, આ ક્ષણની તીવ્ર આતુરતાથી રાહ જોતો કવિજીવ મોતી પરોવવા ઉત્સુક બન્યો. આ અજવાળાની મદદથી અધ્યાત્મની ભોં પર કવિએ પાપા પગલી માંડવી શરૂ કરી દીધી

અલબત્ત, ચેતનાનો આ વિરલ ઉઘાડ કંઈ સીધો જ સુખ-દ તો સ્વાભાવિક રીતે જ નથી હોતો. જાગી જતો જણ સૌથી પહેલાં જે અનુભવે છે તે અનુભવ છે પ્રગાઢ વેદનાનો, વલોવી નાખતા મંથનનો. જે ક્ષણે એ જાગે છે તે જ ક્ષણે સંપૂર્ણ નિદ્રાધીન એવા આ જગતના લોકથી અળગો પડી જાય છે. તેના ભ્રમોનું નિરસન થઈ જાય છે. અત્યાર સુધી તે જેને સત્ય માનતો હતો તેવી અનેક ઘટનાઓ ચૂરેચૂરા થઈ જઈને તેના પર ઝીંકાય છે. સત્યના આરાધકે આ પ્રસૂતિપીડા વેઠવી અનિવાર્ય બને છે. પાંખો ફૂટવાની આ પીડા ખુલ્લા પગે કાંટા પર ચાલવા જેવી દુસ્સહ હોય છે. વળી અન્ય પંથો કરતાં સત્યના, પરમેશ્વરના પંથની મુશ્કેલી એ છે કે માર્ગ અનંત લગી પથરાયેલો હોય છે. યાત્રીને થાય કે હવે તો પૂરો જ થયો ને ત્યાં વળી નવાં ચડાણ આવીને ઊભાં જ હોય. કવિ સ્નેહ રશ્મિ ઊર્ધ્વરોહશની આ યાત્રાને વિસ્મયથી સાનંદ વિલોકતાં આથી જ ગાઈ ઊઠયા છેં

**શૃંગ પે શૃંગ ચઢું ઊતરું,**
**વળી નવાં આ શૃંગ !**

પણ અધ્યાત્મયાત્રીનો છૂટકો નથી આ રણ પાર કર્યા વિના. પરમતત્ત્વને પામવાની ઝંખના છે તો વેઠની ગાંઠડી જેવી પણ એને ફેંકી શકાય તેમ નથી. કારણ ? તેવા આરાધકોને લગન છે ઠેઠ પહોંચવાની. લોહીલુહાણ થયેલાં ચરણોને ચલાવતા રહેલા બાદરાયણે કહી દીધું આભની પારે રે મેં ઊંડી નજરું માંડિયું હો જી હવે તો એક જ ઈચ્છા, મુક્તિના દ્વારને પામવાની.

દુનિયાના લોક આ ઝંખનાને ભલે મૃગજળ માને પણ મારે મન તો એ જ સાચું જળ, નિર્મળ, વિમલ, અપ્રદૂષિત જળ. આવી નિશ્ચયાત્મક બુદ્ધિ ધરાવતા જણને જ કૃષ્ણે જ્ઞાની, સ્થિતપ્રજ્ઞ, મુનિ કહીને અભિવાદ્યો

નરસિંહ મહેતા, મીરાં, અખો જેવા ઋષિકવિઓએ પાડેલી કેડી પર ચૂપચાપ ચાલ્યો જતા કવિમાં રહેલો આ સાચુકલો જણ પોતે કોઈ એક વિરલ ક્ષણે કરેલી અનુભૂતિના બળ પર શ્રદ્ધાથી ડગ માંડતો. આમલોક પાસેથી હળવે હળવે અદશ્ય થતાં થતાં અત્યારે તેની સામે હોં ફાડીને વિસ્તરેલાં મધરાતનાં અંધારાની વચ્ચે પ્રકાશની ખેવનાથી સભર થઈને કુદરતના ભરોસે—કુદરત પ્રતિ ડગ માંડતો-માંડતો જઈ રહ્યો છે - નવી કેડી કંડારતો, વીજળીના ચમકારે અંધકારના વનને વળોટતો અશિથિલ, ચપળ ગતિએ જતાં જતાં આ સાચા મનુષ્યને જે વ્યાખ્યા સૂઝી તેય કેવી મૌલિક પ્રાપ્તિ એટલે પ્રકાશ, પ્રાપ્તિ એટલે ઉઘાડ, પ્રાપ્તિ એટલે આલોકનો પ્રદેશ. આ વિરલ જાગરણ, અંગાગની જાગૃતિ એટલે જ મુક્તિ, મોક્ષ નહીં પણ પ્રગાઢ આનંદ. પ્રસ્તુત કાવ્યમાં આવી ક્ષણ સધાવાની શ્રદ્ધા ને એ માટેની નિશ્ચિત ગતિનો લવ સધાયો છે જે એના કવિને સાચુકલો જણ ઠેરવે છે.

# ૧૯૭૦ પછી ભારતમાં હવામાન સૌથી ગરમ રહ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં આ વર્ષે જૂન અને ઓગસ્ટ વચ્ચે તાપમાન સામાન્ય કરતા ઘણું વધારે રહ્યું હતું. એક રિપોર્ટ અનુસાર જૂન અને ઓગસ્ટ વચ્ચેના ક્વાર્ટરમાં ૧૯૭૦ પછી સૌથી વધુ ગરમી પડી હતી. આ સમયગાળા દરમિયાન, દેશની પ્રજાએ ઓછામાં ઓછા સાત દિવસ સુધી કારમી સામનો કરવો પડ્યો હતો. આ રિપોર્ટ અમેરિકા સ્થિત ક્લાઈમેટ સેન્ટ્રલના ક્લાઈમેટ સાયન્ટિસ્ટ્સે તૈયાર કર્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વાતાવરણમાં ફેરફારને કારણે આ ત્રણ મહિનાના ૨૯ દિવસોમાં તાપમાન સામાન્ય કરતા ત્રણ ગણું વધારે રહ્યું હતું. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે જૂનથી ઓગસ્ટ ૨૦૨૪ ૧૯૭૦ પછીનું બીજું સૌથી ગરમ ક્વાર્ટર હતું. આ સમયગાળા દરમિયાન, દક્ષિણ એશિયામાં મોટાભાગના ભારતીય લોકોએ હવામાન પરિવર્તનને કારણે ઊંચા તાપમાનનો સામનો કરવો પડ્યો હતો. રિપોર્ટ અનુસાર, ભારતમાં બે કરોડથી વધુ લોકોને ઓછામાં ઓછા ૬૦ દિવસ સુધી આકરી ગરમીનો સામનો કરવો પડ્યો હતો. વૈશ્વિક સ્તરે, બે અબજ લોકોએ ૩૦ દિવસ કે તેથી વધુ સમય સુધી ખતરનાક ગરમીનો સામનો કર્યો હતો. જળવાયુ પરિવર્તનની અસરને કારણે ભારતના વિવિધ શહેરોમાં તાપમાન ખૂબ જ ઉંચુ રહ્યું હતું. આમાં તિરુવનંતપુરમ, વસઈ-વિરાર, કાવારત્તી, થાણે, મુંબઈ અને પોર્ટબ્લેર જેવા શહેરો ગરમીથી સૌથી વધુ પ્રભાવિત થયા હતા. ક્લાઈમેટ ચેન્જના કારણે આ શહેરોમાં લોકોને ૭૦ દિવસથી વધુ સમય સુધી તીવ્ર ગરમીનો સામનો કરવો પડ્યો હતો, જે સામાન્ય કરતા ત્રણ ગણો વધારે છે. આ સમયગાળા દરમિયાન સરેરાશ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસથી વધુ હતું. ઊંચા તાપમાનને કારણે વિશ્વભરના અબજો લોકોના સ્વાસ્થ્ય પર અસર થઈ રહી છે. ક્લાઈમેટ એન્ડ સસ્ટેનેબિલિટી ઈનિશિએટિવના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વૈભવ પ્રતાપ સિંહ કહે છે કે ક્લાઈમેટ ચેન્જની અસર હવે લોકોના સ્વાસ્થ્ય અને તેમના બિઝનેસ પર સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. જેના કારણે દર વર્ષે પૂર, દુષ્કાળ અને ગરમીના મોજાની ઘટનાઓ વધી છે. જેની અસર જનજીવન પર પડી રહી છે. દેશમાં જૂન મહિનામાં ૧૮૧ હીટવેવ દિવસો નોંધાયા હતા, જે ૨૦૧૦ પછી સૌથી વધુ છે. રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 21, September 2024

## યુપીઆઈની વધતી વૈશ્વિક માન્યતા

લગભગ એક દાયકા પહેલાં સુધી આમ આદમી માટે એ કલ્પના પણ નહોતી કરી શકાતી કે આપણો મોબાઈલ જ આપણું પર્સ કે વોલેટ બની જશે. પરંતુ વર્ષ ૨૦૧૬માં યુપીઆઇ એટલે કે 'યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ'ના લોન્ચિંગે તેને સંભવ કરી દેખાડ્યું. એમ તો ૨૦૧૬માં થયેલ નોટબંધીને કેટલાય મામલે નકારાત્મક અસર માટે પણ યાદ કરવામાં આવે છે. પરંતુ કમ સે કમ 'યુપીઆઇ' માટે તો એમ જ કહી શકાય કે આ પગલું એક રીતે વરદાન બની ગયું. હવે એક રૂપિયાથી માંડીને હજારો રૂપિયાના પેમેન્ટમાં યુપીઆઇનો ઉપયોગ ભરપૂર કરાવા લાગ્યો છે. ડિજિટલ લેવડદેવડના આંકડામાં ભારત ૧૧૭.૬ અબજ ટ્રાન્ઝેક્શન સાથે દુનિયાનો નંબર વન દેશ બની ચૂક્યો છે. ૨૦૨૧માં યુપીઆઇ પહેલી વાર દેશની સીમાઓ પાર કરીને ભૂટાન ગયું. આ દરમ્યાન એક સારી વાત એ થઈ કે તેનો ઉપયોગ ભારતથી આગળ વધીને અન્ય કેટલાય દેશોમાં થવા લાગ્યો છે. ભૂટાન, નેપાળ, સિંગાપોર, યુએઇ, મોરેશિયસ, ફ્રાન્સ અને શ્રીલંકામાં પણ યુપીઆઇને ચૂકવણીની એક પ્રણાલી રૂપે માન્યતા મળી ચૂકી છે. હજુ હાલમાં જ માલદીવે પણ તેની સાથે જોડાવાની ઘોષણા કરી છે. યુપીઆઇની સફળતાના ચાર મુખ્ય કારણો ગણાવાય છે. તેમાં પહેલું છે સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા છેલ્લા આઠ વર્ષમાં આપણા દેશમાં બેગણાથી વધારે વધી ગઈ છે. હાલમાં આ સંખ્યા ૬૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. યુપીઆઇની સફળતાનું એક મુખ્ય કારણ ભારતમાં સસ્તા અને આસાનીથી મળનારા સ્માર્ટફોન છે. ૨૦૧૬માં આપણા દેશમાં ડિજિટલ ટેકનિક અને મોબાઇલ ઇન્ટરનેટ સેવાઓ આમ આદમીની પહોંચમાં આવી ચૂકી હતી. એ સમયે સ્માર્ટફોનની સંખ્યા ૩૦ કરોડની આસપાસ હતી, જે હવે ૬૦ કરોડથી વધારે થઈ ગઈ છે. તેની સીધી અસર યુપીઆઇની પ્રગતિ પર પડી છે. બીજું કારણ, આપણા દેશમાં વિશ્વના અન્ય દેશોની તુલનામાં ઇન્ટરનેટ સસ્તું હોવું પણ જરૂરી છે. ઇન્ટરનેટ ઉપલબ્ધકરાવનારી મુખ્ય કંપનીઓએ ૨૦૧૬થી ઝડપી ગતિની ઇન્ટરનેટ સેવા આફી અને તે પણ બેહદ સસ્તા ભાવે. પહેલાં એક જીબી ડેટા માટે લગભગ ૨૨૫ રૂપિયા ખર્ચ કરવા પડતા હતા. ધીમે ધીમે તે સસ્તો થવા લાગ્યો અને હાલમાં મોબાઇલ ઇન્ટરનેટ ડેટાની કિંમત ફક્ત દસ કે વીસ રૂપિયા પ્રતિ જીબી થઈ ગઈ છે. ૨૦૧૫ સુધી દરેક ભારતીય મહિનામાં સરેરાશ ૭૦૦ એમબી ડેટા ઉપયોગ થતો હતો. પરંતુ ૨૦૨૩ સુધી તે વધીને સરેરાશ ૨૧.૪ જીબી પ્રતિ મહિનો થઈ ગયો. તેનો સીધો ફાયદો યુપીઆઇને થયો. જ્યાં ઓગસ્ટ ૨૦૧૬માં યુપીઆઇ દ્વારા માત્ર ૯૩ હજાર પેમેન્ટ થયા હતા, ત્યાં જ૨૦૨૩માં ૧૧,૭૬૫ કરોડથી વધારે પેમેન્ટ થયાં.

# દેશમાંથી નક્સલવાદીઓનો ૨૦૨૬ સુધીમાં સફાયો: અમિત શાહ

### કેન્દ્રીય ગૃહમંત્રીએ નક્સલવાદીઓને હિંસાનો માર્ગ છોડવાની અપીલ કરી બસ્તરની દર્દનાક ડોક્યુમેન્ટ્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર શેર કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ શુક્રવારે તેમના નિવાસસ્થાને છત્તીસગઢમાં નક્સલી હિંસાના પીડિતોને મળ્યા હતા. બસ્તર શાંતિ સમિતિ વતી ૫૫ હિંસા પીડિતો અહીં પહોંચ્યા હતા. બધાએ પોતપોતાની પીડા કહી. આ મીટિંગ બાદ અમિત શાહે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર બસ્તર પીસ કમિટી બેનર હેઠળ બનેલી એક ડોક્યુમેન્ટ્રી પણ શેર કરી હતી. ડોક્યુમેન્ટરી શેર કરતી વખતે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ લખ્યું – "દરેક વ્યક્તિએ આ ડોક્યુમેન્ટરી જોવી જોઈએ જે નક્સલી હુમલાથી પ્રભાવિત લોકોની અનંત વેદના અને પીડાને વર્ણવે છે." આમાં સમગ્ર વિસ્તારની પીડા અનુભવી શકાય છે. નક્સલવાદના ડંખપસુનો નક્સલ હમારી બાતપનો અવાજ બુલંદ કરતી આ ડોક્યુમેન્ટરી શેર કરતી વખતે અમિત શાહે માનવાધિકારનો અવાજ ઉઠાવનારાઓને પણ નિશાન બનાવ્યા હતા. તેમણે લખ્યું- "માનવતાના દુશ્મન નક્સલવાદે આ લોકોનું જીવન કેવી રીતે બરબાદ કર્યું. તેમની વ્યથા માનવ અધિકારો વિશે એકતરફી અવાજ ઉઠાવનારાઓના દંભને પણ દર્શાવે છે. આ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલવાદીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે નક્સલવાદીઓએ હિંસાનો માર્ગ છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવું જોઈએ. તેમણે કહ્યું કે પીએમ મોદીની સરકાર બસ્તરના ૪ જિલ્લાઓને છોડીને સમગ્ર દેશમાં નક્સલવાદને ખતમ કરવામાં સફળ રહી છે. આ સાથે તેમણે કહ્યું કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નક્સલવાદને સંપૂર્ણ રીતે ખતમ કરી દેવામાં આવશે.

પૂર્વોત્તર અને કાશ્મીરમાં ઘણી જગ્યાએ ઘણા લોકોએ પોતાના શસ્ત્રો છોડી દીધા છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. મુખ્ય પ્રવાહમાં જોડાવા માટે તમારું પણ સ્વાગત છે પરંતુ જો એવું નહીં થાય તો અમે તેની વિરુદ્ધ અભિયાન શરૂ કરીશું અને તેમાં સફળ પણ થઈશું. શાહે છત્તીસગઢમાં નક્સલવાદી હુમલાના ૫૫ પીડિતોને નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાનથી સંબોધિત કરતા એમ પણ કહ્યું હતું કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં માઓવાદ સંપૂર્ણપણે ખતમ થઈ જશે.

તેમણે કહ્યું કે આ પછી નક્સલને ખતમ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાંથી નક્સલવાદી હિંસા અને વિચારધારાને નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. આ કાર્યને પાર પાડવા માટે સરકારે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સુરક્ષા દળોએ માઓવાદીઓ સામેની તેમની કામગીરીમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે અને સમસ્યા હવે છત્તીસગઢના માત્ર ચાર જિલ્લાઓ સુધી મર્યાદિત છે. દરમિયાન તેમણે કહ્યું કે માઓવાદીઓએ એક સમયે પશુપતિનાથ (નેપાળ) થી તિરુપતિ (આંધ્રપ્રદેશ) સુધી કોરિડોર બનાવવાનું કાવતરું ઘડ્યું હતું, પરંતુ મોદી સરકારે તેને નિષ્ફળ બનાવી દીધું હતું. શાહે કહ્યું કે ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં રાજ્ય સરકાર સાથે મળીને છત્તીસગઢમાં નક્સલી હિંસાથી પ્રભાવિત લોકો માટે કલ્યાણ યોજના તૈયાર કરશે. બસ્તરની દર્દનાક ડોક્યુમેન્ટ્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર કરી શેર : આ ડોક્યુમેન્ટરી બસ્તર ક્ષેત્રમાં નક્સલવાદથી પીડિત લોકોની પીડાને વર્ણવે છે. ડોક્યુમેન્ટ્રીમાં નક્સલી હુમલાનો ભોગ બનેલા લોકોને બતાવવામાં આવ્યા છે. નક્સલી હુમલામાં કેટલાકે પગ ગુમાવ્યા છે અને ઘણાએ આંખો ગુમાવી છે. પીડિતોના દર્દનાક નિવેદનોથી ખબર પડે છે કે નક્સલવાદીઓએ તેમના પર ભયંકર અત્યાચાર અને અત્યાચાર ગુજાર્યા હતા. ડોક્યુમેન્ટ્રીમાં નક્સલ પ્રભાવિત બસ્તર વિસ્તારની ઉજ્જડ અને ઉજ્જડ પણ દર્શાવવામાં આવી છે.

આ ડોક્યુમેન્ટ્રી માનવ અધિકારો માટે અવાજ ઉઠાવનારા બૌદ્ધિકોની પણ મજાક ઉડાવે છે. આ ડોક્યુમેન્ટ્રીમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે આ લોકો પર થયેલા અત્યાચારો વિશે ન તો યોગ્ય રીતે લખવામાં આવ્યું છે અને ન તો તેને સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવ્યું છે.

# હિઝબુલ્લાહે કર્યું યુદ્ધનું એલાન

### લેબેનોનના આતંકવાદી જૂથ હીઝબુલ્લાહે ઈલેકટ્રોનિક વિસ્ફોટનો શિકાર બન્યા પછી ઈઝરાયેલ સામે જંગના એલાનની જાહેરાત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈઝરાયેલ તા.૨૦:લેબેનોનના આતંકવાદી જૂથ હીઝબુલ્લાહે ઈલેકટ્રોનિક વિસ્ફોટનો શિકાર બન્યા પછી ઈઝરાયેલ સામે જંગના એલાનની જાહેરાત કરી છે. તેના પગલે સમગ્ર વિશ્વમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું છે. તેણે જણાવ્યું હતું કે ઈઝરાયેલે લક્ષ્મણરેખા વટાવી દીધી છે. હવે આ યુદ્ધ ફક્ત ઈઝરાયેલ અને લેબનોનની સરહદ પૂરતું જ સીમિત રહ્યું નથી, પરંતુ બંને દેશના ગમે તે હિસ્સામાં તેની અગ્નિ જ્વાળાઓ જોવા મળી શકે છે. ઈઝરાયેલ હીઝબુલ્લાહના વળતા હુમલાનો સામનો કરવા તૈયાર રહે. નસરલ્લાહે જણાવ્યું હતું કે અમે સ્વીકાર્યુ છે કે આ હુમલાથી અમને જબરદસ્ત ફટકો પડયો છે. અમે તેની તપાસ પણ કરી રહ્યા છીએ. પણ અમે તેનો વળતો જવાબ આપીશું તેના નિવેદનનો પડઘો પાડતાં હોય તેમ હીઝબુલ્લાહે ઈઝરાયેલ પર વળતો પ્રહાર કરતાં મોટાપાયા પર રોકેટમારો કર્યો હતો. આ ઉપરાંત તેણે ઈઝરાયેલના લશ્કરી સ્થળોને લક્ષ્યાંક બનાવીને ડ્રોન હુમલો કર્યો હતો. હીઝબુલ્લાહે જણાવ્યું હતું કે ઉત્તર ઈઝરાયેલના દસ હજારથી વિસ્થાપિતો ક્યારેય તેમના ઘરે પરત નહીં ફરી શકે. ગાઝામાં જે રીતે લોકો વિસ્થાપિત થયા છે તે રીતે ઈઝરાયેલના લોકોને પણ અમે વિસ્થાપિત કરીશું. ઈલેકટ્રોનિક બ્લાસ્ટ પછી હીઝબુલ્લાહે કરેલા હુમલામાં ઈઝરાયેલના બે સૈનિકોના મોત થયા છે. તેના લીધે ઈઝરાયેલે પણ સ્વીકાર્યુ છે કે હવે યુદ્ધનો વ્યાપ વિસ્તરી શકે છે અને તેણે વ્યાપક સ્તરે લશ્કરી કાર્યવાહી કરવી પડી શકે છે. ઈઝરાયેલ લેબનોનમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો કરી હીઝબુલ્લાહના ૪૦ આતંકવાદીઓને ઠાર કર્યા અને પાંચ હજારથી વધુને ઈજાગ્રસ્ત કરી દીધા છે. આ અંગે ન્યૂયોર્ક ટાઈમ્સનો દાવો છે કે આતંકવાદી સંગઠન હીઝબુલ્લાહ ઈઝરાયેલની સાઈબર જાળમાં ફસાઈ ગયું. હીઝબુલ્લાજે જે પેજર ખરીદ્યા તે તાઈવાનની એપોલો ગોલ્ડ કંપનીના ન હતા. તેને મોસાદના અધિકારીઓએ હંગેરીમાં તે જ કંપનીમાં બનાવ્યા હતા જેને હીઝબુલ્લાહ તાઈવાનીઝ કંપની સમજતું હતું. હીઝબુલ્લાહને છેતરવા આ શેલ કંપની બનાવાઈ હતી. મોસાદે શેલ કંપનીઓ બાબતે જરા પણ શંકા ન જાય તેને લઈને આ પ્રકારની કંપનીઓનું જાળું ઊભું કર્યુ હતું.

# યુક્રેનનો રશિયાના હથિયાર ડેપો પર સૌથી ઘાતક ડ્રોન હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
કીવ, તા.૨૦: યુક્રેન-રશિયા વચ્ચેનું યુદ્ધ નિરંતર લોહીયાળ બની રહ્યું છે. આ દરમિયાન યુક્રેને રશિયાના હથિયાર ડેપો પર મોટો ડ્રોન હુમલો કર્યો છે. મીડિયા અહેવાલમાં યુક્રેનની સ્ટેટ સિક્યોરિટી સર્વિસના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે રશિયાના ત્વેર ક્ષેત્રમાં હુમલો કરવામાં આવ્યો છે. યુક્રેને કરેલા ઘાતક હુમલામાં રશિયાની કેટલીયે મિસાઈલો, બોંબ અને દારુગોળાનો જથ્થો તબાહ થઈ ગયો છે. યુક્રેનના સૈન્યે ડ્રોનથી ટોરોપેટ્સ શહેરમાં રશિયાના સંરક્ષણ મંત્રાલયના પ્રમુખ હથિયાર ડેપોમાં મોટો ધમાકો કર્યો હતો. આ હુમલામાં ઈસ્કંદર મિસાઈલ સિસ્ટમ માટે બેલેસ્ટિક મિસાઈલો રાખેલી હતી. આ ઉપરાંત, અહીંયા તોચકા-ટુ ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ અને કેટલાક ગાઈડેડ બોંબ રાખેલા હતા. બ્રિટિશ મીડિયામાં પ્રગટ થયેલા અહેવાલમાં યુક્રેનના હુમલામાં ૬ કિ.મી.ના વિસ્તારમાં આગ લાગી ગઈ હતી. આ દરમિયાન ભૂકંપના હળવા ઝાટકા પણ અનુભવાયા હતા. યુક્રેનના એક અધિકારીએ સોશ્યલ મીડિયા પર દાવો કર્યો કે, જ્યાં ડ્રોનથી હુમલો થયો હતો, ત્યાં રશિયાના પોતાના હથિયારો ઉપરાંત ઉત્તર કોરિયા પાસેથી મળેલી મિસાઈલો પણ રાખેલી હતી. યુક્રેનની ઈન્ટેલિજન્સ અને સ્પેશ્યલ ઓપરેશન ફોર્સે સાથે મળીને આ હુમલો કર્યો હતો. જ્યારે, રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, તેમણે રાતભરમાં યુક્રેનના ૫૪ ડ્રોન તોડી પાડ્યા હતા. જોકે, યુક્રેને કરેલા હુમલામાં રશિયાને કેટલું નુકસાન થયું, તેની કોઈ માહિતી સામે આવી નથી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી હવે રશિયાની અંદર ઘુસીને હુમલો કરવા ઈચ્છે છે. રિપોર્ટ પ્રમાણે, ૨૦ દિવસોમાં યુક્રેનના હુમલામાં રશિયાના ૩૧ નાગરિકોના મોત થઈ ચુક્યા છે.

### શ્રીનગરમાં મહેબૂબા મુફ્તીનું વિવાદાસ્પદ નિવેદન

# આજે કાશ્મીર પાકિસ્તાનનો હિસ્સો હોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ- કાશ્મીર,તા.૨૦: જમ્મુ-કાશ્મીરમાં લગભગ ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. આર્ટીકલ ૩૭૦ હટાવ્યા અને લદ્દાખને અલગ કર્યા પછી આ પહેલી વિધાનસભા ચૂંટણી છે. ચૂંટણી પ્રચારમાં તમામ રાજકીય પક્ષો એકબીજા પર નિશાન સાધી રહ્યા છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને PDPના વડા મહેબૂબા મુફ્તીએ પ્રચાર વચ્ચે આજે શુક્રવારે એક નિવેદન આપ્યું છે જેનાથી વિવાદ શરૂ થઈ ગયો છે. મહેબૂબા મુફ્તીએ કહ્યું છે કે, "જો અબ્દુલ્લા પરિવારે પાકિસ્તાનના એજન્ડાનું પાલન કર્યું હોત તો આજે કાશ્મીર પાકિસ્તાનનો હિસ્સો હોત."

શ્રીનગરના જૂના શહેરમાં નવાકદલમાં એક બેઠકમાં PDPના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતે કાશ્મીરના અબ્દુલ્લા પરિવારનો આભાર માનવો જોઈએ. જો શેખ અબ્દુલ્લાએ મુસ્લિમ બહુમતી હોવા છતાં ભારતમાં જોડાયા ન હોત તો આજે આપણે કાં તો સ્વતંત્ર હોત અથવા તો બીજી બાજુ એટલે કે પાકિસ્તાન સાથે હોત.

મહેબૂબા મુફ્તીએ વધુમાં કહ્યું કે, જ્યારે કાશ્મીરમાં આતંકવાદ ચરમસીમા પર હતો ત્યારે ઉમર અબ્દુલ્લાએ કાશ્મીરને લઈને ભારતની સ્થિતિ આખી દુનિયામાં ફેલાવી હતી. મુફ્તી પરિવારે કાશ્મીરમાં હુર્રિયત સાથે વાતચીત શરૂ કરી અને યુવાનોને હિંસાથી દૂર રાખ્યા.

મહત્ત્વપૂર્ણ છે કે, જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. ત્રણ તબક્કામાંથી પ્રથમ તબક્કાનું મતદાન ૧૮ સપ્ટેમ્બરે પૂર્ણ થયું હતું. રાજ્યમાં બીજા તબક્કાનું મતદાન ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કાનું મતદાન ૧ ઓક્ટોબરે થવાનું છે. ચૂંટણીના પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર થશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં લગભગ ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ રહી છે.

# રામ મંદિરની પ્રતિષ્ઠામાં પણ તિરુપતિના લાડુ વહેંચ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અયોધ્યા,તા.૨૦: આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરના લાડુમાં જાનવરોની ચરબી અને માછલીનું તેલ ભેળવવામાં આવતા હોવાના અહેવાલ બાદ અયોધ્યાના સંતોમાં ભારે રોષ છે. જ્યારે ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરમાં ભગવાન રામ લલ્લાનો અભિષેક કરવામાં આવ્યો હતો, ત્યારે તિરુપતિથી લાવવામાં આવેલા પ્રસાદના એક લાખ લાડુનું મહેમાનોમાં વહેંચવામાં આવ્યા હતા. રામ મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તિરુપતિ બાલાજીથી ત્રણ ટન ખાસ બનાવેલા લાડુ લાવવામાં આવ્યા હતા. રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે પ્રયોગશાળાની તપાસમાં લાડુમાં પ્રાણીની ચરબી અને માછલીનું તેલ મળી આવવાના અહેવાલ પર કહ્યું કે સરકારે તેની ગંભીરતાથી તપાસ કરવી જોઈએ અને દોષિતોને સજા કરવી જોઈએ.

આચાર્ય સત્યેન્દ્ર દાસે કહ્યું કે આ ખૂબ જ દુ:ખદ બાબત છે અને કરોડો લોકોની આસ્થા પર આઘાત છે. તેમણે એવી આશંકા વ્યક્ત કરી છે કે આ સનાતન ધર્મને નુકસાન પહોંચાડવાના આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો એક ભાગ હોઈ શકે છે, તેથી સરકારે તેની યોગ્ય તપાસ કરવી જોઈએ અને શોધી કાઢવું ??જોઈએ કે તેમાં કોઈ વિદેશી ષડયંત્ર છે કે પછી તે દેશના લોકોનો હાથ છે. મુખ્ય પૂજારી દાસે કહ્યું કે તિરુપતિ બાલાજીના લાડુ ખૂબ પ્રખ્યાત છે. જેણે આવું જઘન્ય કૃત્ય કર્યું છે તે ભયંકર ગુનેગાર અને દેશદ્રોહી છે. દાસે કહ્યું કે લાડુમાં આ બધું ક્યારથી ભેળવવામાં આવે છે તે ખબર નથી. તેમણે કહ્યું કે સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આવી ઘટનાઓ ફરીથી ન બને.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ બુધવારે ધારાસભ્યોની બેઠકમાં કહ્યું હતું કે જગન મોહન રેડ્ડી સરકારના કાર્યકાળ દરમિયાન તિરુપતિ બાલાજી મંદિરના લાડુમાં શુદ્ધ ઘીની જગ્યાએ પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગુરુવારે નાયડુની તેલુગુદેશમ પાર્ટી (ટીડીપી)ના પ્રવક્તા અનમ વેંકટા રમન રેડ્ડીએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી અને ગુજરાતમાં એક લેબનો રિપોર્ટ રજૂ કર્યો. ગુજરાતના આણંદમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ની આ લેબ દ્વારા તિરુપતિ બાલાજી મંદિરના લાડુમાં વપરાતા ઘીના નમૂનાની તપાસ કરવામાં આવી હતી અને જણાવ્યું હતું કે ઘણા પ્રાણીઓની ચરબીની સાથે તેમાં માછલીનું તેલ પણ ભેળવવામાં આવ્યું હતું.

### તિરૂપતિ પ્રસાદ વિવાદ

# તમામ પાસાને ધ્યાનમાં રાખીને યોગ્ય પગલાં લેવામાં આવશે : જે.પી.નડ્ડા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦: તિરુપતિ બાલાજીના લાડુમાં પ્રાણીઓની ચરબી ભેળવવામાં આવતી હોવાનો વિવાદ હવે નવી દિલ્હી સુધી પહોંચી ગયો છે. કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડાએ આજે શુક્રવારે આ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, "મને માહિતી મળતાં જ મેં ચંદ્રબાબુ નાયડુ સાથે વાત કરી અને આ વિશે માહિતી મેળવી છે, મેં તેમને કહ્યું છે કે તેમની પાસે જે રિપોર્ટ છે તે મને મોકલો. હું તેની તપાસ કરીશ અને રાજ્યના સંબંધિત વિભાગ સાથે પણ વાત કરીશ અને હું જાણીશ કે તેમનું શું કહેવું છે. રિપોર્ટની સંપૂર્ણ તપાસ કર્યા પછી, તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને યોગ્ય પગલાં લેવામાં આવશે, કાયદા અને અમારા FSSAIના કાર્યક્ષેત્રમાં જે પણ આવશે, તે હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

આંધ્રપ્રદેશના ઝસ ચંદ્રબાબુ નાયડુએ આ મામલે કહ્યું હતું કે, તિરુપતિ બાલાજીના લાડુમાં પણ ભેળસેળ કરવામાં આવી હતી. મને નવાઈ લાગે છે કે વારંવાર ફરિયાદો કરવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જેનાથી ભગવાન બાલાજીની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. તેમનું (જગનમોહન સરકારનું) કાર્ય ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતું, અન્ય પ્રસાદમાં પણ ખોરાકના ધોરણોની અવગણના કરવામાં આવી હતી. ભગવાનને પ્રસાદ બનાવવામાં વપરાતી સામગ્રીની ગુણવત્તા સાથે ચેડા કરવામાં આવ્યા હતા. પ્રસાદમાં ઘીની જગ્યાએ પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો તે કહેવું દુ:ખદ છે.

ચંદ્રબાબુ નાયડુએ વધુમાં કહ્યું કે, "હવે અમે પ્રસાદની ગુણવત્તા પર કામ કરવાનું શરૂ કર્યું છે. પ્રસાદ બનાવવામાં શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. ભગવાન બાલાજી આપણા રાજ્યમાં છે એ આપણું સૌભાગ્ય છે. અહીં દુનિયાભરમાંથી લોકો આવે છે, તેથી આપણે તિરુપતિજીની પવિત્રતાનું સંપૂર્ણ ધ્યાન રાખવું પડશે." ગુજરાતના નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની લેબમાં લાડુના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું જેમાં જાણવા મળ્યું કે પ્રસાદ માટેના લાડુ બનાવવા માટે વપરાતા ઘીમાં પ્રાણીની ચરબી છે. તપાસમાં વધુ સ્પષ્ટતા કરતાં જણાવાયું કે, લાડુમાં માછલીનું તેલ અને બીફ ચરબીના નિશાન મળી આવ્યા હતા. તેમાંથી ચરબીનો કેટલોક જથ્થો પણ મળી આવ્યો છે. વધુમાં, લેબ રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે, પ્રસાદના લાડુ બનાવવામાં શુદ્ધ ઘીને બદલે પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# સુપ્રીમ કોર્ટની યુટ્યુબ ચેનલ હેક!

### નામ બદલીને ક્રિપ્ટોકરન્સી સંબંધિત વીડિયો થયા અપલોડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૦: ભારતની સુપ્રીમ કોર્ટની યુટ્યુબ ચેનલ આજે શુક્રવારે હેક કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હવે આ ચેનલ પર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાની જગ્યાએ રિપલ (Ripple) નામની ચેનલ દેખાઈ રહી છે. આ ચેનલ પર પહેલા સુપ્રીમ કોર્ટને લગતા વીડિયો આવતા હતા, પરંતુ હવે ક્રિપ્ટોકરન્સી સંબંધિત વીડિયો આખી ચેનલ પર દેખાઈ રહ્યા છે.

સર્વોચ્ચ અદાલતએ બંધારણીય બેંચ સમક્ષ સૂચિબદ્ધ કેસો અને જાહેર હિતના મુદ્દાની સુનાવણી સ્ટ્રીમ કરવા માટે YouTubeનો ઉપયોગ કરી રહી છે. મળતી માહિતી મુજબ, સુપ્રીમ કોર્ટના વીડિયોને હેકર્સ દ્વારા ખાનગી બનાવી દેવામાં આવ્યા છે. જ્યારે સુપ્રીમ કોર્ટ પ્રશાસન હાલમાં યુટ્યુબ ચેનલના હેકિંગની તપાસ કરી રહ્યું છે.

થોડા વર્ષો પહેલા, સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ બંધારણીય બેંચના કેસોમાં તેની કાર્યવાહીને લાઇવ સ્ટ્રીમ કરવાનો નિર્ણય લીધો હતો. કોર્ટે કહ્યું હતું કે, લાઇવ સ્ટ્રીમિંગ કાર્યવાહી બંધારણની કલમ ૨૧ હેઠળ ન્યાય મેળવવાના અધિકારનો એક ભાગ છે. સુનાવણીને લાઇવ સ્ટ્રીમ કરવા માટે કોર્ટ યુટ્યુબનો ઉપયોગ કરી રહી છે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે કોલકાતાની ઇ૨ કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણીને યુટ્યુબ પર લાઇવ સ્ટ્રીમ કરી હતી.

આજકાલ સામાન્ય રીતે જોવા મળે છે કે, સ્કેમર્સ દ્વારા લોકપ્રિય વીડિયો ચેનલોનું હેકિંગ મોટા પાયે કરવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ, રિપલે પોતે હેકર્સ દ્વારા પોતાના CEO બ્રેડ ગારલિંગહાઉસનું પ્રતિરૂપણ કરતાં રોકવામાં નિષ્ફળ થવાથી YouTube પર કેસ કર્યો હતો.

### આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફીમાં થશે મોટા ફેરફાર

# હાઉસિંગ સોસાયટીના બદલાશે નિયમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨૦: ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સફર ફી માં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. ગુજરાતની કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફીના ધારાધોરણ નવેસરથી નક્કી કરાશે. નવા નિયમથી આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફી પર બ્રેક લાગશે. સાથે જ ટ્રાન્સફર ફી જંત્રીમાં દર્શાવેલી કિંમતની ટકાવારી મુજબની રહેશે અથવા તો દસ્તાવેજમાં દર્શાવેલી મકાન, ફ્લેટ કે દુકાનની કિંમત મુજબની રહેશે.

ગુજરાતમાં હાઉસીંગ કો.ઓપ. સોસાયટીમાં મિલ્કતોના થતા ખરીદ વેંચાણમાં ટ્રાન્સફર ફી અંગે છેક માર્ચ માસમાં રાજ્યની વિધાનસભાએ ખરડો પસાર કર્યો હતો. ગુજરાત વિધાનસભાએ ફેબ્રુઆરી માસમાં ધ ગુજરાત કો.ઓપ. સોસાયટી (સુધારા) બીલ-૨૦૨૪ મંજૂર કર્યુ હતું અને તે કાનુન બની ગયો હતો. પરંતુ હજુ સુધી નવા નિયમો બન્યા નથી. ત્યારે સૌથી પહેલા કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફી અંગે નિર્ણય લેવાઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત સરકાર હવે ડેવલપમેન્ટ ચાર્જની વ્યવસ્થા જ નાબુદ કરે તેવી ધારણા છે. ગુજરાત કો.ઓ.સોસાયટી એકટ ૧૯૬૧માં આ સુધારા દાખલ કરાયા છે અને તેમાં સોસાયટી નિશ્ચિત ટ્રાન્સફર ફી કરતા વધુ ફી ઉઘરાવી શકે નહીં તે જોગવાઇ કરવામાં આવી છે. હાલના કાયદામાં ટ્રાન્સફર ફી અંગે કોઇ ચોકકસ જોગવાઇ નથી. દર વર્ષે ૧૫૦૦ હાઉસીંગ સોસાયટીઓ તો બની જાય છે, પરંતુ તેના કોઈ કાયદા કાનૂન નથી. દરેક પોતાની મનમરજીથી ટ્રાન્સફર ફી વસુલે છે. ત્યારે હવે આ મનમાની પર બ્રેક લાગશે.

સરકારે તાજેતરમાં જ હાઉસીંગ સોસાયટીની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ સભ્યોની જે જોગવાઇ છે તે ઘટાડીને ૮ સભ્યોની કરી હતી. ત્યારે હવે કયા કયા નિયમો લાગુ થઈ શકે છે તે જોઈએ.

નવા નિયમો મુજબ કોઇપણ સોસાયટીનો કોઇપણ પ્રકાર હશે તેને ધ્યાનમાં લીધા વિના સોસાયટીના તમામ સભ્યોએ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે.

સરકારમાં નોંધણી કરાવેલી કોઇપણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હાલના મકાન માલિક પાસેથી જ્યારે કોઇ નવો સભ્ય મકાન, ફ્લેટ કે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદે છે ત્યારે હાઉસિંગ સોસાયટી વહીવટ પેટે જે રકમ લે છે તેને ટ્રાન્સફર ફીની રકમ ગણવામાં આવે છે. આ ફીની રકમ ચૂકવીને મકાન કે ફ્લેટ ખરીદનાર નવો સભ્ય વિધિવત રીતે તે સોસાયટીનો સભાસદ બની જાય છે, અને તે સોસાયટી તરફથી પૂરી પડાતી તમામ સેવાઓનો લાભ ઉઠાવી શકે છે.

રાજ્ય સરકારે છેલ્લે ટ્રાન્સફર ફીની રકમ ૧૯૯૧માં નક્કી કરી હતી ત્યારથી આજદિન સુધી તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૦૧૬ની સાલમાં પણ એ જ ફીની રકમ નક્કી રાખવામાં આવી હતી. હવે ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ-૧૯૬૧ની કેટલીક કલમોમાં સુધારા કરીને ટ્રાન્સફર ફીને વધુ તર્કસંગત બનાવશે.

### અત્યાર સુધી કેટલા નામો પર વિચાર કરાયો નથી : સુપ્રીમ

# જજોની નિયુક્તિના મામલે કેન્દ્ર અને સુપ્રીમ કોર્ટ આમને સામને

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૦: સુપ્રીમ કોર્ટે કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલા નામો પર કેન્દ્ર સરકારની મંજૂરી ન હોવા પર જવાબ માંગ્યો છે. સર્વોચ્ચ અદાલતે શુક્રવારે કેન્દ્ર સરકારને જણાવ્યું કે અત્યાર સુધી કેટલા નામો પર વિચાર કરવામાં આવ્યો નથી અને તેના કારણો શું છે. આ ઉપરાંત કોર્ટે એ પણ પૂછ્યું છે કે જો આ નામોને મંજૂરી આપવામાં આવી નથી તો તે કયા તબક્કે પેન્ડિંગ છે.

સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલને એવા નામોની યાદી તૈયાર કરવા કહ્યું કે જેમના નામની ભલામણ કરવામાં આવી હતી અને તેના પર અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમને આ નામો પર શા માટે અને કયા સ્તરે મંજૂરી બાકી છે તે સમજાવવા કહેવામાં આવ્યું હતું. તેના પર કેન્દ્ર સરકાર વતી એટર્ની જનરલે કહ્યું કે અમે આવતા સપ્તાહ સુધીમાં આ અંગે માહિતી આપીશું.

એટર્ની જનરલ આર.વેંકટરામાણીએ ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચ સમક્ષ આ ટિપ્પણીઓ કરીને શુક્રવાર માટે સૂચિબદ્ધ પીઆઈએલ પર સુનાવણી મુલતવી રાખવા વિનંતી કરી હતી. એટર્ની જનરલે જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાએ આ બેન્ચને કહ્યું, 'અમે કૉલેજિયમની ભલામણો વિશે કેટલીક વિગતો આપીશું. કૃપા કરીને એક અઠવાડિયા પછી જ અરજી પર સુનાવણી કરો. ખંડપીઠે કહ્યું કે મુલતવી રાખવા માટેની દલીલો શુક્રવારે જ થઈ શકે છે કારણ કે આ મામલો પહેલેથી જ ન્યાયાધીન છે.

દરમિયાન, મુખ્ય ન્યાયાધીશે એટર્ની જનરલને કહ્યું કે ઝારખંડ સરકારે રાજ્યની હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશની નિમણૂક ન કરવા બદલ કેન્દ્ર વિરુદ્ધ તિરસ્કારની અરજી દાખલ કરી છે. તેના પર એટર્ની જનરલે કહ્યું, 'મને ખબર નથી.' ઉલ્લેખનીય છે કે હેમંત સોરેનની આગેવાની હેઠળની ઝારખંડ સરકારે જસ્ટિસ એમએસ રામચંદ્ર રાવને ઝારખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવા માટે કોલેજિયમની ભલામણને ન સ્વીકારવા બદલ કેન્દ્ર સરકાર સામે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો છે.

દમણગંગા ટાઇમ્સ
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

# રોણવેલની આર.કે.પટેલ સાર્વજનિક વિદ્યાલયનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ તા ૨૦:** સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કૂલ, વાપી ખાતે વલસાડ જિલ્લા કક્ષાની શાળાકીય રમતોત્સવની વૉલીબૉલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ અંડર-૧૪ બહેનોની ટીમે સારું પ્રદર્શન કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ અંડર-૧૭ ભાઈઓ-બહેનો અને અંડર -૧૯ બહેનોએ પણ સારું પ્રદર્શન કરી તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જેમાંથી ઓમ રિતેશભાઈ પટેલ (અંડર -૧૭) એની ભરતભાઈ પટેલ (અંડર-૧૭) સાધના ઉત્તમભાઈ ડોડીયા (અંડર-૧૪) રાજ્ય કક્ષાએ રમવા માટે વલસાડ જિલ્લાની ટીમમાં પસંદગી થઈ છે. ઉપરાંત કુંજ પંકજભાઈ પટેલ જેનું ગુજરાત રાજ્યની ૩side વોલીબોલની ટીમમાં પસંદગી થઈ છે. તમામ ટીમને અને રાજ્ય કક્ષાએ પસંદગી થયેલ તથા રાષ્ટ્રીય કક્ષાએ પસંદ થયેલ વિદ્યાર્થીઓને સમસ્ત શાળા પરિવાર તથા રોણવેલ વિભાગ કેળવણી મંડળ, રોણવેલ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# પારડીના આમળીમાં કલા ઉત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી,તા.૨૦:** પારડી તાલુકાના આમળીગામમાં આવેલ પ્રાથમિક શાળામાં પારડી તાલુકાનો કલા ઉત્સવ યોજવામાં આવ્યો હતો ત્યારબાદ જેમાં બાળકવિ, ચિત્ર સ્પર્ધા, સંગીત ગાયન અને સંગીત વાદન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ કલા ઉત્સવમાં પારડી તાલુકાના ૧૧ કલસ્ટરમાંથી વિજેતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ સ્પર્ધામાં બાળકવિ સ્પર્ધામાં પારડી કન્યાશાળા નંબર-૧ની વિદ્યાર્થીની સંજના જીતેશભાઈ પટેલે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો અને ચિત્ર સ્પર્ધામાં વસીલા ઈફતખાર અંસારીએ તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

બંને વિદ્યાર્થીનીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા સંજના જીતેશભાઈ પટેલ જિલ્લાકક્ષાએ બાળકવિ સ્પર્ધામાં પારડી તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

# નવસારી જિલ્લાને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ (ગર્લ્સ)ની ભેટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૨૦:** રાજ્ય સરકારની સરકારી શાળામાં અભ્યાસ કરતાં હોશિયાર બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ, ભોજન, રેહવાની સગવડ મળે તે માટે સમ્રગ શિક્ષા વિભાગ દ્વારા જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ યોજના હેઠળ નવસારી જિલ્લામાં નાયક ફાઉન્ડેશનને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ (ગર્લ્સ)ની મંજુરી ચાલુ વર્ષથી આપવામાં આવી છે. આ યોજના હેઠળ જે બાળકો સરકારી શાળામાં ધોરણ- ૫ માં અભ્યાય કરતાં હતા. અને જેમણે CET ની પરિક્ષા પાસ કરી હોય અને ઉચ્ચ મેરીટ ધરાવતા હોય તેવી વિદ્યાર્થીનીઓ http// www.gssyguj.in અથવા gssyguj.in પર જઈ પોતાની શાળાની પસંદગી કરી શાળામાં પ્રવેશ મેળવી શકાશે. જો કોઈ વિદ્યાર્થી નવસારી જિલ્લામાં જ પ્રવેશ મેળવવા માંગતા હોય તેમણે શ્રી નાયક ફાઉન્ડેશન સંચાલિત જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ એંધલ, તા.ગણદેવી, જી.નવસારી પંસદ કરવાની રહેશે. હાલમાં આ વેબસાઈટ ચાલુ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓએ શાળા પંસદગી ઓન લાઈન જ કરવાની રહેશે. ઉપરોક્ત શાળા કામચલાઉ હાલ વાત્સલ્યધામ, કુકેરી તા.ચીખલી, જી.નવસારી ખાતે શરુ થશે જેથી ફરજીયાત વાત્સલ્યધામમાં જ રહી અભ્યાસ કરવાનો રહેશે. આ વિદ્યાર્થીને ધોરણ- ૬ થી ધોરણ- ૧૨ સુધી રાજ્ય સરકાર દ્વારા અભ્યાસ કરાવવામાં આવશે.

# મગરવાડામાં આઈસીડીએસ અને મિશન પોષણ માહ અંતર્ગત સુપોષણ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૨૦:** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવ પ્રશાસન દ્વારા નિયુક્ત સમાજ કલ્યાણ વિભાગના સચિવ ફરમાન બ્રમ્હા અને ડે.સેક્રેટરી મનોજ પાંડેના માર્ગદર્શન હેઠળ બાળ વિકાસ પ્રોજેક્ટ ઓફિસર શ્રીમતી ગાયત્રી આર જાટ અને આંગણવાડી કાર્યકરો દ્વારા સુપોષણ દિવસ કાર્યક્રમ યોજાયેલો હતો.

જેમાં મગરવાડા ગામના તમામ આંગણવાડીના લાભાર્થી બાળકોના પિતા અને સગર્ભા માતાઓના પતિઓએ લાભ લીધો હતો. આજના કાર્યક્રમમાં ખાસ સીડીપીઓ શ્રીમતી ગાયત્રી જાટ દ્વારા કુપોષણ અને કુપોષણથી થતી સમસ્યાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. જેમાં બાળકના કુપોષણના કુલ ૩ લક્ષણો જણાવવામાં આવ્યા છે. કુપોષણને દૂર કરવા બાળકને પૌષ્ટિક ખોરાક આપવો. લીલા શાકભાજી, અનાજ, કઠોળ, ફળો, ઈંડા, માછલી વગેરે ખવડાવવા જોઈએ. ગર્ભાવસ્થાથી ૬ વર્ષ સુધી બાળકના પોષણ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. ગર્ભાવસ્થા દરમિયાન સંપૂર્ણ આહાર લેવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. બજારમાં મળતા ફૂડ પેકેટ બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. ઉપરાંત તમામ બાળકોના પિતા સાથે ચર્ચાઓ કરી હતી અને બાળકોની ખાણીપીણીની આદતો અંગે પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા. વર્તમાન સમયમાં કુંટુંબ નિયોજનની આવશ્યકતા વિશે સમજાવવામાં આવ્યું. બાળકની જવાબદારી માતા અને પિતા બંનેની હોય છે. બાળકોના પ્રથમ ૧૦૦૦ દિવસ માનસિક અને શારીરિક વિકાસ માટે ખુબ જ મહત્વના રહે છે. આ તમામ વિષયો પર વિડીયો બતાવવામાં આવ્યા હતા.

બાળ વિકાસ પ્રોજેક્ટ ઓફિસર શ્રીમતી ગાયત્રી આર જાટના માર્ગદર્શન હેઠળ શિવાની પટેલ (ડિસ્ટ્રિક્ટ કોઓડીનેટર) અને મગરવાડાના આંગણવાડી કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રોણવેલની વિદ્યાભવનમાં સ્વ.રેવા બેનની પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ તા ૨૦:** આર.કે.પટેલ સાર્વજનિક વિદ્યાલય, રોણવેલ તથા રોણવેલ વિભાગ કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે સ્વ. રેવાબેન કરશનભાઈ પટેલની ૩૯મી પુણ્યતિથી નિમત્તે આજરોજ તારીખ ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે શાળાના રૂક્ષ્મણી બા પ્રાર્થના હોલમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય ડૉ.ધનસુખભાઈ જે. આહીરે શાબ્દિક સ્વાગત કરી બધાને આવકાર્યા હતા. રોણવેલ વિભાગ કેળવણી મંડળના મંત્રી રમેશભાઈ પટેલ અને પ્રમુખ જયેશભાઈ યુ.પટેલે એમના સંબોધનમાં સ્વ.રેવાબેન કરશનભાઈ પટેલની પુણ્ય આત્માને યાદ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વ્યવસ્થાપક કમિટીના સભ્યો, ટ્રસ્ટી કનુભાઈ પટેલ તેમજ સ્વર્ગસ્થ રેવાબેનના સુપુત્ર નાનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી.



# વલસાડ જિલ્લા શાળા સંચાલક મંડળના જિલ્લા પ્રમુખ તરીકે કમલેશ દેસાઈની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૦:** રાજ્ય શાળા સંચાલક મહામંકળ-ગુજરાત પ્રદેશ સંલગ્ન વલસાડ જિલ્લા શાળા સંચાલક મંડળ વલસાડ જિલ્લા પ્રમુખ તરીકે કમલેશભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શાળા સંચાલક મંડળના ખંડ-૮માં રાજ્ય શાળા સંચાલક મહામંડળ ગુજરાત પ્રદેશના સર્વમાન્ય ઉમેદવાર તરીકે ડો. જે.વી. પટેલને જાહેર કરેલ છે. ઉમેદવારને જંગી બહુમતીથી વિજય બનાવવાના હેતુથી તા.૨૨/૦૯/૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પારડીની ડી.સી.ઓ. હાઈસ્કૂલ મીટીંગ રાખવામાં આવેલ છે. જેમાં મહામંત્રી તરીકે રાજેશ સી. પટેલ, મહેલકુમાર બી.આહિર, અધ્યક્ષ કરણસિંહ યુ. રાઠોડ, ઉપાધ્યક્ષ માધુભાઈ બાપુભાઈ રાઉત, હર્ષદકુમાર સ્વરૂપચંદ શાહ, 'કુન્હેશકુમાર આઈ. ભટ્ટ ઉપપ્રમુખ'થી યુનીભાઈ કે.પટેલ ઉપપ્રમુખ હેમંતભાઈ જે. દેસાઈ, મંત્રી જીતેન્દ્રકુમાર કાંતિલાલ ટંડેલ, સંજીવભાઈ જયવદન ઓઝા, સંગઠન મંત્રી ઝીણાભાઈ રામભાઈ પવાર ધીરૂભાઈ ગુલાબભાઈ પટેલ, દિપકભાઈ ગુણવંતરાય દેસાઈ શાળા સંચાલક મંડળના ખંડ-૮માં રાજ્ય શાળા સંચાલક મહામંડળ ગુજરાત પ્રદેશના સર્વમાન્ય ઉમેદવાર તરીકે ડો. જે.વી. પટેલને જાહેર કરેલ છે. ઉમેદવારને જંગી બહુમતીથી વિજય બનાવવા માટે તા.૨૨/૦૯/૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડી.સી.ઓ. હાઈસ્કૂલ પારડી ખાતે એક મીટીંગ રાખવામાં આવેલ છે.

# કોલકાતામાં જુનિયર ડોકટરોની હડતાળ સમાપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૨૦:આરજી કાર હોસ્પિટલના જુનિયર ડોકટરોની હડતાળ સમાપ્ત, શનિવારથી કામ પર પાછા ફરશે. કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડોકટરો સામેની ક્રૂરતા સામે જુનિયર રેસિડેન્ટ ડોકટરો ૯ ઓગસ્ટથી વિરોધ કરી રહ્યા હતા. મમતા સરકાર તેમની પાસેથી કામ પર પાછા ફરવાની સતત માંગ કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે પણ ડોક્ટરોને કામ પર પાછા ફરવાનું કહ્યું હતું. કોલકાતાની ઘટના બાદથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ડોક્ટરોએ કામ પર પરત ફરવાની જાહેરાત કરી છે. મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં રાજ્યની તમામ હોસ્પિટલોના જુનિયર ડોક્ટરો હડતાળ પર છે. તેઓ ૧૦ સપ્ટેમ્બરથી સોલ્ટ લેકમાં હેલ્થ બિલ્ડિંગની સામે બેસી રહ્યા છે. આંદોલનકારી જુનિયર તબીબોના મતે સરકારી હોસ્પિટલોમાં ગુંડાગીરીનું કલ્ચર બંધ થવું જોઈએ. હોસ્પિટલોમાં સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. તેમણે કહ્યું કે આરોગ્ય વિભાગ દ્વારા ટાસ્ક ફોર્સની રચના અંગેની માહિતી જલ્દીથી જારી કરવી જોઈએ. આંદોલનકારી જુનિયર ડૉક્ટર અનિકેત મહતોએ કહ્યું હતું કે અમારી ચોથી અને પાંચમી માગણીઓ એટલે કે પ્રિન્સિપલ સેક્રેટરીનો મુદ્દો સ્વીકારવો જોઈએ. અને જે રીતે માનનીય સર્વોચ્ચ અદાલતે સલામતી અને સલામતીની અમારી માંગણી સ્વીકારી છે. તેમણે કહ્યું કે અમારી માંગણી છે કે કોલેજ પરિસરમાં સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે જેથી કરીને લેડી ડોક્ટર રેપની ઘટના ફરી ન બને. કોલેજ-ટુ-કોલેજમાં લોકતાંત્રિક જગ્યાનો વિસ્તાર થવો જોઈએ. અમે માનીએ છીએ કે આ માંગણીઓ પર સરકાર સાથે વહેલી તકે ચર્ચા થવી જોઈએ.

## રાહુલને ભાજપના મંત્રીઓએ મારી નાખવાની ધમકી આપતા

# વલસાડ જિલ્લા કોંગ્રેસ દ્વારા ડીએસપીને આવેદનપત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૦:** વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ભાજપના નેતાઓની ખુલ્લી ધમકીઓ સામે ફરિયાદ સામે આજરોજ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારોએ વલસાડ જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી છે.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ દિનેશભાઈ પટેલની આગેવાની હેઠળ આજરોજ વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરન રાજ વાઘેલાને આવેદનપત્ર લેખિતમાં રજૂઆત કરી કે બીજેપી નેતા તરવિન્દરસિંહ મારવાહએ તા. ૧૧-૯-૨૦૨૪ના રોજ, ભાજપના એક કાર્યક્રમમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે ક્રરાહુલ ગાંધી બાઝ આજા, નહીં તો આને વાલે ટાઈમ મેં તેરા ભી વહી હાલ હોગા જો તેરી દાદી કા હુઆ કરીશ, સંજય ગાયકવાડ, ધારાસભ્ય, શિંદે સેના તા.૧૬-૯-૨૦૨૪ના રોજ જાહેરમાં ૧૧ લાખ રૂ.ના ઈનામની જાહેરાત કરી. જે કોઈ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ ઈનામ આપીશ.

રાહુલ ગાંધી તેમની જાહેર ફરજો નિભાવે છે એટલે કે દેશના વિરોધ પક્ષના નેતા તરીકે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના મુદ્દાઓ અને વર્તમાન સરકારની નિષ્ફળતાઓ ઉઠાવે છે. ગુનાહિત ધાકધમકી, જાહેર દુષ્ટતાના ઉપરોક્ત ઈરાદા પૂર્વકના અને સારી રીતે વિચારેલા કૃત્યો એ ભાજપ/એનડીએના નેતાઓ દ્વારા એલઓપી રાહુલ ગાંધી વિરુદ્ધ સામાન્ય લોકોમાં દુશ્મનાવટ, શાંતિનો ભંગ આક્રમકતા, નફરત અને દુષ્ટતા ઉભી કરવાના ઈરાદા પૂર્વકના પ્રયાસો છે. ભાજપ અને તેના સાથી પક્ષોના નેતાઓ ભાજપ/એનડીએના ટોચના પદાધિકારીઓની સૂચના પર આ ગુનાહિત પ્રવૃત્તિ કરે છે.


**યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું**

વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London) નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.

સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737

સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC



**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ**
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVĀN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon

LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



**SSR MEMORIAL TRUST'S**
**SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE**
Email: principal@ssracs.edu.in, NAAC Accredited with B+ Grade, contact: 9081160001
(Affiliated with Savitribai Phule Pune University)
SAYLI ROAD, SILVASSA, U.T. of Dadra & Nagar Haveli-396230
**APPOINTMENTS OF TEACHING POSTS**
Applications are invited from eligible candidates for the following Teaching Posts of UG and PG

**CORRIGENDUM**

| Sr. No. | SUBJECT | POST | Category | NO. OF POST |
|---|---|---|---|---|
| 1 | English | Assist. Professor | 1- VJ A | 01 |
| 2 | Psychology | Assist. Professor | 1-SC | 01 |
| 3 | Commerce | Assist. Professor | 1-SC, 1-OBC, 1-NT B | 03 |
| 4 | BBA | Assist. Professor | 1-SC, 1-VJ A, 1-OBC | 03 |
| 5 | BBA CA | Assist. Professor | 1-SC, 1-OBC, 1-VJ A | 03 |
| 6 | Computer Science | Assist. Professor | 1-SC, 1-VJ A, 1-OBC | 03 |
| 7 | Microbiology | Assist. Professor | 1-SC, 1-OBC, 1-VJ A | 03 |
| 8 | Botany | Assist. Professor | 1-SC | 01 |
| 9 | Chemistry | Assist. Professor | 1-SC 1-ST VJ-A 1-OBC 1-SEBC | 05 |
| 10 | Mathematics | Assist. Professor | 1-SC 1-VJ-A | 02 |
| 11 | Statistics | Assist. Professor | 1-Open to all | 01 |
| 12 | Physics | Assist. Professor | 1- Open 1-SC 1-VJ A | 03 |
| 13 | Electronics | Assist. Professor | 1-SC 1-VJA | 02 |
| 14 | M Com | Assist. Professor | 1-SC 1-VJA | 02 |
| 15 | M. Sc. (Org. Chemistry) | Assist. Professor | 1-SC 1-VJA 1-OBC | 03 |
| 16 | Economics | Assist. Professor | 1-Open to all | 01 |

NOTE :
1. The Qualification and Experience for the above post is applicable as per the UGC, SPPU, Pune. and Govt. of Maharashtra norms (NET/MH SET/PhD)
2. Reservation for Women and Divyangjan will be applicable as per government norms.
3. Reservation category candidates should also send the copy of their application to the reservation cell of Savitribai Phule Pune University, Pune
4. Eligible candidate may apply with an application along with updated resume, Passport Size Photograph and all the testimoni als (self-attached) within 15 days from the date of publication of advertisement at SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE, Silvassa, DNH. Email: principal@ssracs.edu.in
5. Reservation norms of Government of Maharashtra will be applicable for reserved posts.
6. No T.A./D.A. will be provided for attending the interview.
7. Selection of candidates will be strictly on merit basis as per the criteria fixed by the Selection Committee for the respective

Date 21/06/2024
Place: Silvassa

SD/-
Secretary



torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૩/૦૯/૨૦૨૪ સોમવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | ખડોલી | ૧૧કેવી વસોના એક્સપ્રેસ ફીડર | ચીખલી સવારપાડા, ચીંચપાડા નીમલપાડા, યુએમ કેબલ ઈન્ડસ્ટ્રી, નીલકમલ ઈન્ડસ્ટ્રી |
| ૨૫/૦૯/૨૦૨૪ બુધવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | સિલી | ૧૧કેવી સિલી રૂરલ ફીડર | સિલી હરદુનપાડા, સિલી કુવાપાડા, સિલી કોમ્બાપાડા, સિલી ચોકીપાડા, વડપાડા, પારસીપાડા, જનાથીયાપાડા, તલાવપાડા, વાગરીપાડા, વખારપાડા, ખેરૂનપાડા |
| ૨૭/૦૯/૨૦૨૪ શુક્રવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | દાદરા | ૧૧કેવી દાદરા ઈન્ડસ્ટ્રીઅલ-૬ ફીડર | સીએમસી ગલી |
| ૨૭/૦૯/૨૦૨૪ શુક્રવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | દાદરા | ૧૧કેવી દાદરા ઈન્ડસ્ટ્રીઅલ-૮ ફીડર | ગ્લોમાર ઈન્ડ. એન્ડ ઉદ્યોગી |
| ૨૭/૦૯/૨૦૨૪ શુક્રવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | વાઘધરા | ૧૧કેવી નોવા ઈન્ડસ્ટ્રીઅલ પાર્ક-૧ ફીડર | નોવા આઈ.ઈ. વાઘધરા |
| ૨૭/૦૯/૨૦૨૪ શુક્રવાર સવારે ૦૯.૩૦ થી સાંજના ૦૬.૩૦ | વાઘધરા | ૧૧કેવી નોવા ઈન્ડસ્ટ્રીઅલ પાર્ક-૨ ફીડર | નોવા આઈ.ઈ. વાઘધરા |
| ૨૮/૦૯/૨૦૨૪ શનિવાર સવારે ૦૯.૦૦ થી બપોરના ૦૩.૦૦ | અથાલ | ૧૧કેવી અથાલ ફીડર-૮ | ડુંગરી ફળીયા, સુધીર ગલી, (અથાલ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ) |
| ૨૮/૦૯/૨૦૨૪ શનિવાર સવારે ૦૯.૦૦ થી બપોરના ૦૩.૦૦ | અથાલ | ૧૧કેવી અથાલ ફીડર-૬ | ખાડીપાડા અથાલ, બીએપીએસ મંદિર, સવાઈ ફ્રેગ્રેન્સ, ખૂશબુ ગલી, કામત રીસોર્ટ |
| ૨૮/૦૯/૨૦૨૪ શનિવાર સવારે ૦૯.૦૦ થી બપોરના ૦૩.૦૦ | અથાલ | ૧૧કેવી બીનાનજી ઈન્ડસ્ટ્રીઅલ ફીડર | બી-નાનજી ઈન્ડ્રસ્ટ્રીઅલ એસ્ટેટ, અથાલ |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com



લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેક્શન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી



લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA · VKC pride · sparx · RELAXO
Paragon · Bata · Lakhani · campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361





Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 21, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## બગવાડા સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ દમણગંગા ટાઈમ્સ પ્રેસની મુલાકાત લીધી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૨૦:** શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ જી. એચ. એન્ડ ડી.જે. સાર્વજનિક હાઈસ્કૂલ, બગવાડાનાં સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે દમણગંગા ટાઈમ્સ પ્રેસ વાપીની વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ આર્ટસના કુલ ૪૬ જેટલા વિદ્યાર્થીઓ, શાળાના આચાર્યા શ્રીમતી અલ્પાબેન નાયક જેઓ આજ અખબારના કોલોમિનિસ્ટ છે અને એ અનુસંધાનમાં આ મુલાકાત યોજાઈ હતી. શાળાના શિક્ષકો દર્પણભાઈ સોલંકી, નરેન્દ્રભાઈ રોહિત, શ્રીમતી ડિમ્પલબેન પટેલ, શ્રીમતી ભક્તિબેન પાંચાલના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓને પ્રેસની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

દમણગંગા ટાઈમ્સના તંત્રી શ્રીમતી મંજુલાબેન ઉકાણીએ સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવકાર્યા હતાં. જ્યારે નિવાસી તંત્રી વિકાસ ઉપાધ્યાય દ્વારા બાળકોને એક અખબારના નિર્માણ અંગેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી. તેમણે વિદ્યાર્થીઓને પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશનમાં કારકિર્દી ઘડવા માટેની માહિતી પણ આપી હતી. દમણગંગા ટાઈમ્સના પ્રેસની મુલાકાતમાં વિદ્યાર્થીઓ માટે સૌથી રોમાંચક અનુભવ સમાચાર પત્રનું પ્રિન્ટિંગ કેવી રીતે થાય છે તેનું નિદર્શન પ્રત્યક્ષ નિર્દેશન હતું. જે પ્રેસના સતીષભાઈ તથા શુભમભાઈ દ્વારા કરાયું હતું. શાળાના વિદ્યાર્થીઓએ પોતે મેળવેલ અનુભવો પણ રજૂ કર્યા હતાં.

આચાર્યા શ્રીમતી અલ્પાબેન નાયકે શાળા પરિવાર અને સંચાલકમંડળ વતી દમણગંગા ટાઈમ્સને શુભેચ્છા ભેટ અને આભારપત્ર સોંપી આભાર વ્યક્ત કર્યો હતો.

## અમલસાડમાં ચાર બંધ મકાનોમાં રાત્રી દરમ્યાન ચોરીના બનાવથી લોકો ભયભીત

**સોસાયટીના સીસી ટીવી કેમેરામાં ૭ બુકાનીધારીઓની તસવીર કેદ**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૦:** ગણદેવી તાલુકાનાં અમલસાડ ગામે સાંઈલીલા અને જલારામ સોસાયટીનાં ચાર બંધ મકાનોમાં ગુરુવારે મધ્યરાત્રીએ તસ્કરો ત્રાટકયા હતા. જે પૈકી એક મકાનમાંથી ત્રણ તોલા સોનાનું મંગળસૂત્ર અને પેન્ડલ ચોરી ગયા હતા. ૭ બુકાનીધારી તસ્કરો સીસીટીવીમાં કૈદ થયા હતા.

સ્થળ ઉપરથી પ્રાપ્ત માહિતી અનુસાર અમલસાડ ગામની જલારામ સોસાયટીમાં ત્રણ અને સાઈલીલા લીલા સોસાયટીમાં એનઆરઆઈનાં એક બંધ મકાનનો નકુચા તોડી તસ્કરોએ કસબ અજમાવ્યો હતો. જેમાં જલારામ સોસાયટીમાં રહેતા રિપલ નાનુભાઈ પટેલ (૪૩) નો પરીવાર ઉપરનાં માળે મીઠી નીંદરમાં હતો. દરમ્યાન મકાનનો પ્રવેશદ્વાર તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. અને સ્ટીલનાં બે કબાટ તોડી ત્રણ તોલા સોનાનું મંગળસૂત્ર અને નાનું પેન્ડલ ચોરી ગયા હતા. આજ સોસાયટીમાં રહેતા ઈન્દુભાઈ ભગવાનભાઈ પટેલ (જીઈબી રિટાયર્ડ) અને રીતેશભાઈ ગણપતભાઈ પટેલનાં બંધ મકાનોમાં તસ્કરોએ ઘરવખરી, સામાન વેરવીખેર કર્યા હતા. તે બાદ નજીકની સાઈલીલા સોસાયટીમાં એનઆરઆઈ બાલુભાઈ ખાપાભાઈ પટેલનાં મકાનમાં તસ્કરો પ્રવેશ્યા હતા. સમાન વેરવિખેર કરી ગયા હતા. દરમ્યાન અમલસાડ માજી સરપંચ નિલેશ નાયકે પોલીસને જાણ કરી હતી. જે સાથે સોસાયટી સ્થિત સીસીટીવી કેમેરા ફંફોસતા મધ્યરાત્રીએ બુકાનીધારી ૭ જેટલા તસ્કરોની ગેંગ નજરે ચઢી હતી. પોલીસે સીસીટીવી આધારે ચોરટાઓનું પગેરું શોધવાની કવાયત હાથ ધરી હતી. જોકે મોડી સાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ ન હતી.

## ઢોલડુંગરીની યુવતીને માતા બનાવી તરછોડતા ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર,તા.૨૦:** ધરમપુર તાલુકાના ઢોલડુંગરી ગામના માન ફળિયાની રાધાબેન અશોકભાઈ પટેલ પોતાની સાથે ચંદ્રેશ પટેલે લગ્નની લાલચ આપી માતા બનાવ્યા બાદ તરછોડતા ધરમપુર પોલીસ મથકે ફરિયાદ કરી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

ધરમપુર પોલીસ મથકે રાધાબેન અશોકભાઈ દુર્લભભાઈ પટેલ ઉમર ૨૫ રહેવાસી ઢોલડુંગરી માન ફળિયાનાએ કરેલ ફરિયાદ અનુસાર ચીખલી તાલુકાના કણભઈ ગામના ચંદ્રેશ પટેલે મને જૂન ૨૦૨૩માં ફોન કરેલ અને જે અવારનવાર ફોન કરતો હતો. આગળ જતા એકબીજાના ઈચ્છાથી પ્રેમ સંબંધમાં જોડાતા તેને કેટલીક વખત જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધેલ જેના કારણે ગર્ભ રહી જતા દીકરીનો જન્મ થયેલ અઢી માસની દીકરી હોવાનું જાણવા છતાં ફરિયાદી રાધાબેન સાથે ચંદ્રેશ લગ્ન કરવાની ના પાડતો હોવાથી રાધાબેન પોતાના માતા પિતા તેમજ ગામના આગેવાન કલ્પેશ પટેલની ઉપસ્થિતિમાં ધરમપુર પોલીસ મથકે ચંદ્રેશ પટેલ વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવતા આગળની કાર્યવાહી ધરમપુર પોલીસે હાથ ધરી છે.

### કચ્છી યુવક સંઘ દ્વારા આયોજન

## આજે વાપીમાં કચ્છી નાટકની રજત જયંતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૨૦:** કચ્છી ભાષાના જતન માટે છેલ્લાં લગભગ ૩૧ વર્ષથી કચ્છી નાટય પ્રયોગો દ્વારા સમર્પિત પ્રયાસો કરતા કચ્છી યુવક સંઘના વર્તમાન વર્ષે આષાઢી બીજ-કચ્છી નવાં વર્ષથી શરૂ થયેલા નાટ્ય પ્રયોગોને જબરદસ્ત લોકચાહના મળી રહી છે. આ વર્ષના નાટક 'વા રે વા જિંધગી'ના ૨૪ શો પૂર્ણ કરીને ૨૫મો રજત જયંતી શો આગામી તા.૨૧/૯/૨૪ના શનિવારે વાપીમાં યોજાશે. આ સમગ્ર નાટ્ય પ્રવૃત્તિને જન્મભૂમિ-કચ્છમિત્ર જૂથ મીડિયા પાર્ટનર તરીકે સહયોગી બની રહ્યું છે.

મુંબઈમાં દરેક શો હાઉસફૂલ ગયા બાદ હવે વાપીમાં કચ્છી જૈન સમાજ દ્વારા શનિવારે 'જ્ઞાનધામ ઓડિટોરિયમ'માં રાત્રે નવ વાગ્યે આ કચ્છી નાટક યોજાશે. જેને ટિકિટ સ્પોન્સર તરીકે 'પર્લ' કંપની સહયોગ કરી રહી છે. નાટકના દિગ્દર્શક વસંતભાઈ મારુએ જણાવ્યું કે, ગમે તેવી બીમારી કે મુશ્કેલી વચ્ચે જિંદગીમાં કેમ હકારાત્મક રહી આનંદથી જીવી શકાય તેનો સંદેશ આપતાં આ નાટકનો ૨૫મો શો યોજાઈ રહ્યો છે અને એ હવે ૫૦ શો ગોલ્ડન જ્યુબિલી તરફ આગળ વધશે. આગામી નવેમ્બરમાં કચ્છમાં સાત- શો યોજવાની તૈયારી થઈ ચૂકી છે. વાપીના આયોજનમાં મહેન્દ્રભાઈ છેડા આયોજક તરીકે સહયોગી બની રહ્યા છે. વાપીમાં યોજાનારા આ શોમાં દક્ષિણ ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી કચ્છી લોકો આ નાટક જોવા દર વર્ષે ઊમળકાથી ઊમટે છે.

નોંધનીય છે કે, કચ્છ યુવક સંથ પ્રસ્તુત નાટકને આ વર્ષે નાટક નિર્માણ દાતા તરીકે નીતાબેન પ્રફુલ્લ વીરા, નિકીતા જશ વીરા પરિવાર, વીરા ગ્રુપ સહયોગી બની રહ્યું છે.

## લીલાપોરમાં રેતી ભરેલી ટ્રક અકસ્માત કરે તે પહેલા સાઈડે ઉતારી દેતા મોટી દુર્ઘટના ટળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ,તા.૨૦:** પાંચ દિવસ અગાઉ વલસાડમાં ધરાસણા ગામે રેતી ભરેલી ટ્રકના ચાલકો સાથે મારામારી થતાં ધોલાઈ બંદરેથી આવતી રહેતીને ટ્રકો બંધ કરી દેવા બાદ ગઈકાલથી ધોલાઈ બંદરેથી વલસાડના લીલાપુર ભદેલી ગામે ક્રિષ્ના નામના પ્લાન્ટમાં રેતી ભરી આવી રહેલી ટ્રક ચાલકે પૂર ઝડપે હંકારી કાબુ ગુમાવતા આગળ ચાલતા એક મહિલા અને પુરુષને અડફેટમાં લઈ તે પહેલા ટ્રક ચાલાકે ટ્રકને સાઈડે ઉતારી દીધી હતી. લીલાપુરના ક્રિષ્ના નામના પ્લાન્ટ પર રોજના ૧૦૦ થી વધુ રેતી ભરેલી ટ્રકો આવે છે જેમાં કેટલાક ટ્રકોમાં રોયલ્ટી પણ નહીં હોવાની ચર્ચા ઉઠી છે.

બીલીમોરા નજીકના ધોલાઈ બંદરેથી મોટા પ્રમાણમાં રેતીને ટ્રકો નવસારી બીલીમોરા ચીખલી વલસાડ અન્ય વિસ્તારોમાં ઓવરલોડ ભરી લઈ જતા હોય છે. આ રેતી સીધી પ્લાન્ટ ઉપર લઈ જવાય છે. જે બાદ આ દરિયા કે નદીની રેતી પ્લાન્ટમાં પાણીમાં ધોઈ પ્રોસેસ કરી સિમેન્ટની બોરીમાં પેકિંગ કર્યા બાદ તેને મહારાષ્ટ્રમાં વેચવામાં આવે છે.

બીલીમોરાના ધોલાઈ બંદરેથી રેતી ભરેલી ટ્રક વલસાડના લીલાપુર વધેલી ગામે આવેલા ક્રિષ્ના નામના રેતીના પ્લાન્ટમાં ટ્રક આવી રહી હતી તે દરમિયાન આરટીઓની ચેકિંગ હોવાથી ટ્રક ચાલાકે ધરાસણા ગામે એક ઘરની આગળ ટ્રક પાર્કિંગ કરવાના મામલે બોલાચાલી થયા બાદ મારા મારી થવાની ઘટના બનતા ડુંગરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાની ઘટના બની હતી. જે બાદ ધોલાઈ બંદરેથી વલસાડ તરફ આવતી ટ્રકો ચાર દિવસથી બંધ હતી ત્યારે ગઈકાલે સાંજે એક ટ્રકમાં ઓવરલોડ રેતી ભરી લીલાપુર ભદેલી ક્રિષ્ના રેતીના પ્લાન્ટ પર જતી વખતે ટ્રક ચાલાકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા આગળ રોડ પર ચાલી રહેલી એક મહિલા અને પુરુષને ટ્રક ચાલક અડફેટમાં લઈ તે પહેલા ટ્રકને શ્રીજી નામની બિલ્ડીંગ પાસે આગળ કાદવમાં ઉતારી દેતા મોટો અકસ્માત સર્જાતો બચી ગયો હતો. જોકે ટ્રકને બહાર કાઢવા માટે ક્રિષ્ના રેતી પ્લાન્ટમાંથી જેસીબી મંગાવી ટ્રકને બહાર કાઢી હતી. જોકે વલસાડના લીલાપુર ભદેલી ગામે ચાલતા ક્રિષ્ના રેતીના પ્લાન પર આખો દિવસમાં ૧૦૦ થી વધુ રેતી ભરેલી ટ્રકો આવતી હોય છે. તેમાં કેટલીક રેતી ભરેલી ટ્રકો ઓરલોડ હોવાથી તેમ છતાં તેઓની પાસે રોયલ્ટી પણ ન હોવાની ચર્ચાઓ ઉઠી છે.

## વાપી પાલિકાના સેવા સેતુ કાર્યક્રમમાં ૭૦૯ અરજીઓનો સ્થળ પર નિકાલ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૨૦:** વાપી નગરપાલિકા દ્વારા ડુંગરા ઝોન કચેરી ખાતે આજે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં નગરજનોની ૭૦૯ જેટલી અરજીઓનો વિવિધ સરકારી કચેરીના અધિકારીઓ દ્વારા સ્થળ પર જ નિકાલ કરી પારદર્શિતા વહીવટ અને ઉજાગર કરાયો.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર મુજબ તા.૨૨/૦૮/૨૦૨૪ અન્વયે સમગ્ર રાજયમાં 'સેવા સેતુ કાર્યક્રમ'(દસમો તબક્કો) ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જે અન્વયે વાપી નગરપાલિકા દ્વારા નગરપાલિકા કક્ષા દીઠ બે સેવા સેતુનું આયોજન કરેલ છે. જે અંતર્ગત આજે ડુંગરા ઝોન કચેરી ડુંગરા ખાતે સેવાસેતુનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સરકારી વિવિધ કચેરીઓ દ્વારા તેઓની સેવા આપવામાં આવેલ હતી. જેમાં આધાર કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, મેડિકલ સેવાઓ, નગરપાલિકાની સેવાઓ, ડીજીવીસીએલની સેવાઓ, આંગણવાડીની સેવાઓ, બેંકિંગ સેવાઓ, સમાજ કલ્યાણની સેવાઓ, આવક-જાતિના દાખલ, વિધવા-વૃદ્ધા પેન્શનની સેવાઓ વિગેરે જેવી સેવાઓ આપવામાં આવેલ. જેમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજના સેવા સેતુ કાર્યક્રમમાં અંદાજે ૭૦૯ જેટલી અરજીઓ નગરજનોની આવી હતી જેનો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

આજના આ કાર્યક્રમમાં વાપી નગરપાલિકાના પ્રમુખ પંકજભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ મનોજભાઈ પટેલ, પાલિકાના સભ્ય નિલેશભાઈ રાઠોડ, નયનાબેન પટેલ, દિનેશભાઈ યાદવ, વાપી નગરપાલિકાના માજી પ્રમુખ પારૂલબેન દેસાઈ, વાપી નગર પાલિકાના સભ્ય અને માજી કારોબારી અધ્યક્ષ મિતેશભાઈ દેસાઈ તેમજ વાપી નગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચીખલીના પીઆઈ તરીકે કે.એચ. ચૌધરીને મુકાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૨૦:** ચીખલી પોલીસ મથકમાં પીઆઈની ખુરશી સંગીત ખુરશી જેવી બની જવા પામી છે. છેલ્લા સાત-આઠ મહિનામાં ચાર પીઆઈની બદલી કરવામાં આવી છે ત્યારે ચીખલી પોલીસ મથકમાં સ્ટાફ અને તાલુકાની પ્રજા માંડ માંડ પીઆઈથી પરિચિત થાય એટલે નવા પીઆઈની નિમણૂક કરવામાં આવતી હોય છે.

નવસારી જિલ્લાના ચીખલી તાલુકા પોલીસ મથકમાં છેલ્લા કેટલાક સમયથી પીઆઈની ખુરશી માટે ચલક ચલાણી જેવી રમત રમવામાં આવી રહી છે. છેલ્લા સાત આઠ મહિનામાં એક અધિકારી તાલુકામાં અને પોલીસ કર્મચારીઓથી વાકેફ થાય એટલામાં બદલી કરી દેવામાં આવતી હોય છે ત્યારે ચીખલી તાલુકાની પ્રજા પણ ચીખલીના પીઆઇ કોણ એ કહેવું મુશ્કેલ બની જતું હોય છે જોકે ચીખલી તાલુકામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થતો હોય ત્યારે અવર નવર અકસ્માતોની સંખ્યા પણ વધુ રહેતી હોય છે એટલું જ નહીં પરંતુ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો તેમજ હાઈવે ઉપરથી દારૂ ભરેલા વાહનો પણ અવર-જવર કરતા હોય ત્યારે ચીખલી પોલીસ મથકમાં પીઆઇ તરીકે હાલમાં નવસારી ટાઉનમાંથી કે.એચ. ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે નવસારી એસઓજી અને ચીખલી પોલીસ મથકના પીઆઈનો વધારાનો હવાલો સંભાળતા એન.એમ. આહીરને વાંસદા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે.

### વાપી હાઈવે સર્વિસ રોડ પર કામ હાથ ધર્યુ: અણઘડ કામગીરીને કારણે ટ્રાફિકથી હાલાકી

## હાઈવે ઓથોરિટીએ બુદ્ધિનું પ્રદર્શન કર્યુ : ચોમાસું પુરુ થવા આવ્યું ત્યારે ગટરની સફાઈ યાદ આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૦ :** વાપીમાં ચોમાસુ પૂર્ણતાના આરે પહોંચ્યું ત્યારે હાઈવે ઓથોરિટીએ સર્વિસ રોડની વર્ષો જૂની વરસાદી પાણીની ગટર સાફ-સફાઈ કરવાની શરૂઆત કરતા સ્થાનિક દુકાનદારો તેમજ રાહદારીઓમાં ભારે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. તો અહીં માત્ર પ્રજાના રૂપિયા વેફડાઈ રહ્યા હોવાની પણ લોકોમાં ચર્ચા ચાલી રહી છે.



પ્રાપ્ત વિગત મુજબ હાલમાં વાપીના કોપરલી ચાર રસ્તા હાઈવે બ્રિજથી સલવાવ બિલખાડી સુધીની વરસાદી પાણીની ગટર બનાવવાની કામકાજ ચાલી રહ્યું છે. સાથે જીઆઈડીસી ચાર રસ્તાથી બલિઠા સુધીનો હાઈવે સર્વિસ રોડને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ પહોળો કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે ત્યારે હાલમાં જીવનદીપ હોસ્પિટલથી જલારામ મંદિર સુધીના વિસ્તારની હાઈવે સર્વિસ રોડની વરસાદી પાણીની ગટર કે જે વર્ષોથી એટલે કે જ્યારથી બની ત્યારથી આજ સુધી જેની સફાઈ કરવામાં ન આવી હતી તે ગટર તોડી તેના સ્થાને સર્વિસ રોડ પહોળો કરવાની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવાની છે. પરંતુ હાઈવે ઓથોરિટીએ બુદ્ધિનું પ્રદર્શન કરતા હોય તેમ પ્રજાના ટેક્સના પૈસાનો દુરોપયોગ કરાતો હોય તેમ આ વરસાદી પાણીની સર્વિસ રોડની જૂની ગટરના ઢાંકણા ઉખાડી દઈ ગટરની સાફ-સફાઈ કરવાની શરૂઆત કરી છે. તો શું આ હાઈવે સર્વિસ રોડને પોહળો કરતાં પહેલાં ગટરની સાફ-સફાઈ કરવી જરૂરી છે કે પછી આ ગટરને પુરી તેના સ્થાને નવો રસ્તો બનાવવો હોય તો આ બિનજરૂરી ખર્ચ હાઈવે ઓથોરિટી દ્વારા કેમ કરવામાં આવી રહ્યો છે તેવા અનેક પ્રશ્નો સ્થાનિક દુકાનદારો તેમજ રાહદારીઓ અને વાહન ચાલકો કરી રહ્યા છે.

## માલેગામની ટેન્ટ રિસોર્ટ નજીકથી અજગર મળી આવતા પ્રવાસીઓમાં દોડધામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૨૦:** ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારાની તળેટીય વિસ્તારમાં આવેલ માલેગામની વાઈલ્ડ હેવન ટેન્ટ રિસોર્ટ નજીક આજરોજ મહાકાય અજગર જોવા મળતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ મહાકાય અજગર નજીકનાં જંગલ વિસ્તારમાંથી ખોરાકની શોધમાં ફરતો ફરતો વાઈલ્ડ હેવન રિસોર્ટની ખુલ્લી જગ્યામાં આવી ચડતા આ મહાકાય અજગરને ત્યાં કામગીરી કરતા શ્રમિકોએ જોઈ પાડતા દોડધામ મચી જવા પામી હતી. જોકે રિસોર્ટ સંચાલકો દ્વારા તુરંત જ શામગહાન રેંજનો સંપર્ક કરાતા શામગહાન રેંજનાં આર.એફ.ઓ. ચિરાગભાઈ માછીની વનકર્મીઓની ટીમ અને એનિમલ સેવા ગ્રુપની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. અહી વનવિભાગ અને એનિમલ સેવા ગ્રુપની ટીમે મહાકાય અજગરનું રેસ્કયુ કરી પકડી લેતા સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો. બાદમાં વનવિભાગ અને એનિમલ સેવા ગ્રુપ દ્વારા આ મહાકાય અજગરને દૂરનાં જંગલમાં લઈ જઈ સુરક્ષિત રીતે છોડી મુક્યો હતો.

DAHANU BASED REPUTED FIRM REQUIRE

SITE - SUPERVISOR
Candidate with minimum 3 years of experience and knowledge on construction work.

ACCOUNTANT
(Male / Female) with qualification B.Com, with 2 to 5 years of experience and should be conversant with computerized accounting package along with knowledge of GST & TDS

OFFICE BOY
Male with qualification 10th / 12th pass having minimum 2 years of experience and knowledge of office day-to-day work. Knowledge of Dahanu / Mumbai area is must.

PEON
Male with qualification 10th pass having minimum 2 years of experience.

Apply with detailed Resume within 10 days from this Advertisement to
jitenagro@gmail.com. / OR CALL ON 022-61363636

## સોળસુંબાથી આસામની પરિણીતા ગુમ થઈ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૦:** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોલસુંબાની શિવમ વિહાર સોસાયટી ઈ-વિંગ, રૂમ નં.-૧૦૭ ખાતે રહેતા ૨૬ વર્ષીય સુનીયા સંજીબસ સિન્હા તા.૦૫-૦૯-૨૦૨૪ના રોજ મધ્યરાત્રિએ ૨-૩૦ વાગ્યે પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કશે જતા રહ્યા હતા. તેમની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરતા પણ કશે મળી આવ્યા નથી અને આજદિન સુધી ઘરે પરત ફર્યા નથી. ગુમ સુનીયા ગૌરવર્ણ, મધ્યમ બાંધો અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે કાળા કલરની કુર્તી, સફેદ કલરની લેગિંગ્સ તથા સફેદ કલરના સેન્ડલ પહેરેલા હતા. તેમના જમણા હાથ પર અંગ્રેજીમાં 'sanjib' લખાવેલું છે. જે હિન્દી, બંગાળી, આસામી અને મણિપુરી ભાષા જાણે છે. જે કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો ઉમરગામ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**